સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૪૯૬ | અંક : ૬ | સપ્ટેમ્બર - ૨૦૧૮

## શિક્ષક દિનની હાર્દિક શુભકામનાઓ...

# સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓની ઝાંખી

## શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય





## જે. એન. બાલિકા વિદ્યાલય






## શાંતિકુમાર કોઠારી વિદ્યાલય









# ઘરશાળા

**સપ્ટેમ્બર - ૨૦૧૮**

**વર્ષ : ૪૧ સળંગ અંક : ૪૯૬**

સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |


**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
**Email : gharashala@saraswatividyamandal.org**
**website : saraswatividyamandal.org**


## અનુક્રમ


| | | |
|---|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ | ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે | ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક | ૬ |
| ચારિત્ર્યની ઓળખ - સામાજિક ઉત્તરદાયિત્વમાં | મનસુખ સલ્લા | ૧૩ |
| પેરેન્ટિંગ ઉર્ફે માતાપિતાનું પ્રશિક્ષણ | રવીન્દ્ર અંધારિયા | ૧૫ |
| આમને સામને : સૌંદર્ય અને ઔદાર્ય | રણછોડ શાહ | ૧૭ |
| શિક્ષકોના યે શિક્ષક | પ્રવીણ દરજી | ૧૯ |
| ગુજરાતની સ્કૂલોમાં ફી નક્કી થાય તો શિક્ષણના સ્તરની ચર્ચા થાય | સિદ્ધાર્થ છાયા | ૨૧ |
| 'નઈ તાલીમ : ગઈકાલ, આજ અને આવતીકાલ' | ડૉ.દિનુ ચુડાસમા | ૨૨ |
| ગિજુભાઈ બધેકા : અસ્પૃશ્યતા નિવારણ અને દલિત કેળવણી | પ્રવીણ કે. મકવાણા | ૨૫ |
| ... અને ભોગવે ભોરિંગ | હરિત પંડ્યા | ૨૬ |
| નારી વિકાસ માટે સ્વામી વિવેકાનંદના વિચારો | ડૉ. પલ્લવી કે. શાહ | ૨૭ |
| ગિરનો સિંહ : સિંહનું સિંહાવલોકન | તખુભાઈ સાંડસુર | ૨૯ |
| મહેચ્છા મારી..... | અમિષાબહેન ભાવસાર 'અમી' | ૩૦ |
| Digitalization of education | મિતલ પટેલ "પરિભાષા" | ૩૧ |
| તાના રીરી | | ૩૩ |
| વૃક્ષારોપણ | રાજેશ બારૈયા "વનવાસી" | ૧૨ |
| સ્વતંત્ર ભારતમાં આજીવિકાની તકો અને સ્ત્રીનું સ્થાન | ગિરીશકુમાર આઈ. પટેલ | ૩૬ |
| નાસ્તો | | ૩૭ |
| વિદ્યાર્થી આલમ | | |
| અટલજીવન | પ્રજાપતિ નિધિ ગૌતમભાઈ | ૩૯ |
| કોણ મનુષ્ય ? | શેખ રમશા અબ્દુલ રશીદ | ૪૦ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા | ૪૧ |


## "ઘરશાળા" શૈક્ષણિક માસિક

**લેખક જોગ - વાચકો જોગ**

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## માનસિક સ્વાસ્થ્ય અંગે શાળાઓની નિષ્ફળતા

ઉત્તમ ભૌતિક સગવડો અને નિષ્ણાત શિક્ષકો ધરાવતી કેટલીય શાળાઓ પણ તેમનાં બાળકોનું માનસિક સ્વાસ્થ્ય જાળવવામાં નિષ્ફળ જાય છે. હા, તે શાળાઓનાં જાહેર પરીક્ષાઓનાં પરિણામો ઘણાં ઊંચાં આવે છે અને સમાજમાં ઉચ્ચ મોભો પણ જળવાય છે. વાસ્તવમાં ઊંચાં પરિણામો સિદ્ધ કરનારા વિદ્યાર્થીઓ માનસિક રીતે અસ્વસ્થ રહી જાય છે. પરંતુ તે અંગે શાળાના આચાર્ય સહિત કોઈને પણ કશો જ વસવસો રહી જતો નથી.

આવી નિષ્ફળતા મળવા પાછળ અનેક કારણો અને વિવિધ મુશ્કેલીઓ હોય છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે આત્મીયતા ન હોવાથી, પરસ્પરની સલામતી અને પ્રેમ જળવાતાં નથી. વિદ્યાર્થીઓમાં પણ પરસ્પરનો પરિચય, મૈત્રીસભર સંબંધો અને વિશ્વાસ ન હોવાથી તેમના વચ્ચે અતડાપણું અને વૈમનસ્ય રહે છે. તદ્ઉપરાંત શાળાની કેટલીક પ્રણાલિકાઓ અને કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ અનુકૂલન સાધી શકતા નથી. તેથી તેઓ સતત મૂંઝવણ લઘુતા, શરમ, ચિંતા, શોક, ડર જેવી અનેક લાગણીઓથી ઘેરાયેલા રહે છે. અસમાન સ્પર્ધાઓ, એકધારું મૂલ્યાંકન અને કક્ષા નક્કી કરવાની અયોગ્ય રીતો તથા વર્ગબઢતી આપવાની પદ્ધતિમાં કેવળ એક બાબતને ગણતરીમાં લેવાનું વલણ બધા જ વિદ્યાર્થીઓને માફક આવતું નથી. અવૈજ્ઞાનિક અધ્યાપન પદ્ધતિઓ, ભારરૂપ ગૃહકાર્ય આપવાનો રિવાજ તથા શિક્ષકોનું આપખૂદ વર્તન-વ્યવહાર અને આંધળી શિસ્તનું પાલન કરવા-કરાવવાની વિચારસરણી, વગેરેથી વિદ્યાર્થીઓનું મન મરી જાય છે. તેમને નથી મળતો આનંદ કે નથી દેખાતું હાસ્ય. આવી ઘણીબધી બાબતો વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય હણી લે છે.

જો શાળાઓ તેમની માનસિક સ્વાસ્થ્ય અંગેની નિષ્ફળતાથી વાકેફ થાય અને એ દિશામાં કંઈક કરવાની તત્પરતા દેખાડે તો, તેઓ જરૂર સફળ થઈ શકે. ચીલાચાલુ અધ્યાપન, પ્રણાલીગત પરીક્ષા, જડ શિસ્ત છોડી દઈ, મુક્ત વાતાવરણમાં વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવતો અનુસાર તેમને અધ્યયન કરવા દેવાનો અભિગમ અપનાવી વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય જાળવી શકાય.

# સંપાદકીય

**જ્યોતીન્દ્રભાઈ દવે**

## શિક્ષક દિને...

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને આજીવન શિક્ષક એવા ડૉ. રાધાકૃષ્ણનની યાદમાં આપણે દર વર્ષે ''શિક્ષક દિન'' ઉજવીએ છીએ. શિક્ષકોને વંદન કરીએ છીએ, બિરદાવીએ છીએ અને સમગ્ર રાષ્ટ્ર શિક્ષકનું ઋણ અદા કરવાનો પ્રામાણિક પ્રયત્ન કરે છે. આજે શિક્ષક દિને શિક્ષક હોવું એટલે શું તેનો વિચાર કરવો જરૂરી હોય તેમ અમને લાગે છે.

ભારતીય સંસ્કૃતિનું શિક્ષકનો મહિમા પ્રાચીનકાળથી છે. આપણી શાળાઓમાં ગુરુવંદનાનો ખૂબ જ જાણીતો શ્લોક નિયમિતપણે ગાવામાં આવે છે.

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુદેવો મહેશ્વરાઃ**

આ શ્લોકથી આપણે સૌ પરિચિત છીએ. ગુરુ સ્રોત્રમાં સદ્‌ગુરુના સ્વભાવગત ગુણોની યાદી છે. અને આવા ગુણ સંપન્ન ગુરુને અમે વંદન કરીએ છીએ તેવો ભાવ છે. ગુરુ એ પરબ્રહ્મ સ્વરૂપ છે, શિષ્યોને સુખ આપનાર છે, દ્વંદ્વોથી મુક્ત છે, આકાશ જેવા વિશાળ છે, નિત્ય છે, નિર્મળ છે, નિર્લેપ છે, અચલ છે. સર્વભાવોથી મુક્ત છે. તેમજ સાચા અર્થમાં શિષ્યને પરબ્રહ્મની સમજ આપનારો અને દર્શન કરાવનારોછે.

અંતમાં અંધકારરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં લઈ જનારા, યોગ્યજ્ઞાન માટે અમારી આંખો ખોલનારા એવા ગુરુને અમે નમસ્કાર કરીએ છીએ.

ઉપરોક્ત ભાવાર્થ વાંચતા આપણને જરૂર એક પ્રશ્ન થાય. આપણામાંથી કેટલા શિક્ષકોમાં સ્વભાવગત લક્ષણો છે ? પ્રાચીનકાળનું ગુરુ અંગેનું સ્રોત્ર વર્તમાનકાળમાં કેટલું તર્કસંગત છે. તેનો પણ વિચાર કરવો રહ્યો. આદિકાળમાં ગુરુઓનું મુખ્ય કાર્ય ભણવું અને ભણાવવાનું હતું. આજે પણ શિક્ષકોના આ મુખ્ય કાર્યોમાં કોઈ ફેરફાર થયો નથી.

હા, સમય અને સમાજની જરૂરિયાત પ્રમાણે તેમાં બદલાવ જરૂર આવ્યો છે, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી ગઈ, જ્ઞાન (શિક્ષણ)નો વ્યાપ વધ્યો, માનવજીવનશૈલીમાં પરિવર્તનો આવ્યા. પરિણામે શિક્ષણ પ્રણાલીમાં ફેરફારો થયા અને છતાં શિક્ષણના વિકાસ અને વિતરણમાં શિક્ષકની ભૂમિકા કેન્દ્ર સ્થાને રહી છે. સમાજમાં આદર્શ શિક્ષકની છબીમાં અને તેના આભાવર્તુળ (ઓરા - AURA)માં કોઈ ફેર થયો નથી. આજે પણ સમાજ શિક્ષકને એક આદર્શ વ્યક્તિ તરીકે જોવા ટેવાયેલો છે.

ઉપરોક્ત પરિસ્થિતિમાં શિક્ષકની પણ એક ફરજ બને છે કે તેના વ્યક્તિત્વમાં તેના ગૌરવને અને તેની AURAને જાળવે. બદલાતા સમાજમાં સ્ખલનો આવ્યા છે. તેની અસર શિક્ષક ઉપર પણ થાય તે સ્વાભાવિક છે. શિક્ષક એ એક અસાધારણ વ્યક્તિ છે. જો તમે અસાધારણ નથી તો તમે શિક્ષક થવાને લાયક નથી. શિક્ષકો તેમની પ્રતિભા વ્યક્તિ અને ગૌરવને ઉજજવળ રાખશે તો જ શિક્ષક દિનનું ગૌરવ સચવાશે. આ અંગે સૌ ગંભીરતાથી વિચારે તે જ શિક્ષક દિનનો સંદેશ છે.

# સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

**મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.**

## શિક્ષક સંઘનો શુભારંભ

**શિક્ષક મંડળી બને સંસ્થા પરિવાર :**

દરેક પળે મોટું થતું બાળક સમજવાને માટે શિક્ષકોએ પરિવાર બનવું પડે.

"જો પ્રયત્નો કર્તવ્યપૂર્ણ મનુષ્યના તો વરસે મધુરી ઈશ્વરકૃપા"

વહેલું પ્રભાત ધરતી પર અજવાળું પાથરે, પાથરે ત્યાં તો પંખીઓનો સુકોમળ મીઠો કલરવ વાતાવરણમાં ચારેકોર ફેલાઈ જાય. એ કલરવ માનવીને પોતાની ફરજો તરફ પ્રયાણ કરવા પ્રેરે.

આવા જ નિર્દોષ યુવાન બાલ-બાલિકાઓ ઘડિયાળમાં ૧૧ વાગતાં પહેલાં સરસ્વતીની આરાધના કરવા વિદ્યાલયના આંગણમાં પ્રવેશતાં. એમના પ્રવેશ સાથે જ, શાળાના ખૂણે ખૂણામાં ચેતના વ્યાપી જતી. મકાનની દરેક ઈંટમાં પ્રાણ પૂરાતો. આ ચેતના અમને અમારું કર્તવ્ય બજાવવા જાગ્રત કરી દેતું. અને અમે સ્વગત બોલતાં : શિક્ષક બન્યો છે તો ચાલ જાગ્રત થા. ચેતનાસભર બાળકોને ચીંધજે માર્ગ.

**બાળકો અને અમે :**

સરસ્વતીમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે, સાથે સાથે સંખ્યાનાં પ્રમાણમાં શિક્ષકોની સંખ્યા પણ વધતી ચાલી. અમને વિશ્વાસ બેસવા લાગ્યો કે વાલીઓમાં શાળા માટે શ્રદ્ધા વધવા લાગી છે. શાળામાં બાળકોને મૂકવા આવતા કે લઈ જતાં વાલીઓના મનમાં રહેલો વિશ્વાસ, તેમની નાની નાની રિમાર્કમાં પ્રગટ પણ થતો અને વધતો પણ દેખાતો હતો. તેથી અમારું મન રાચતું. પરંતુ સાથે સાથે એમ પણ થતું કે આ બાલ-યુવાનોના ભવિષ્ય માટે અમે શિક્ષક તરીકે હજુ વધારે શું કરી શકીએ ? "કંઈક ખૂટે છે" એવો પ્રશ્ન મનમાં સાહજિકપણે ઊઠતો. અમે મનને પૂછતાં, વારંવાર પૂછતા, કહેતા," શું ખૂટે છે ? શું ખૂટે છે ?"

"હે મન જે ખૂટે છે તે શોધી કાઢ."

શાળાનો ઘંટ વાગે, સમયસર વાગે. વિદ્યાર્થીઓ પોતાનું ઘરકામ કરીને લાવે. શિક્ષકો ભણાવવાના પાઠો સારી રીતે તૈયાર કરીને લાવે. સારી પદ્ધતિથી ભણાવવા પ્રયત્ન કરે. એ પણ અમે જાણતા, છતાં મનમાં એવા વિચાર આવ્યા કરતા, "શાળા શું ? બાળકોને માત્ર પાઠ્ય-પુસ્તકો ભણાવવા માટે જ ચાલે છે ? એટલા માટે શું સૌ શિક્ષકો બને છે ?"

અને આવા પ્રશ્નો મનમાં ભારે અકળામણ ઊભી કરતા.

**અનુકૂળ વાતાવરણનું સર્જન કેમ કરીશું ?**

શાળાના પ્રાંગણમાં બાલ-મંડળીઓની મંડળીઓ, પ્રાર્થના શરૂ થતાં પહેલાં, પ્રફુલ્લ અવાજો સાથે દોડાદોડી કરતી. આ દૃશ્ય રઘુભાઈ ક્યાંય સુધી જોઈ રહેતા. મને લાગતું કે જરૂર એમના મનમાં કંઈક તરંગોનાં મોજાંઓ શરૂ થયાં હોવા જોઈએ. આમ હું વિચારતી હતી ત્યાં જ રઘુભાઈનો એ 'વિચારપ્રવાહ' બહાર આવી જ ગયો અને કહેવા લાગ્યા.

"આ હસતાં, રમતાં, દોડતાં બાળકો તરફ તો જુઓ. એમને જોશો તો ખ્યાલ આવશે કે તેઓ રોજ દોરા બે દોરા ઊંચા થતા લાગે છે. તેમના મુખ ઉપર તેમના પ્રાણની ચમક પણ વધતી જાય છે. આપણાં સંસર્ગનું એ એક સ્પષ્ટ નિશાન છે." બે પળ શાંત થઈ ગયા અને પાછા કહેવા લાગ્યા.

"પણ હવે શું ?"

"આટલેથી જ અટકી જઈશું ?"

માત્ર પરીક્ષાઓ પાસ કરાવવી - પાઠો ભણાવવા ?

એથી શું સંતોષ થશે ?

કવિ ન્હાનાલાલ તો શક્તિથી ભરપૂર બાળકોને પ્રભુના પયગંબર કહે છે. આમાંથી જ તો કોઈ મોહનદાસ ગાંધી બનશે ? અથવા સરદાર વલ્લભભાઈ બનશે ? ભાવનગરની શામળદાસ કૉલેજવાળા પેલા અધ્યાપક મને કહેતા કે "રોજ મોહનદાસ મારી સામે જ પાટલી પર બેસતો અને હું વર્ગમાં પહોંચતાં જ મારા ભાષણનું ગ્રામોફોન ચલાવતો (બોલ્યા કરતો). મેં કદીયે નવરાશ કાઢીને વિચાર્યું ન હતું કે "એ મોહનદાસ એક સમયે 'મહાત્મા ગાંધી' થશે. હું ઘરડે ઘડપણ પણ પ્રેમથી એમને પગે પડવા જઈશ." આ મહાત્મા જ માત્ર નહીં, કોઈ મુખ્યપ્રધાન (ચીફ મિનિસ્ટર) બળવંતરાય મહેતા કે જીવરાજ મહેતા પણ બનશે. અથવા કોઈ મોટી મ્યુનિસિપાલિટીનો મેયર પણ બનશે. કોઈ વેપારી મંડળનો પ્રમુખ થશે.' તો કોઈ વળી દક્ષિણામૂર્તિ વિનયમંદિર જેવી પાયોનિયરિંગ અને યુનિક શાળાના આચાર્ય થશે. જેની પ્રયોગશાળામાંથી કેટલાયે પોમિસિંગ બાળકો સર્જાયા હતા. વળી પ્રોફેસર એવું પણ કહેતા, "મારે તો ભાષણ કરવાની તૈયારી કરવી અને ભણાવી દેવાનું. વિદ્યાર્થીઓએ સાંભળવાનું, કોણ કેવા નીવડશે એ વિચારવાનું મારે મન ગૌણ હતું."

"આમ એ અધ્યાપકની વાત યાદ આવે છે ત્યારે મારા મનમાં થાય છે; બાળકોની આંખોમાંના અરમાનો તેમને દેખાતા ન હતા અને જોવાની તસ્દીયે લીધી નો'તી. આમ રઘુભાઈના મનમાં એ પુરાણો પ્રસંગ આજે તાજો થતો હતો. આવા પ્રસંગોમાંથી પાઠ ભણવાનું એમના મનમાં થતું.

**આપણે બે એકલા શું કરી શકીએ ?**

દરેક બાળકમાં - દરેક યુવાનમાં અનેક અદ્ભુત શક્તિઓ છૂપાયેલી હોય છે. એ શક્તિઓને બહાર લાવીને, યોગ્ય રીતે વાળવાનું અને વિકસાવવાનું કામ શિક્ષકોનું છે અને એ જ મહત્ત્વનું છે. પેલા કૉલેજના અધ્યાપકની વાત યાદ કરીએ તો બાળકોના સર્વાંગી વિકાસ તરફ જ વધારે ધ્યાન આપવું પડશે - એવો દૃઢ નિશ્ચય કરીને અમલમાં મૂકવાનું કાર્ય ચાલુ કરવું જોઈએ. બાળ-વિકાસ માટે અનુકૂળ સંયોગો ઊભા કરવામાં જલદી કાર્યરત બનવું એ જ મહત્ત્વનો માર્ગ છે.

"જુઓ, આપણે, શાળામાં અનેક નાનાં નાનાં પરોક્ષ સૂચનો દ્વારા દોરવણી આપીએ છીએ. અને હું જરૂર જણાતાં દોરવણી આપવાનું ચૂકતો નથી. દા.ત. ઉપાસનામાં સમૂહકવાયત, શિસ્ત, સાંઘિક-રમતો, સમાજના અમુક પ્રસંગો, સીમંત-વિવાહ, મરણભોજન એવામાં ભાગ લેવાની રજા ન લેવી જોઈએ. વળી, વિદ્યાર્થીઓ માટે ઘણી પ્રવૃત્તિઓનો વધારો પણ કરવો જોઈએ. દા.ત. હૉસ્પિટલોની મુલાકાત, અનાથઆશ્રમની મુલાકાત, અંગત સ્વચ્છતા અને શાળાનો બગીચો / નાટકો - વગેરેની પ્રવૃત્તિ વધારવી જોઈએ. જેથી બાળકોને સમાજનાં કાર્યો કરવાની પ્રેરણા મળે. અરસપરસ રિસેસમાં થતા ઝઘડાઓ તરફ પણ ધ્યાન દોરીને તેમને બીજે માર્ગે વાળવા જોઈએ. રસ્તા ઉપરની ખુલ્લી લારીઓમાંથી ખાવાનું ખાવામાં કેવા રોગો થાય છે એ તરફ એમનું ધ્યાન દોરવું જોઈએ. આ અને આવી અનેક બાબતો રોજના જીવન સાથે સંકળાયેલી છે. આ દરેક બાબતો બાળકો માટે અભ્યાસક્રમ પાઠો કરતા વધારે મહત્ત્વની છે.

જીવનની સાથે સંકળાયેલી બધીયે બાજુઓનો સામનો તેઓ કરી શકે એ શિખવવાનું કામ આપણું છે. બગીચામાંના નાના છોડને જેવી કાળજીથી આપણે ઉછેરીએ છીએ એવી જ કાળજી, મન અને હૃદયવાળા બાળકો માટે રાખવાનું કામ કે ફરજ આપણા શિક્ષકોની છે.

ભાવિ જીવનમાં ઊભા થતાં દરેક પ્રશ્નો વિશે થોડી તૈયારી કરાવવી, થોડી સમજણ ઊભી કરવી અને જીવનનું ભાથું બંધાવવું એ પાઠો પરીક્ષા કરતાંયે વધારે અગત્યના છે.

આ બધી વાતો, અનાયાસે, શિક્ષકો સાથે બેઠા હોઈએ ત્યારે આપણા વિચારો તેમની સમક્ષ મૂકીએ છીએ. વાલીઓને પણ કહીએ છીએ. શાળાના મેદાનમાં,

કલાસરૂમની બહાર, રમતના મેદાન ઉપર નાની ચર્ચાઓ દ્વારા દોરણવી અપાય છે. ઇત્તર પ્રવૃત્તિ કરતી વખતે પણ થોડી દોરવણી પૂર્વ તૈયારી માટે આપીએ છીએ.

આ બધી યે વાતોને બાળકનાં શાળા જીવનની આસપાસની પૂરક પ્રવૃત્તિઓ બનાવી શકીએ તો ? કેવું સરસ ?

તો શું આચાર્ય, ઉપાચાર્યએ માત્ર સરક્યુલર કાઢીને જ આ બધું સમજાવવું ? કાગળ-પેન્સિલ કેટલી સમજણ ઊભી કરી શકે ? તો પછી ?

તો પછી આપણે બે જણા એકલાં શું કરી શકીએ ? માત્ર આચાર્ય તરફથી આદેશો જ આપવા પડે તો એ તો અર્થ વિનાનાં - યંત્રવત્ કાર્યો બને છે.

"આપણે બે એકલા શું કરી શકીએ ?" એ પ્રશ્ન મનમાં જોરથી ઊઠ્યો. "ના, આપણાં મનમાં રહેલી કામ કરવાની ભાવનાઓ શિક્ષકોને સમજાવવી પડશે. તો જ એક સરખું કામ થઈ શકશે. શિક્ષકો સાથે બેસીને જ - દરેક કામની સમજણ ચર્ચા દ્વારા ઊભી કરીને કાર્ય કરવાનું અર્થસાધક બની શકે." અને તરત જ મારા મનમાં વિચાર સ્ફૂર્યો. "તમે ઘરશાળામાં કામ કરતાં ત્યારે શિક્ષકોની સભા કરીને દરેક વાત સમજાવતા. એથી સૌની સરખી સમજણથી કામ થતું એવું કંઈ થાય ?

"શિક્ષાકો અને ઑફિસના સ્ટાફ વચ્ચે પણ સમજણપૂર્વક કામ થાય તો સંસ્થાના બંને પૈડાંઓ સમાંતર ચાલે ખરાં ? રઘુભાઈ તો તરત જ બોલ્યા. "હા વિચાર સરસ છે. પણ પહેલા એક વખત શિક્ષકો સાથે બેસવું જોઈએ ને ?"

તેમને મારી વાત ગમી ગઈ. "બાળકોને યોગ્ય દોરવણી આપતાં પહેલાં - શિક્ષકોને પણ વિચાર કરતા કરવા પડશે. કેળવણીની દૃષ્ટિને જાગ્રત કરવાની રહેશે. અને એ કામ આપણી પવિત્ર ફરજ છે." તુરત જ મારાથી ઉત્સાહમાં બોલાઈ ગયું.

"તો પછી આવતા શનિવારે સવારની શાળા થોડી વહેલી પૂરી કરીએ પછી તરત જ કલાક દોઢ કલાક આપણે ભેગા બેસીને વાતો કરીએ તો ? ૧૧ વાગતાં જ શાળા પૂરી અને સૌ ભેગા મળીએ."

"વાહ સરસ વિચાર છે. તેમને મારું સૂચન ગમી ગયું. પણ સભા બોલાવતા પહેલાં શિક્ષણમાં રસ ધરાવનાર, વિદ્યાર્થી પ્રિય એવા બે પાંચ શિક્ષકોને આ વાત કરીએ તો ?"

આમ આ વાત સૌથી પહેલાં અમે હિંમતભાઈ અને વિઠ્ઠલભાઈને કરી. તેમને એ વિચાર ગમ્યો. આ વિચાર તેમણે બંનેએ આવકાર્યો અને એ રીતે સરસ્વતીમાં શિક્ષકોની સાપ્તાહિક સભાઓ શરૂ થઈ.

**પ્રાતઃ સંમેલન (ઉપાસના)**

ત્યાં તો ઉપાસનાનો ઘંટ વાગ્યો. અમે સૌ પ્રાર્થનાખંડમાં ગયાં. તાનપુરામાંથી સ્વરો ગુંજી રહ્યા હતા. સ્ટેજ પાસે મૂકેલ નાના ટેબલ પર એક ફૂલદાનીમાં ફૂલો વાતાવરણને સુંદર બનાવી રહ્યાં હતાં. અગરબત્તીની સુગંધ પ્રાર્થનાખંડમાં ચોમેરે ફેલાઈ રહી હતી. પ્રાર્થનાને અનુકૂળ વાતાવરણ પ્રસર્યું હતું. શાળા શરૂ થાય ત્યારે પ્રારંભમાં જ એકવાર બધા ય બાળકો અને શિક્ષકો ભેગા મળતા અને રોજ નાની વાતોમાંથી ઉન્નત હેતુઓની સમજણ અને ચિંતન કરતા. સંગીત અને ગીતના શબ્દો આ હેતુની વધારે જાણે સમજણ ઊભી કરતા. તેથી પ્રાર્થના-ગીત આ હેતુઓની સમજણ ઊભી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવતું. ઉપાસનાને અંતે આચાર્યનું કથન પૂરું થયું અને વર્ગમાં જવા સૌ છૂટા પડ્યાં.

વિદ્યાર્થીઓ વર્ગ તરફ લાઈનમાં જતા હતાં. અમે અમારી ઑફિસમાં જતાં હતાં ત્યાં જ વચ્ચે શિક્ષકખંડની બહાર શિક્ષકો ઊભા હતા. પ્રાર્થના પછી સૌ સરસ મૂડમાં હતા. તેઓ એ મંડળી પાસે પહોંચ્યા, એટલે હિંમતભાઈ કહે "આ બધા જ શિક્ષક મિત્રો અહીં ઊભા છે, તો તમારા વિચારોની વાત કરોને. વિદ્યાર્થીઓને વર્ગમાં જતાં-બેસતાં થોડો સમય લાગશે."

તુરત જ રઘુભાઈ કહે, "આપણી સંસ્થાના રોજ-બરોજનાં કામો અંગે ભેગા થવા માટે આવતા શનિવારે આપણે સૌ ભેગા મળીએ તો ? મળી શકીએ એવી મારી ઈચ્છા છે."

પછી રઘુભાઈએ સાત-આઠ મિનિટમાં પોતાના વિચારો સમજાવ્યા. અને ત્યાં ઊભેલી મંડળીમાં લગભગ મોટા ભાગના શિક્ષકો શિક્ષણપ્રેમી અને વિદ્યાર્થીપ્રેમી હોવાથી આ વાત તેમણે સ્વીકારી લીધી.

"અને શનિવારે બરાબર ૧૧-૦૦ વાગે સૌ ભેગા થઈ જઈશું." જગદીશભાઈ પાઠકે સૌને કહી દીધું." તો પછી હવે કાળ પર સૌને જણાવવાની જરૂર નથી ને ?" મેં પૂછ્યું.

કાંતિભાઈ શુકલ કહે, "શિક્ષકખંડમાં જે બ્લેકબોર્ડ છે એના ઉપર આ વાત અને આમંત્રણ હું આપી દઈશ."

"એ તો બહુ સરસ" રઘુભાઈ બોલી પડ્યા. આમ વાત પૂરી થઈ સ્વીકારાઈ ગઈ. અમે સૌ છૂટા પડતા હતા ત્યાં જ હિંમતભાઈ કહે, "બહેન ! સૌ શિક્ષકો પહેલી જ વાર ભેગા થાય છે તો તમારે એમને સૌને 'મોં' ગળ્યું કરાવવું જોઈએ."

"હા, ભોજન મારા તરફથી. સૌએ ૧ વાગ્યે જમવાનું છે." આમ સૌને આવકાર મળતાં અમારું મન આનંદથી નાચી ઊઠ્યું. હવે અમે શનિવારની રાહ જોવા લાગ્યા.

**રોજબરોજની અમારી આ પહેલી સભા**

શનિવાર આવ્યો (શાળા શિક્ષકનો ફાળો)

લ્યો શનિવાર આવી ગયો. હવે સંસ્થાના સૌ કાર્યકરો ભેગા મળીને શિક્ષણનો વિચાર કરશે. સૌનો સાથ મળશે. ૧૧ વાગ્યા અને શાળા પૂરી થઈ. અને પાંચ-સાત મિનિટ પછી અમે સભાખંડમાં પહોંચ્યાં. ત્યાં અમે શું જોયું ? કોઈ શિક્ષકે ફૂલદાની મૂકી હતી. અગરબત્તીમાંથી સુગંધ ફેલાઈ રહી હતી. સંગીત શિક્ષક તો હારમોનિયમ લઈ આવીને બેઠા હતા. સૌના ચહેરા પર જિજ્ઞાસા જણાતી હતી. બધાય ગોઠવાઈ ગયાં. સંગીત-શિક્ષકે ગીત શરૂ કર્યું.

"આજ મિલે સબ ગીત ગાઓ ઉસ પ્રભુ કે"
નવા વિચારોને આવકારવા જાણે સંગીત સ્વરોએ વાતાવરણ સર્જ્યું.

સંગીત પૂરું થતાં જ શ્રી વિઠ્ઠલભાઈ ઊભા થયા.

શિક્ષક મિત્રો,

આજના શિક્ષકમિલન અંગે શ્રી રઘુભાઈ અને જશીબહેન સાથે તુટક તુટક બે ત્રણ વાર આપણે વાતો થઈ છે, અને તેથી મળવાનું કારણ આપણે જાણીએ છીએ. શ્રી હિંમતભાઈએ તો છેલ્લા પાંચ-સાત દિવસથી વારંવાર આ વિચારની વાતો કર્યા જ કરી છે. અને એ વાતો દરમિયાન જ આ મિલન વિચારને તમે સૌએ આવકાર્યો છે એ બતાવે છે કે શિક્ષણમાં કાયમ નવા નવા ફેરફારો માટે આપણે તૈયાર છીએ. રોજબરોજના કામમાં આપણી સૌની સમજણ વધે એની ચિંતા આ બંને જણને થતી હતી. કાયમ આપણા કામોમાં શૈક્ષણિક તત્ત્વ રહે એવી ઝંખના તેઓને રહે છે. આથી એ હેતુ સફળ થાય એ માટે આજનું મિલન ગોઠવાયું છે.

હવે હું તો તેમને જ આ વિચારો સ્પષ્ટ કરવા, અને આપણાં કામમાં વધારો સમજણ ઊભી કરવાની વિનંતી કરું છું.

ચાલો સૌ મળીએ - વિચારીએ."

તરત જ જગદીશભાઈએ પણ શાળાની પૂરક-પ્રવૃત્તિઓમાં પ્રાણ પૂરવા માટે મુ. શ્રી આજે આપણને દોરવણી આપે એમ ઈચ્છું અને રઘુભાઈ ઊભા થયા. એમના અવાજમાં તો પહેલેથી જ ગંભીરતા હતી.

શિક્ષક મિત્રો !!!

શિક્ષક મિત્રો, કહું ? સાથીદારો કહું ? ભાવિ બાળકોના ઘડવૈયા કહું ? શું સંબોધું ? પણ મારા મનમાં તો એક વિચાર વધારો જોરથી આવે છે કે "ચાલો આપણે સૌ એક ટીમના રમનારાઓ બનીને બાળકોના જીવનને આગળ ધપાવીએ. તેમના જીવનમાં આવતી અનેક મુશ્કેલીઓને - ઝીલતા શીખવીએ. નાગરિકતાનું જીવન શિક્ષણ આપીએ."

શાળામાં જે કોઈ પ્રવૃત્તિઓ ચાલે છે એને સમૃદ્ધ બનાવીએ. આપણા બાળકોને બની શકે એટલું આપીએ - પણ પહેલાં તો તમે સૌ મળવા સંમતિ આપી અને મળવાનું સ્વીકાર્યું એનો આભાર માનું છું.

શિક્ષણસંસ્થાઓ માટે રોજ-બરોજના કરવાના કામો અને કામો માટેની સમજણ ખૂબ જ જરૂરી છે. દરેક કામ પાછળ કંઈક નાનકડો પણ સિદ્ધાંત છે. ફિલોસૉફી છે. આ સિદ્ધાંતને ચર્ચી લેવી ખૂબ અગત્યની છે કારણ તેથી સમજણ આપણામાં જ વધે છે.

ચર્ચા કરીને, સમજીને કરેલ કામો ઉપયોગી બને છે. પણ પછી એ ચર્ચીને એના ઉપર પૂરી સમજણ કેળવ્યા પછી એ કાર્યમાં સફળતા મળે છે. પછી નિર્ણય લેવો ઉપયોગી બને છે. આ રીતથી કામ સારું જરૂર થશે એવો મારો અનુભવ છે.

સૌની સમજણ, સૌના અભિપ્રાયો અને તેનો નિચોડ એટલે લોકશાહી. વર્ષો પછી ઘણાં દેશમાંથી રાજાશાહી ગઈ અને લોકશાહી આવી. કારણ લોકશાહી વધારે આદરણીય પ્રથા છે. એવું સ્વીકારાયું છે.

કરવાનું કામ અગાઉથી ઓળખવું હોય, તેને કઈ રીતે કરવું ઠીક પડશે એની વિચારણા કરી હોય, તો તે કામનો હેતુ પણ સમજાશે. જે હેતુ માટે કામ હતું. - એની સાધના પણ કરવાનો માર્ગ ખૂલશે.

આ નવી રીતમાં એ સાધના સમજણ ઊભી કરશું. આપણે સૌએ સવારથી સાંજ સુધી કામ કરવાના હોય છે. એ કામ શાળાના આચાર્યના હુકમથી થાય એના કરતાં સૌની સંમતિથી થાય તેમાં આસમાન-જમીનનો ફરક છે. અને આપણી શાળાનાં કાર્યોમાં, શાળા સંચાલનમાં સૌ સમજીને કામ કરીએ એ વાત મુખ્ય છે. દરેક પ્રવૃત્તિ પાછળની ફિલોસૉફી અને હેતુ ભેગા મળીને સમજીએ.

આપણે રોજ સવારે ભેગા મળીએ છીએ.

સામૂહિક ઉપાસના કરીએ. વર્ગોમાં જઈએ. પાઠો ભણાવીને શિસ્તનો આગ્રહ રાખીએ. વ્યવસ્થાનો આગ્રહ રાખીએ, પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ ભાગ લે એવો આગ્રહ રાખીએ. દરેક બાળક વિચારશક્તિ ધરાવે છે એ સમજીએ. તેના વિકાસ માટે કંઈક કરીએ. દરેક બાળકના મનમાં કંઈક અરમાનો ભરેલા છે તે સમજવાનો સતત પ્રયત્ન કરીએ. સરકાર શાળાઓ ચલાવે છે એની પાછળના હેતુઓ પણ સમજીએ.

આમ, આ બધાય કાર્યો અને સમજણને કો-ઑર્ડિનેટ કરીએ. કો-ઑર્ડિનેટ કેવી રીતે કરીએ તે પણ વિચારીએ. તે મુજબ આપણી ટીમ રોજ-બરોજના કામ કરતી હોય, તો કાર્યોનું પરિણામ જરૂર ઉજ્જવલ આવશે. આપણે પણ ગૌરવથી માથું ઊંચું રાખી શકીશું. તો મિત્રો, આજથી આપણે હવે આપણાં કામોનું આયોજન સાથે મળીને કરીએ એવી મારી વિનંતી છે. ટીમના કાર્યકરો સક્રિય બને એવી વિનંતી છે. આપણી ટીમનું કામ ઉજ્જવલ બને અને ટીમ મજબૂત બને એ માટે સૌ મનથી સહકાર આપે. તો દોસ્તો ! આજે જે રીતે વિચાર કર્યા છે એ દૃષ્ટિએ સૌ ભેગા મળીને આયોજન કરીએ. એ આયોજન આચાર્ય કે તંત્રનું નહીં, આપણા સૌનું બને. અને કદમ કદમ આગળ વધીએ.'' પોતાની વાત કરીને રઘુભાઈ પોતાના સ્થાને બેસી ગયા. શિક્ષકોનાં ચહેરા ઉપર કંઈક નવા ભાવો ઊભરાતા દેખાતા હતા. એટલું જ નહીં પણ એકાદ બે વિદ્યાર્થીપ્રિય શિક્ષકની આંખો ભીની થયેલી દેખાઈ.

સભામાં ઘડીભર અદ્‌ભુત શાંતિ છવાઈ ગઈ. પણ થોડી પળોમાં જ જ્યંતીભાઈ મહેતા ઊભા થયા. તેઓ સરસ્વતીના નિષ્ણાત ભૂગોળ શિક્ષક હતા. તેમના મનમાં ઉભરાતા વિચારનો પ્રવાહ બહાર આવ્યો. ''હું ભૂગોળનો શિક્ષક છું. આજની વાત સાંભળ્યા પછી મને લાગે છે કે હું હવે માત્ર ભૂગોળનો જ શિક્ષક નહીં રહું. ભૂગોળને ભણાવતા ભણાવતા પણ વધારે બાળકોનો, માનવસમૂહનો શિક્ષક બનીશ. ભૂગોળ ઉપરાંત મારો વર્ગ, મારા બાળકો તેમનું શિસ્ત, તેમનાં ઘરનું વાતાવરણ બધુંયે સમજવાના પ્રયત્નને હું મુખ્ય બનાવીશ. ભૂગોળના પાઠો દ્વારા પણ

ભૂગોળ એક મોટો અને વિશાળ વિષય છે. એ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરીશ.

જયંતીભાઈનું બોલવાનું પૂરું થતાં થતાં - વિજ્ઞાનના શિક્ષક ઊભા થયા. આજે એમનું નામ બરાબર યાદ નથી પણ તેમના વિચારો ભૂલી નથી.'' દોસ્તો, મને પણ આજે મનમાં ખૂબ જ વિચારો ઊભરાય છે. વિજ્ઞાનના પાઠોને આપણાં રોજિંદા જીવન સાથે સાંકળી લઈશ. ઘરમાં બનતી રસોઈ, ઊકળતું પાણી કે દૂધના નિયમોનું તાપમાન પણ શિખવીશ. ઉપરાંત જ વિજ્ઞાનની શોધો વિશે ઇત્તરપ્રવૃત્તિમાં પણ કાર્યક્રમો શરૂ કરવાનું કે પ્રદર્શન કરવાનું શરૂ કરીશ. દાક્તરો કેવી શોધો પર કામ કરે છે, હૉસ્પિટલોમાં વિજ્ઞાન કેવું મદદરૂપ છે. બધુંયે સમજાવીશ અને મારું શિક્ષણ વિદ્યાર્થીને જીવનમાં વાસ્તવિક બને એવું કરીશ.''

એ બેઠા અને તરત જ નાનાં બાળકોની શ્રેણી ૫,૬,૭માં ભણાવતાં બહેન કાંતાબહેન સુખલાલ શાહ ઊભા થયા. બોલ્યા ''શાળાના કામોમાં રઘુભાઈએ આપણી પાસે સૂચનો તો માગ્યાં જ છે, અને રોજબરોજના કામમાં આપણે સૌ એકબીજાને સમજીને કામ કરીએ અને ટીમ બનાવીએ. એમના એ વિચારો શૈક્ષણિક છે. હું તો બે ત્રણ વિષયો નાના નાના બાળકોને ભણાવું છું. એટલે મારી આપ સૌને વિનંતી છે કે મારા નાના ભૂલકાઓને ભણાવવા આવો ત્યારે એમની સમજણના સ્તર સુધી જઈને ભણાવશો તો એક એક પાઠમાં તમે સફળ થશો. તેઓ પણ આગળ વધશે. ''નાના બાળકોનાં સ્તર સુધી જઈને ભણાવવાની તેમની વાત મારાં હૃદયને સ્પર્શી ગઈ. મનમાં થયું કે આવી મિલનસભા આપણને જરૂર આગળ વધારશે. મનમાં જ આ વાતના મેં અભિનંદન આપ્યા.

એમની વાત સાંભળીને રમત શિક્ષક ઊભા થયા. કહે, ''હું વર્ગમાં ભણાવતો નથી પણ તમને સૌને વિનંતી કરું છું કે જ્યારે તમે ફ્રી હોવ ત્યારે રમતના મેદાન પર જરૂર આવો. જે બાળકોને તમે વર્ગમાં ભણાવો છો- તેઓ ચાર-દીવાલની બહાર તમને કંઈક જુદા જ દેખાશે. તેઓને તમારી હાજરી પણ પ્રેરણા આપશે. 'ખુલ્લા મેદાન'માં યુવાનોને સમજવા માટે તમને કંઈક વધુ મળી રહેશે''. મારાંથી તો રમતના શિક્ષકની આ વાત સાંભળીને તાળી પડાઈ ગઈ. ''વાહ - સરસ.'' મેં તેમને ધન્યવાદ આપ્યા.

તરત જ ગણિતના શિક્ષક ઊભા થયા. કહે ''રઘુભાઈ આપણે શાળામાં અભ્યાસક્રમને ત્રણ વિભાગમાં વહેંચી પરીક્ષાઓ લઈએ છીએ. એ પરીક્ષાનું સંચાલનકાર્ય હું સંભાળીશ.'' ''આમ, વિચારતાં થઈએ તો કેવા એક પછી એક સૂચનો મળે છે ?'' હિંમતભાઈએ એ સૂચનને તરત જ આવકાર્યું.

એ સૂચન સાથે તરત જ ઑફિસના હેડકલાર્ક મિ. રાવળ બોલી ઊઠ્યા. ''હું વર્ગમાં ભણાવતો શિક્ષક નથી, પણ શિક્ષકો સાથેના પેપર વર્કમાં પણ બાળકોનું ભાવિ સંકળાયેલું છે એમ હું સમજું છું. આજની સભા પછી મને વિશ્વાસ છે કે, સૌ શિક્ષકો સાથે, વ્યસપત્રક, માર્કશીટ, રજાઓની અરજી વગેરે અનેક કામોમાં તે અંગે - એમની અને મારી વચ્ચે પરસ્પરની સમજણ જરૂર વધશે. ઑફિસનું કામ ઝડપી અને અસરકારક નિવડશે.''

આમ આજની મિલનસભામાં સૌ જાણે વધુને વધુ ઈન્વોલ્વ થતા ગયા તેમ તેમ સમય પણ પસાર થતો ગયો. લગભગ દોઢ કલાક ચાલી ગયો હશે. ત્યાં એક શિક્ષક કહે ''જશીબહેન સભા પૂરી થાય એ પહેલાં તમારે પણ એક બે વાતો-વિચારો કહેવા જોઈએ.'' મેં કહ્યું ''આમ તો રઘુભાઈના બોલવામાં બધાય મારા વિચારો સમાઈ જાય છે પણ જ્યારે તમારા સૌની વાતો અને વિચારો સાંભળી રહી હતી ત્યારે મનમાં આનંદ થતો હતો, મને વિશ્વાસ આવે છે કે ધીરેધીરે આપણે સૌ શાળાસંચાલનમાં એક સરખા વિચારો કરીને કામ કરીશું. ત્યારે દરેક કદમ આપણને આગળ લઈ જવાનું છે. આપણે એક જ મંડળીના સૌ સભ્યો છીએ.' શાળાના કામને પણ વધારે ઉજળું બનાવવા 'ટીમ સ્પિરિટ'ની જરૂર છે. આપણી આવી મિટિંગો વારંવાર થાય, એ આપણાં રીલેસર કોસીંઝ બને,

એ આપણા બી.એડ., એમ.એડ.ના વર્ગો બની જાય તો આપણાં બાળકોનું ભાવિ ઉજળું છે. આપણે સૌ નૂતન શિક્ષણના પ્રગતિશીલ શિક્ષકો બનીએ. તેથી હું તો વિનંતી કરું છું કે દર શનિવારે ૧૧ થી ૧૨-૩૦ સુધી મળવાનું રાખીએ અને નવા અઠવાડિયાનાં કામો સમજી લઈએ.'' બસ આટલી વિનંતી કરું છું. કોણ જાણે કેમ સૌને આ વાત ગળે ઊતરી ગઈ. સ્વીકારાઈ પણ ગઈ. સૌની સંમતિ મળી એટલે મેં કહ્યું કે ચાલો ત્યારે.''

''ઉસ પ્રભુ કા ધન્યવાદ'' છે. સંસ્થાના દરેક નાના ચક્રો સાથે સાથે ચાલવાના. ચાલો હવે સૌ જમવા ઉપડીએ. અમે એક નવી દિશા તરફ પ્રયાણ કરી રહ્યાં. ''સરસ્વતી ઝિન્દાબાદ''. એવા નારા સાથે સૌ ઊઠ્યા.

અમારે મન આજનું પ્રભાત નવું પ્રભાત હતું. નવી ભાત પાડતું હતું.

સૌ જમવા બેઠા. ભોજનની જવાબદારી મારી હોવા છતાં હિંમતભાઈ, વિઠ્ઠલભાઈ, લક્ષ્મણ સૌ પીરસવા નીકળી પડ્યા. મીઠાઈની થાળી લઈને હું પણ પીરસવા નીકળી. ત્યારે બે-ચાર શિક્ષકો તો અંદર અંદર સભાની વાત કરતા હતા. ''રમત શિક્ષકની વાત મને તો બહુ ગમી. તો બીજા કહે ''વિજ્ઞાન શિક્ષક ખૂબ જાગ્રત હતા. હોં આ. અને આવા રીમાર્ક્સ જમતા જમતા સૌ કરતા હતા, મેં કહ્યું ''તમને આજના વિચારો ખૂબ ગમ્યા લાગે છે. સૌ તાજામાજા લાગો છો હં.

''પણ બહેન, શનિવારની સભા આવા વિચાર વિનિમય અને શાળાની સમજણ ઊભી કરવામાં ઘણા ઉપયોગી બનશે. એ હવે સમજાયું. આમ ભોજન જાણે શિક્ષક સભાનું એક્સેન્સન બની ગયું હતું. વિઠ્ઠલભાઈ, હિંમતભાઈના હરખનો પાર ન હતો એ એમના મોઢા ઉપરથી સમજાતું હતું. જમીને સૌ આખરે માંડ માંડ છૂટા પડ્યા.

આજનો દિવસ શૈક્ષણિક દિશામાં એક નવા કદમ સમાન બની ગયો. ખૂબ સંતોષથી અમે ઘરે ગયાં. રાત્રે જમીને અમે અમારી વાતોમાં મશગુલ હતા. ત્યાં લક્ષ્મણ આવ્યો. - અમારો સાથીદાર. ''સાહેબ આજ સૌ શિક્ષકો ખૂબ ખુશ હતા હો અને ખાવાનું પણ સરસ હતું.'' ''અમે ? તો એની ખુશીમાં તું સરસપુર જઈને બે પાન લઈ આવ. તો મજા પડી જાય.'' રઘુભાઈએ લક્ષ્મણને પૈસા આપ્યા.'' આ હમણાં આવ્યો સમજો.

૧૦ મિનિટ પછી લક્ષ્મણ બેને બદલે ચાર પાન લાવ્યો. ''કેમ લક્ષ્મણ ચાર પાન ? ''મેં પૂછ્યું. ''અરે બહેન, જુઓ તો ખરાં, ઘરમાં કોણ આવી રહ્યું છે તે હસતાં હસતાં તે બોલ્યો. લક્ષ્મણની પાછળ જ હિંમતભાઈ - વિઠ્ઠલભાઈ પ્રવેશ કરતા દેખાયા.

''અલ્યા અત્યારે આવ્યા ?'' મારાથી આનંદમાં જ પૂછાઈ ગયું. ''હા આજની સભાની વાતો - અને એનો આનંદ એટલો બધો હતો કે - થયું આપણે ચારેય ભેગા મળીને વાતો કરીએ. પછી તો પાન ખાતા ખાતા આજના આખાયે દિવસોની વાતો કર્યા જ કરી. ૧૨ વાગતા હતા. અમારા ઘરે કામ કરતા ''હાકુમા'' કહે ''લ્યો આ દૂધ પી લ્યો - ને પછી છૂટા પડો. અડધી રાત તો થઈ ગઈ. તેઓ ભણ્યા નો'તા પણ અમારા કામમાં થોડી થોડી સમજણ હતી.'' હાકુમા કહે ''સૌ સારા વાના થશે. ચિંતા ન કરો. અને શાળા સરસ થશે.'' બસ એમનું આ વાક્ય અમારા કામને આશીર્વાદ જેવું હતું. ૧ વાગતા ચારેય છૂટા પડ્યા.

હવે આવતા શનિવારની તૈયારી કરીએ. પથારીમાં પડ્યા પડ્યા રઘુભાઈ બોલી પડ્યા. હું હસી અને સેક હેન્ડ કરીને છૂટા પડ્યા.

હે ! મન<br>
હશે યત્નો તારા જો.<br>
બને પૃથ્વી પુણ્ય ધરા તો<br>
જો, પૂર્ણ બને કર્તવ્ય મનુષ્યના,<br>
તો વરસે મધુરી ઈશ્વરકૃપા.

આવા વિચારો સાથે ઊંઘ આવી ગઈ.

# ચારિત્ર્યની ઓળખ - સામાજિક ઉત્તરદાયિત્વમાં

**મનસુખ સલ્લા**

સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ, જજીજ બંગલા વિસ્તાર,
અમદાવાદ-૩૮૦૦૧૫. મો.: ૯૮૨૪૦૪૨૪૫૩

આપણે ત્યાં એવો ભ્રમ પ્રચલિત છે કે માણસ દાન કરતો હોય, માળા ફેરવતો હોય, કોઈની વાતમાં પડે નહિ એટલે તે સારો માણસ, ભલો માણસ. પરંતુ આ વ્યાખ્યા અધૂરી છે. આવી વ્યાખ્યા પ્રચલિત થવાનું કારણ એ હશે કે સદીઓથી અન્યધર્મી પ્રજાના વહીવટ નીચે રહેવાથી ગુણની ઓળખ વ્યક્તિલક્ષી બની. વળી સદીઓથી આપણે રાજાશાહી અમલ નીચે જ જીવ્યા છીએ એટલે રાષ્ટ્રનો અર્વાચીન સંદર્ભ આપણને પચ્યો નથી.

એક માણસ રોજીરોટી કમાતો હોય, પૂજાપાઠ કરતો હોય, કીડિયારું પૂરતો હોય, ચકલાંને ચણ અને કૂતરાંને બટકું નાખતો હોય, મંદિરે પગે લાગવા જતો હોય તો તે સારું છે, પરંતુ પૂરતું નથી. ખાસ કરીને પ્રજાસત્તાક લોકશાહી રાષ્ટ્રમાં. રાષ્ટ્ર કહીએ છીએ ત્યારે દેશાભિમાન પૂરતું નથી, રાષ્ટ્ર પ્રત્યેની ફરજો અંગેની જાગૃતિ અને તેનો કર્તવ્ય તરીકે સ્વીકાર પણ સૂચિત છે.

ભારતીય સમાજમાં ધર્મના ઈષ્ટ-અનિષ્ટ બંને પ્રકારના ખ્યાલો દૃઢમૂલ થયેલા છે. એનાં પરિણામો પણ જોઈ શકાય છે. અસ્પૃશ્યતા, સ્ત્રીઓના વ્યક્તિત્વનો અસ્વીકાર, શ્રમ પ્રત્યેની સૂગ, નીચેના માણસોને એડી નીચે રાખવામાં ગૌરવ, બીજાની મહેનતનો બદલો આપ્યા વિના ઉપભોગ એ ભારતીય સમાજમાં વ્યાપક દૂષણો છે. પરંતુ એમના પ્રત્યે ઉપેક્ષા સેવાય છે અને માળા, દેવદર્શન, પૂજાપાઠથી 'સારા' માણસોનું લેબલ કમાઈ શકાય છે.

વિદેશી શાસકોના વહીવટમાં વ્યક્તિગત ગુણો જાળવીને જીવવું એ ચારિત્ર્ય માટે ભલે પૂરતું ગણાયું હોય, પરંતુ આજે એટલું પૂરતું નહિ થાય. લોકશાહી વ્યવસ્થાનો પાયો સમાનતા, સ્વતંત્રતા અને બંધુતા છે. આ ત્રણે લક્ષણોનો લાભ ઉપરના ફાવી ગયેલા વર્ગ પૂરતો સીમિત રહેવો ન જોઈએ, સમસ્ત પ્રજાને મળવો જોઈએ. એટલે હવે ચારિત્ર્યની વ્યાખ્યા સામાજિક સંદર્ભમાં કરવાની રહેશે.

માણસ ધ્યાન, ધારણા, યમનિયમ પાળતો હોય એ અધ્યાત્મનો માર્ગ છે. પરંતુ તેનો સંદર્ભ આખરે તો સામાજિક છે. આધ્યાત્મિકતા એટલે જ સર્વજનહિતબુદ્ધિ. આત્મવત્ સર્વ ભૂતેષુ. અધ્યાત્મ કદી વ્યક્તિગત સુખ-સુવિધા-અનુકૂળતામાં રાચનારું ન હોઈ શકે. સ્વામી વિવેકાનંદને નિર્વિકલ્પ સમાધિની બહુ હોંશ હતી. રામકૃષ્ણદેવે તેમને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કરાવ્યો. વિવેકાનંદ ત્રણ દિવસ સુધી સમાધિમાં લીન રહ્યા. જગાડ્યા ત્યારે કહેવા લાગ્યા, 'મને શું કામ સમાધિમાંથી જગાડ્યો ? કેવી પરમ શાંતિમાં અને આનંદમાં હું હતો ?' ત્યારે રામકૃષ્ણદેવે ઠપકો આપેલો કે, 'હવે પછી કદી નિર્વિકલ્પ સમાધિની માગણી કરતો નહિ. તારા કરોડો દેશબાંધવો દુઃખદર્દથી પીડાતા હોય અને તું સમાધિના આનંદમાં ડૂબી જવા માગે છે ?'

ધર્મનો આ નવો ઉન્મેષ છે, નવી ગતિ છે. કારણ કે આજ સુધી તો 'સંસાર મિથ્યા છે, બંધનરૂપ છે, કોઈ કોઈનું નથી, આત્માના મોક્ષ માટે જ જીવન છે' એમ ગાઈવગાડીને ધર્મ-સંસ્થાઓએ પ્રજાને સમજાવ્યું હતું. એટલે સ્વામી વિવેકાનંદે ધર્મસંસ્થાની સામાજિક જવાબદારી સ્વીકારી. રામકૃષ્ણ મિશનના સાધુઓ સામાજિક કર્તવ્યો પણ નિભાવે એ સ્થાપ્યું. કદાચ, તેમને આની વધુ સ્પષ્ટતા પશ્ચિમમાંથી મળી હોય. પરંતુ આ દેશ માટે તો આ નવો પ્રારંભ છે. ધર્મસંસ્થા પોતાના કોચલામાંથી બહાર નીકળીને સામાજિક કર્તવ્યો (શિક્ષણ, આરોગ્ય, ચારિત્ર્યઘડતર, આફત વખતે રાહતકાર્ય વગેરે) નિભાવે એ આ દેશમાં પ્રથમ વખત શક્ય બન્યું. આનું ઉત્તમમાં ઉત્તમ દૃષ્ટાંત મહાત્મા ગાંધી છે. તેમણે વ્યક્તિગત શુદ્ધિ અને સામાજિક સદ્ગુણોનો અદ્ભુત સમન્વય સાધ્યો. દર્શક કહે છે તેમ સદ્ગુણોનું સામાજિકીકરણ કર્યું.

એટલે શું સંસારી કે શું સંન્યાસી, બંનેના ચારિત્રિક

વિકાસની પારાશીશી તો આખરે સામાજિક સંદર્ભ જ હોઈ શકે. માણસ ભલો, નિરુપદ્રવી, દયાળુ હોય તેટલું પૂરતું નથી, તે સામાજિક કર્તવ્યો અંગે જાગ્રત, નિસ્બતવાળો અને આગ્રહી હોય તે નવા યુગનો સંદર્ભ છે.

આ સંદર્ભને ચરિતાર્થ કરવો હોય તો તેનાં બે પ્રબળ માધ્યમો છે. (૧) પરિવાર (૨) કેળવણી. ધર્મસ્થાનો હવે ભપકા અને દેખાડાની હરીફાઈમાં ઊતર્યા છે. તેમનો મહિમા મકાનો, સોનાનાં આભૂષણો અને ગાદીપતિઓનાં વૈભવી જીવનને આધારે નક્કી થાય છે. એ તો ઊલટો માર્ગ છે, પતનનો માર્ગ છે. ધર્મસ્થાનો આંતરયાત્રા માટે પ્રેરનારાં અને સામાજિક કર્તવ્યોનું પાલન શીખવનારાં હોવાં જોઈએ. તેને બદલે માનસિક વશીકરણ કરેલા, મોહમુગ્ધ ભક્તોની અંધશ્રદ્ધાને ચરી ખાનારાં બન્યાં છે, એટલે તેઓ અસરકારક બની શકે તેમ નથી.

પરિવારો આજે સંક્રાન્તિકાળમાં છે. તેઓ કઈ દિશામાં જવું, સંતાનોનું ઘડતર કેમ કરવું, એની અવઢવમાં છે. મોટા ભાગના પરિવારો વધુ પૈસા કમાવાને જ લક્ષ્ય બનાવી લે છે. ચારિત્ર્ય ઘડતરને બદલે ખોટું કરીને પણ વધુ મેળવવાની લાહ્યમાં તેઓ સાચો માર્ગ છોડી દે છે. પરંતુ તેઓ ભૂલી જાય છે કે સામાજિક કર્તવ્યોની ઉપેક્ષા કરવામાં કે તેનો ભંગ કરવામાં તેની આકરી કિંમત તમામ નાગરિકોએ અને આખા સમાજે ચૂકવવી પડે છે.

ત્યારે સૌથી વધુ આધાર શિક્ષણક્ષેત્ર છે. પરંતુ આપણા નીતિનિર્ણાયકો આજ સુધી આ અંગે ગંભીર બન્યા નથી, યા તો પક્ષીય બન્યા છે. શિક્ષણસંસ્થાઓનું આકર્ષક રૂપરંગ એ ચારિત્ર્યઘડતરનો વિકલ્પ કદી ન બની શકે. આજે શિક્ષણકર્મીઓ ચારિત્ર્યઘડતરને પોતાની અનિવાર્ય કામગીરી ગણતા નથી. વિષયો શીખવાડવા અને તેને યાદ રાખવાની પ્રયુક્તિઓ શીખવાડવામાં જ તેઓ ઈતિશ્રી ગણે છે. તેઓ ભૂલી જાય છે કે આ કેવળ અન્યના ઘરનો પ્રશ્ન નથી. આવતી કાલે પોતાના ઘરનો પણ હલાવી નાખનારો પ્રશ્ન બનશે.

મૂળભૂત ઉપાય છે વાલીઓની જાગૃતિ અને શિક્ષણના નવા અવતારની. શિક્ષણમાં મુગ્ધાવસ્થાથી પ્રારંભ થાય છે અને સમજણ એનો આધાર બને છે. સંબંધ અને અભ્યાસમાંથી જન્મેલી સ્પષ્ટતા જીવનમૂલ્યોને દૃઢ કરે છે. આજે વાલીઓ અને તંત્રવાહકો શિક્ષણના બાહ્યરૂપની પૂજા કરીને સંતોષ માને છે, પણ મનોવૃત્તિગત ફેરફારો (વલણો, ટેવો, વિચારો, મૂલ્યો) અંગે ઉપેક્ષા સેવીએ છીએ. એનાથી સાચો રાષ્ટ્રવિકાસ નહિ થાય. ગમે તેવી ખરાબ રાજ્યરચનામાં ૧૫-૨૦ ટકા લોકો તો સુખપ્રાપ્તિ કરી લેતા હોય છે. ૮૦ ટકા વિશાળ પ્રજાના હિત માટેની નિસબત ઊભી કરે એ સાચું શિક્ષણ છે. તેમના પ્રત્યે ભણેલાનું, સમજદારનું, સંવેદનશીલ વ્યક્તિનું વિશેષ કર્તવ્ય છે. ભણ્યા પછી કામગીરી મળે એ વ્યક્તિગત પરિણામ છે, પરંતુ સામાજિક કર્તવ્યની જાગૃતિ અને આગ્રહ જન્મે એ આખા સમાજનું, સમગ્ર રાષ્ટ્રનું પરિણામ છે. સાથે જ પર્યાવરણની જાળવણી અંગેનાં વલણો કેળવાય એ પણ એટલાં જ મહત્ત્વનાં છે. નહિ તો સુખનાં અપાર સાધનો વચ્ચે માણસ રોગગ્રસ્ત, એકલવાયો, કુદરતની થપાટોથી ભયગ્રસ્ત બની રહેવાનો.

ચારિત્ર્યશીલતાને આપણે સ્ત્રી-પુરુષ સંબંધ સુધી મર્યાદિત કરી નાખી છે તે અધૂરી સમજ છે. એક માણસ લગ્નબાહ્ય સંબંધો ન રાખે, પણ સમાજને અને પર્યાવરણને નિરાંતજીવે આઘાત પહોંચાડતો હોય તો એ ચારિત્ર્યહીન જ ગણાશે. એને ચારિત્ર્યની ગંભીર ઊણપ ગણવી જોઈએ એટલે શિક્ષણ સ્વરૂપનો નવેસરથી વિચાર કરવો અનિવાર્ય છે. મનુષ્યને માપવાનાં મૂલવવાનાં ધોરણો અંગે પુનર્વિચાર કરવો જરૂરી છે.

રાષ્ટ્ર એનાં સાધન, સંપત્તિ કે સુવિધાઓથી મહાન નથી બનતું, પરંતુ એના નાગરિકોની ચારિત્ર્યશીલતાથી જ મહાન બને છે. નાદાર નાગરિકો દેશને ડૂબાડે છે એટલે લોકશાહી અને સર્વના સુખનો, સમાન તકનો વિચાર કરનારી સમાજરચનામાં ચારિત્ર્યશીલતાની નવી વ્યાખ્યા કરવી જરૂરી છે. વ્યક્તિગત સદ્‌ગુણો સામાજિક સદ્‌ગુણો બને તો જ રાષ્ટ્ર ઉન્નત બની શકે. આ સંદર્ભમાં આપણા શિક્ષણને નવો ઘાટ આપવાનો સમય પાકી ગયો છે. જે આ કરશે તે પ્રજાના હૃદયસિંહાસને બિરાજશે.

# પેરેન્ટિંગ ઉર્ફે માતાપિતાનું પ્રશિક્ષણ

**રવીન્દ્ર અંધારિયા**

પ્લોટ નં.: ૨૨૨૫-બી-૧-બી પૂજાપાર્ક, વરલ હાઉસ પાસે, વાઘાવાડી રોડ, ભાવનગર-૩૬૪૦૦૨.
ઈ-મેઈલઃ rrandhariya@gmail.com

જો આજનું બાળક આવતી કાલનો નાગરિક હોય તો તેને નાગરિક ધર્મના પાઠ બચપણથી જ શીખવવા જોઈએ ને ? પરંતુ આવું થતું નથી. પરિણામે સમાજમાં છડે ચોક અરાજકતા જોવા મળે છે. અરે, નાગરિક દેશદ્રોહ જેવાં વ્યવહારો કરતાં પણ અચકાતો નથી. આ સમાજ માટે કશુંક કરવું પડશે કે નહિ ? સૌ કોઈ કહેશે કે હાં, હાં. તો ક્યાંથી શરૂઆત કરશું ? તો એનો જવાબ હું આપીશ, શરૂઆત બાળપણથી કરવી જોઈએ. બાળપણ એ સદ્‌વર્તનનું ધરૂવાડિયું છે. નાગરિક ધર્મનું પાલન એ સદ્‌વર્તનનો પર્યાય છે. સદ્‌વર્તનનાં બે પરિમાણો છે : ૧ વ્યક્તિલક્ષી પરિમાણ. એટલે કે વ્યક્તિગત જીવન વ્યવહારોને સ્પર્શતાં વર્તન વ્યવહારો. ૨. સમાજલક્ષી પરિમાણ. એટલે કે સમાજ સમ્બન્ધિત વ્યવહારો. નાગરિક ધર્મનું પાલન એ સદ્‌વર્તનની ઓળખ છે. સદ્‌વર્તનનાં આ બંને પરિમાણો નાગરિકનાં જીવન વ્યવહારોમાં ઓતપ્રોત થાય એ ઈચ્છનીય છે કે નહિ ? પ્રિય વાચકો ! જવાબ મળશે હાં, હાં. મિત્રો, અહીં થોડીવાર અટકો અને વિચારો. આ કેવી રીતે શક્ય બને ? મારા અભિપ્રાય મુજબ આ હકાર આપણા સૌનાં વાણી વર્તનમાં ઊતરે ત્યારે આપનો હકારાત્મક જવાબ ફળદાયી બને.

બાલ્યાવસ્થામાં થતાં બાળ વર્તનો મોટાભાગે મોટેરાઓનાં વર્તનની કાર્બન કોપી હોય છે. આમેય તે અવસ્થા અનુકરણશીલ હોય છે. ત્યારે મોટેરાઓનાં વર્તનો સદ્‌વર્તનનાં પરિઘમાં આવતાં હોવાં જોઈએ. જો કે આ એક અપેક્ષા છે. અપેક્ષાઓ સર્વથા ખરી ઊતરતી હોતી નથી. બલકે સમાજમાં આવું જોવાં મળે છે : પિતા સોફા ઉપર બેસી ગપ્પા મારતા હોય છે. ત્યારે અચાનક ફોનનો રીંગટોન ગુંજવા લાગે છે. પિતા ફોન ઉપાડે એ પહેલાં તો એમનો લાડકો જિગ્નેશ ફોન ઉપાડી લે છે ને હેલ્લો... હેલ્લો... કરવા લાગે છે. સામેથી જમનાદાસભાઈનો આછો પાતળો અવાજ જિગ્નેશના પિતાને સંભળાય છે. પિતા અવાજ ઓળખી જાય છે. તેથી જિગ્નેશને ધીમા અવાજે સૂચના આપે છે, "કહી દે પપ્પા ઘરે નથી, બહાર ગયા છે." બાળક પાળેલા પોપટની જેમ ફોનમાં બોલી દે છે. સામેથી ફોન કટ થઈ જાય છે. પણ એ જ સમયે જિગ્નેશનાં મનમાં ફટ દેતોક ને એક પ્રશ્ન ઊઠે છે : પપ્પા તો ઘરમાં જ છે છતાં ય એમ કેમ કહ્યું કે તે ઘરે નથી ? બહાર ગયા છે. બાળ ચિત્ત દ્વંદ્વ અનુભવે છે. મનમાં પ્રશ્નોની હારમાળા સર્જાય છે. બાળચિત્ત તો એકદમ બિલોરી કાચ જેવું હોય છે. તેની ઉપર ડાઘા હોતા નથી. તેથી તેનું મન બળવો પોકારે છે. છેવટે તે પિતાને પૂછી બેસે છે. "પપ્પા ! તમે તો ઘરમાં જ છો છતાં ફોનમાં એમ કેમ કહેવરાવ્યું કે પપ્પા ઘરમાં નથી, બહાર ગયા છે."

પપ્પાએ જવાબમાં કહ્યું, "એ તો એમ કહેવું પડે."

બાળક ફરી પૂછે, "કેમ આવું ખોટું કહેવું પડે ?"

"એ તને નહિ સમજાય, તું હજુ નાનો છે." પપ્પાએ વાતને ટાળવા કોશિશ કરી. અલબત્ત બાહ્ય દૃષ્ટિએ વાતનો અંત આવ્યો હોય તેમ લાગે છે પણ આંતરિક દૃષ્ટિએ વાત હવે જ શરૂ થાય છે, બાળકનાં ચિત્તમાં.

...... પપ્પા ઘરે નથી, બહાર ગયા છે... આ ધ્રુવ વાક્ય બાળકના ચિત્તમાં અવનવાં વિચાર વલયો રચે છે.

(૧) ઘરે હોવા છતાં ઘરે ન હોવાનું કહી શકાય. ને એમ કહેવામાં કશો વાંધો નહિ. કશું ખોટું થતું નથી.

(૨) સત્યને છૂપાવવા અસત્યનો સહારો લઈ શકાય, એમાં કશું ખોટું થતું નથી.

(૩) અન્યને અવળે પાટે ચડાવી શકાય, એમાં જરાય વાંધાજનક નથી.

(૪) પોતાના સ્વાર્થ ખાતર અન્યને છેતરી શકાય,

એમાં જરાય ખોટું થતું નથી.

(૫) બીજા સાથે દગો કરવો. એમાં કશું જ ખોટું નથી.

આને પરિણામે બાળકનાં ચિત્તમાં સ્થાયીભાવનો જે પિંડ રચાય છે તે ઉંમર વધતાં વિકસતો જાય છે. તેનું પરિણામ આપણે આપણી નરી આંખે સમાજમાં જોઈ શકીએ છીએ... દરેક સ્થળે છેતરવાનો ધંધો પૂરબહારમાં ખીલ્યો છે. તેથી લાખો ને કરોડોના ગફલા કરનારા એમ માનીને લીલા લહેર કરે છે કે આવી છેતરામણ તો કરાય, એમાં કશો વાંધો નહિ. તેનાથી માબાપ તદ્દન બેખબર હોય છે. પછી અપ્રત્યાશિત રૂપે જ્યારે માબાપ સમક્ષ ઉદ્‌ઘાટિત થાય છે ત્યારે માબાપ આકાશમાંથી ઉંધેકાંપ પછડાય છે. દીકરો વંઠી ગયો, દીકરો હાથથી ગયો. એવા ભાવ સાથે નિરાશાની ગર્તામાં ધકેલાઈ જાય છે. પરંતુ એવું નથી વિચારતાં કે આ તો જેવું વાવ્યું છે તેવું લણી રહ્યાં છીએ. માટે જ બાળપણને સદ્‌ગુણોનું ધરૂવાડિયું કહ્યું છે.

આ પ્રકારની મનોવૃત્તિ તો સમાજને લાગેલી ઊધઈ છે. તે સમાજને કોરી ખાશે.... ખોખલો બનાવી દેશે. શું તેને અટકાવવાની જરૂર નથી? લાગે છે. તો વિચારો.... આ બાબતે શું થઈ શકે ? આ મનોવલણનાં બીજારોપણ કરનાર આપણે જ છીએ કે ? તો તેના નિરાકરણની શરૂઆત આપણે જ કરવી જોઈશે ને ?

નોંધ : આ સવાલ સમાજમાં તરતો મૂક્યો છે અને અપેક્ષા છે કે માતાપિતા પોતાના વિચારો આગળનાં સરનામે મોકલશે.

---

**UBUNTU**

*UBUNTU is a very nice story from Africa...*
*The motivation a behind the Ubuntu culture in Africa...*
*An Anthropologist proposed a game to the African tribal children...*
*He placed a basket of sweet near a tree*
*And made the children stand 100 meters away.*
*Then announded that whoever reaches first would get all the sweets in the basket.*
*When he said 'ready steady go!'...*
*Do you know what these children did ?*
*They all held each other's hands, ran together towards the tree, divided the sweet equally among themselves, ate the sweets and enjoyed it.*
*When the Anthropologist asked them why they did so,*
*They answered.... "Ubuntu"*
*Which meant -*
*'How can one be happy when the others are sad ?'*
*Ubuntu in their language means -*
*"I am because we are"*
*A strong message for all generations.*
*Let all of us always have this attitude and spread happiness wherever we go.*
*Let's have a "Ubuntu" Life.*
*I AM BECAUSE WE ARE*



# આમને સામને : સૌંદર્ય અને ઔદાર્ય

**રણછોડ શાહ**

ઍમિટી સ્કૂલ, ભરૂચ. સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧

"તું જ તારું બિંબ જોઈ, મૂલ્ય તારું આંકજે,,
જાત જેવો આયનો તો આ જગતમાં ક્યાંય નહિ."

**– પિયુષ ચાવડા**

જીવન અનેક શક્યતાઓથી ભરેલું છે. વર્તમાનમાં સીધી લીટીમાં ચાલતી જિંદગીમાં ક્યારે અને કેવો વળાંક આવે તેની કોઈને ખબર પડતી નથી. આનંદના શિખર ઉપરથી દુઃખના ડુંગરો તળે દબાઈ જવું પડે તેવું પણ બને. સુખમાં છલકાઈ નહીં જવાનું અને મુશ્કેલીમાં સ્થિતપ્રજ્ઞતા સાચવી રાખવાની જવાબદારી ખૂબ કઠિન હોય છે. પરંતુ આવું કરનાર જ જીવન નૌકા સફળ રીતે હંકારી શકે છે. જિંદગીમાં સફળતા કરતાં સાર્થકતાનું મહત્ત્વ વિશેષ છે. સાર્થક થવા માટે હોશિયારી કરતાં ડહાપણયુક્ત વર્તણૂક આવશ્યક છે. ક્યારેક લોકો જ્ઞાનનો ઉપયોગ કપટ કરવામાં, અન્યોને છેતરવામાં અને દાવપેચ ખેલવામાં કરે છે. બુદ્ધિનો ઉપયોગ ડાહ્યા અને શાણા થવામાં પણ થઈ શકે છે તેવી સમજ હોય તે આવશ્યક છે.

એક નાજુક સુંદર રૂપાળી સ્ત્રી વિમાનમાં પ્રવેશી અને તે પોતાની જગ્યા શોધવા લાગી. તેણે જોયું કે તેની બેઠક બંને હાથ વિનાના એક મુસાફરની બાજુમાં છે. આથી તે તેની બાજુમાં બેસવા માટે આનાકાની કરવા લાગી.

રૂપાળી સ્ત્રીએ એરહોસ્ટેસને જણાવ્યું કે બે હાથ વિનાની અપંગ વ્યક્તિ સાથે બેસીને મુસાફરી કરવાનું તે પસંદ કરતી નથી. એરહોસ્ટેસને પોતાની બેઠક બદલી આપવા માટે જણાવ્યું. એરહોસ્ટેસે નમ્રતાપૂર્વક પૂછ્યું, "બહેન, હું તે માટેનું કારણ નથી." તે સ્વરૂપવાન સ્ત્રીએ ઉત્તર આપ્યો, "આ પ્રકારના અપંગ લોકો સાથે બેસી હું પ્રવાસની મજા ગુમાવવા ઈચ્છતી નથી." આ સાંભળી એરહોસ્ટેસે (વિમાન પરિચારિકા) આઘાત અનુભવ્યો. એક શિક્ષિત દેખાતી સ્ત્રીના મુખેથી આ ઉત્તર સાંભળી એરહોસ્ટેસને ખૂબ દુઃખ થયું. દેખાવડી સ્ત્રીએ ફરીથી એરહોસ્ટેસને કહ્યું કે આ જગ્યાએ તે બેસી શકશે નહીં. તેને બીજી બેઠક ફાળવી આપવા માટે જણાવ્યું.

એરહોસ્ટેસે સ્ત્રીને થોડી ધીરજ રાખવા માટે વિનંતી કરી. તે બીજી કોઈ જગ્યા શોધી તેની બેઠક બદલી આપશે તેમ જણાવ્યું. આજુબાજુમાં કોઈ બેઠક ખાલી હોય તો તે તરફ તેણે નજર ફેરવી. પરંતુ કોઈ જગ્યા તે શોધી શકી નહીં. એરહોસ્ટેસ સ્ત્રી તરફ જઈ બોલી, "મેડમ, ઈકોનોમી ક્લાસની તમામ બેઠકો ભરાઈ ગઈ છે. પરંતુ અમારી વિમાની કંપની શક્ય હોય ત્યાં સુધી તેના ગ્રાહકોને મહત્તમ સંતોષ આપવા માટે પ્રયત્નશીલ હોય છે. તેથી હું વિમાનના કેપ્ટનને આ બાબતે વાત કરું છું ત્યાં સુધી આપશ્રી થોડી વધારે ધીરજ રાખો તેવી નમ્ર વિનંતી." આ પ્રમાણે જણાવી તે કેપ્ટન પાસે ગઈ.

કેપ્ટનને મળી તે પરત આવી. તેણે તે સ્ત્રીને કહ્યું, "મેડમ આપને તકલીફ પડી તે બદલ અમે દિલગીર છીએ. આ વિમાનમાં એક જ સીટ ખાલી છે અને તે માત્ર 'પ્રથમ વર્ગ' (First Class) ની જ છે. મેં મારા મિત્રોને વાત કરી અને અમે એક અસાધારણ અપવાદરૂપ નિર્ણય લીધો છે. કંપનીના ઈતિહાસમાં પ્રથમવાર એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે ઈકોનોમી વર્ગમાં મુસાફરી કરતા મુસાફરને પ્રથમ વર્ગમાં મુસાફરી કરવાની સવલત આપવામાં આવે છે.....'

'ગર્વિષ્ઠ' સ્ત્રી અત્યંત આનંદિત થઈ. એરહોસ્ટેસનો આભાર વ્યક્ત કરવા પ્રયત્ન કરતી હતી.... ત્યાં તો એરહોસ્ટેસ બે હાથ વિનાના મુસાફર પાસે ગઈ અને બોલી, "સાહેબ, આપશ્રી અહીંયાથી પ્રથમ વર્ગની બેઠક ઉપર જવાની તકલીફ લેશો ? એક અવિનયી વ્યક્તિને કારણે આપના જીવનમાં બનેલી દુઃખદ ઘટનાથી અમે આપને છુટકારો અપાવવા માંગીએ છીએ." આ સાંભળીને ત્યાં ઉપસ્થિત સૌએ આ નિર્ણયને તાળીઓના ગડગડાટથી

વધાવી લીધો. આ પરિસ્થિતિ જોઈ સ્વરૂપવાન યુવતી ઝંખવાણી પડી ગઈ.

ત્યારબાદ તે મુસાફર ભાઈ ઊભા થયા અને બોલ્યા, "હું સી.આર.પી.એફ. ફોર્સમાંથી નિવૃત્ત થયેલો પૂર્વ સૈનિક છું. દેશની રક્ષા કરતાં કાશ્મીરમાં થયેલા બોમ્બ ધડાકામાં મેં મારા બંને હાથ ગુમાવ્યા હતા. બહેનને પહેલીવાર જ્યારે આ રીતે વાત કરતાં સાંભળ્યા ત્યારે મને થયું કે શું આવા લોકો માટે મેં મારા જાનની બાજી લગાવી હતી? પરંતુ ત્યારબાદના આપના કાર્ય અને તમામ મુસાફરોએ આપેલ પ્રતિક્રિયાને કારણે મેં મારા દેશ માટે ગુમાવેલ બે હાથ બદલ અત્યંત ગૌરવની લાગણી અનુભવું છું. જય હિન્દ." વિમાનના સૌ પ્રવાસીઓએ 'જય હિન્દ' ના નારાથી પ્રતિઘોષ કર્યો. ત્યારબાદ તે ભાઈ પ્રથમ વર્ગની બેઠક તરફ આગળ વધ્યા અને રૂપાળી સ્ત્રી અત્યંત શરમમાં ડૂબી જઈ પોતાની બેઠક ઉપર ફસડાઈ પડી. જે સૌંદર્ય શરીર અને ચહેરા ઉપર દેખાય છે તે સાચું નથી. સુંદરતા તો સારી વ્યક્તિના ઉત્કૃષ્ટ, ઉમદા અને ઉચ્ચ વિચારોમાં છુપાયેલી હોય છે. સૌંદર્ય વર્તન અને વ્યવહાર દ્વારા પ્રદર્શિત થાય છે.

*"પ્રેમ વિના જ્યાં બધા ટકરાય છે*
*ત્યાં અહમ્ દીવાલ થઈ અથડાય છે.*
*જો સફળતા મેળવી આગળ વધે*
*ભાર 'હું' નો આવતાં પટકાય છે."*

- જિજ્ઞા મહેતા

સામાન્ય જીવનમાં રૂપાળું એટલું સુંદર સમજવાની ભૂલ થાય છે. જે દેખાવડું છે, ભભકાદાર છે અને પ્રભાવશાળી છે તેને ઉત્તમ સમજવાની ક્ષતિ જીવનમાં ડગલેને પગલે થાય છે. રૂપાળાપણું નાશવંત છે પરંતુ આત્મા અને વિચારો ચિરકાળ રહેતા હોય છે. વ્યક્તિનું વ્યક્તિત્વ તેની વાણી અને વર્તનમાં છુપાયેલું હોય છે. ઉત્તમ વિચારો અને વ્યવહાર જ વ્યક્તિને સારો બનાવે છે. ચતુરાઈ અને લુચ્ચાઈ વચ્ચે બહુ જ પાતળી ભેદરેખા છે. ચતુરાઈમાં ડહાપણ, શાણપણ, વિદ્વતા, વિવેક જેવા સદ્‌ગુણોનો સમાવેશ થાય છે. જ્યારે લુચ્ચાઈમાં કપટ, દાવપેચ, તરકટ, ધૂર્તતા, છેતરપિંડી જેવા ભારોભાર દુર્ગુણો સમાયેલા છે. ઉચ્ચ બુદ્ધિ ધરાવતી વ્યક્તિમાં ડહાપણ હોય જ તેવું જરૂરી નથી. બુદ્ધિમતત્તા અને ડહાપણ નીચેના જેવો તફાવત નજરે પડે છે :-

(૧) બુદ્ધિ દલીલબાજી તરફ દોરી જાય છે. ડહાપણ સમજૂતી તરફ પ્રયાણ કરાવે છે.

(૨) અક્કલ ઈચ્છાશક્તિ ઉપરનો કાબૂ છે. શાણપણ ઈચ્છાશક્તિ ઉપર કાબૂ શા માટે રાખવો તે શીખવે છે.

(૩) બુદ્ધિ ગરમ છે તેથી તે બાળે છે. ડહાપણ હૂંફ આપે છે તેથી તે મુશ્કેલીમાં રાહત અપાવે છે.

(૪) ગ્રહણશક્તિ જ્ઞાનનો પીછો કરે છે અને તેથી તેના શોધકને તે થકવી નાખે છે. ડહાપણ સત્યની પાછળ દોડે છે અને તેથી તે તેની શોધ કરનારને પ્રોત્સાહિત કરે છે.

(૫) બુદ્ધિ પકડી રાખવાનું શીખવે છે. ડહાપણ મુક્તિનો અહેસાસ કરાવે છે.

(૬) બુદ્ધિ વ્યક્તિને દોરે છે. ડહાપણ તેને માટે માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે.

(૭) બુદ્ધિશાળી વ્યક્તિ સમજે છે કે તે સર્વજ્ઞ છે. ડહાપણયુક્ત વ્યક્તિ હજુ ઘણું શીખવાનું બાકી છે તેમ વિચારે છે.

(૮) બુદ્ધિમત્તાવાળી વ્યક્તિ પોતાની દલીલને જ સાચી ઠેરવવા પ્રયત્ન કરે છે. ડાહ્યો માણસ દલીલબાજીથી દૂર રહેવાનું પસંદ કરે છે.

(૯) બુદ્ધિશાળી વણમાંગી સલાહ આપવા માટે સતત હાજર હોય છે. ડાહ્યો માણસ જે તે વ્યક્તિ સાથે સલાહમસલત કરી તમામ વિકલ્પોની ચર્ચા વિચારણા કર્યા બાદ સલાહ આપે છે.

(૧૦) બુદ્ધિમત્તાવાળી વ્યક્તિ જે કહેવાયું છે તે જ સમજે છે. શાણપણ ભરેલી વ્યક્તિ જે કહેવાયું છે તે અને

(અનુસંધાન પૃષ્ઠ ૩૪ ઉપર)

# શિક્ષકોના યે શિક્ષક

## પ્રવીણ દરજી

મને બરાબર યાદ છે. પંચમહાલ અને સાબરકાંઠામાં ૧૯૬૦-૬૧નાં વર્ષોમાં ગોધરા અને મોડાસા મુકામે પ્રથમવાર આર્ટ્સ-સાયન્સ કૉલેજો શરૂ થયેલી. એ વર્ષોમાં વિદ્યાસંસ્થાઓ શરૂ કરવી એ એક તપકાર્ય હતું. માત્ર વિદ્યાપ્રાપ્તિ, માત્ર ગામડાંના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણનો લાભ મળે એ જ એના સંચાલકોનું અભિલાષ.

ધીરુભાઈ ઠાકર ગુજરાત કૉલેજની નોકરી છોડીને મોડાસા જેવા અલ્પવિકસિત નગરમાં આવે છે. જે કૉલેજ હજી શરૂ જ થઈ હતી. નહોતું એનું પોતાનું મકાન, એ વિદ્યાસંસ્થા વિશે કોઈના મનમાં ત્યારે કશો પાકો નકશો પણ ન મળે. કૉલેજ ચલાવવા માટે ભંડોળની પણ આગોતરી વ્યવસ્થા નહીં ! છતાં ધીરુભાઈ અમદાવાદ છોડી મોડાસા આચાર્યપદ સ્વીકારી લે છે. કારણ ધીરુભાઈની શિક્ષણપ્રીતિનું - ગામડામાં શિક્ષણપ્રચારનું, ધૂણી ધખાવીને એક વિદ્યાકેન્દ્ર વિકસાવવાનું, ચિત્રો યાદ કરું છું તો હારમાળારૂપે એ સર્વ આવતું જાય છે. સગવડના અભાવવાળા મકાનમાં ધીરુભાઈ વિદ્યાર્થીઓને તન્મયતાથી ભણાવે, કૉલેજ સિવાયના સમયમાં મંડળના સદસ્યો સાથે મોડાસા અને આજુબાજુનાં ગામોમાં ઉઘરાણા માટે નીકળે, કૉલેજમાં વિદ્યાર્થીઓ વધુમાં વધુ ગામડેથી આવે, શિક્ષણનો લાભ લે તે માટે અધ્યાપકોને સાથે રાખી ગામડે તેની ટહેલ નાખવા પણ જાય.

નવી નવી કૉલેજ, નવા નવા આચાર્ય, ત્યારે તેમના માટે કામના કલાક ચાર-પાંચ નહીં - ચોવીસ હતા. મકાનની સાથે હૉસ્ટેલ, ગ્રંથાલય, રમતગમતનું મેદાન, નાટ્યગૃહ બધાં કામો તેમણે વારાફરતી હાથમાં લેવા માંડ્યાં. છેવટે અધ્યાપકો માટેનાં ક્વાર્ટર પણ. જોતજોતામાં તો કૉલેજ કેમ્પસ એક અનન્ય વિદ્યાધામ તરીકે યુનિવર્સિટીના નકશામાં ઉપર ઉપસી આવ્યું. ૧૯૬૫-૬૬નાં વર્ષોમાં તો કૉલેજ કેમ્પસ વિદ્યાપ્રવૃત્તિઓથી તેની ટોચ દાખવી બતાવે છે. કોમનરૂમના અધ્યાપકવર્તુળમાં વિભિન્ન વિષયોની દર અઠવાડિયે ચર્ચાઓ થાય. યુનિવર્સિટી કક્ષાની નાટ્યસ્પર્ધાઓ, આઉટડોર-ઈન્ડોર ગેઈમ્સ પણ આ કૅમ્પસ ઉપર થાય. આખુ વિદ્યાસંકુલ પ્રવૃત્તિઓથી ઊભરાતું લાગે. ભાગ્યે જ એવું એકાદ સપ્તાહ બાકી રહે કે જ્યારે કોઈ વિદ્વાનનું વ્યાખ્યાન ન થયું હોય ! અહીં જ્યોતીન્દ્ર દવે આવે, રઘુવીર-ભોળાભાઈ આવે, ચં.ચી.મહેતા પડાવ નાખે, કુમુદિની લાખિયા અને મૃણાલિની સારાભાઈ પણ આવે. પુરુષોત્તમ માવળંકર, ઉમાશંકર-સુન્દરમ્, ઈશ્વર પેટલીકર કે ભોગીલાલ સાંડેસરા જેવા પણ ઘણા ઘણા આવે. અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પ્રકટ થવા, પામવા અહીં પૂરો અવકાશ હતો. આ સઘળા પાછળ ધીરુભાઈની તંતોતંત વિદ્યાપ્રીતિ પડેલી હતી. સાચો શિક્ષક કેટલો વિસ્તરી શકે અને પોતાની શક્તિઓથી સંસ્થાને પણ વિકસાવી શકે તેનું દૃષ્ટાંત ઠાકરસાહેબે અહીં પૂરું પાડ્યું. ધીરુભાઈ માત્ર શિક્ષક નહોતા, સ્પનશીલ શિક્ષક હતા.

પ્રવૃત્તિઓમાં ગળાડૂબ ઠાકરસાહેબ સેનેટ, સિન્ડિકેટ અને યુનિવર્સિટીનાં અન્ય મંડળોમાં સતત કામ કરે. પોતાના પ્રભાવથી શિક્ષણને ઉપકારક નિર્ણયો લેવડાવી શકે. પણ આ બધી વેળા ''પોતાની કૉલેજ'' અને ''પોતાનો વિદ્યાર્થી'' સહેજે અળગાં નહીં. બેલ પડે એટલે તરત વહીવટીકાર્યને બાજુએ મૂકીને અમારો બી.એ.નો પિરિયડ એ પોતાની ઑફિસમાં શરૂ કરી દે. 'શર્વિલક' ભણાવે ત્યારે એ નાટક આખે આખું નજર સામે ભજવાતું લાગે, તેવી તેમની ભાષાશૈલી. એમ.એ.માં 'ગોરા', 'બ્રધર્સ કેરેમેઝોવ', 'ટેસ' જેવી કૃત્તિઓ ભણાવે ત્યારે વિશ્વનવલકથાનો આખો પરિપ્રેક્ષ્ય તેઓ ઉઘાડી આપે. વિદ્યાર્થીને વ્યાખ્યાનમાં રસતરબોળ કરી મૂકે. ધીરુભાઈનું શિક્ષકત્વ ત્યારે એવું કોળે કે તેઓ શિક્ષકની સાથે સાથે નર્યા આત્મીયજન પણ લાગે.

અધ્યાપકોની સાથે પણ તેમનું શૈક્ષણિક આદાન-પ્રદાન સતત ચાલુ રહે. બધાં કાર્યો પડતાં મૂકી તેઓ રિસેસમાં અધ્યાપકોના ખંડમાં આવીને સૌ સાથે ચા-નાસ્તો કરે. અંગત જીવનના પ્રશ્નોથી માંડીને લખવા-વાંચવાનું શું ચાલે છે, સાહિત્ય કે શિક્ષણમાં દેશમાં કે દેશબહાર કશું નવું થયું હોય - એ સર્વની વાત ઠાકરસાહેબ કરે. અધ્યાપકખંડ આખો મહેકતો થઈ જાય. દર અઠવાડિયે અધ્યાપકે અનિવાર્યપણે કોઈ એક વિષય ઉપર અધ્યાપકખંડમાં પેપર રીડિંગ કરવાનું રહેતું. પેપર પૂરું વંચાઈ રહે પછી ગોષ્ઠી થાય, અને એમ એવી ગોષ્ઠીમાંથી 'સંગોષ્ઠી' ગ્રંથ થયો.

એકવાર તેમણે અધ્યાપકખંડમાં પ્રસ્તાવ મૂક્યો : ''તમે મને ત્રણ મહિનાની ઉનાળુ રજાઓમાંથી માત્ર પંદર દિવસ આપો.'' અધ્યાપકોએ હા પાડી. એટલે તેમણે કહ્યું : ''આ પંદર દિવસ તમે કૉલેજના ગ્રંથાલયમાં હાજર રહો. મન ફાવે તે વાંચો, નોંધ કરો. ન વાંચવું ગમે તો એમ જ બેસી રહો. પણ ગ્રંથાલયમાં તમારી પંદર દિવસની ઉપસ્થિતિ જ એક દિવસે નવી આબોહવાનું નિર્માણ કરશે.'' બસ, પછી અધ્યાપકોની ગ્રંથાલયમાં આવન-જાવન વધી. ગ્રંથપાલ પણ ઉત્સાહી. દોડી દોડીને પુસ્તકો ખોળી આપી, પરાણે વાંચવાનું કહે. આનું પરિણામ સરવાળે ઘણું સારું આવ્યું. સીમા ઉપર ઊભેલા નવા-સવા અધ્યાપકોને વાંચવાની એક સુટેવ પડી.

સાચો શિક્ષક મૃદૂનિકુસુમાદપિ હોય, તો વજ્રાદપિ કઠોરણિ પણ હોય. ધીરુભાઈમાં એ બંને ગુણોનું અજબનું મિશ્રણ. વર્ગમાં પૂરી આત્મીયતાથી ભણાવતા ઠાકરસાહેબ લૉબીમાં નીકળે, કેમ્પસમાં આંટો મારવા નીકળે. જો વર્ગ ચાલતો હોય અને કોઈ વિદ્યાર્થીએ પિરિયડ ન ભર્યો હોય તો તેનું આવી બન્યું સમજો. ત્યારે તેમની કઠોરતાનો પૂરો અનુભવ થઈ રહે. લાકડી તૂટી જાય ત્યાં સુધી માર્યાનો પ્રસંગ છે. અલબત્ત, તેનો પશ્ચાત્તાપ પણ તેમણે પ્રકટ કર્યો છે. હોસ્ટેલમાં પણ વિદ્યાર્થીના કોઈ તોફાનને તે ચલાવી ન લે. ક્યારેક હોસ્ટેલમાંથી કે કૉલેજમાંથી એવા વિદ્યાર્થીને કાઢી મૂક્યાના પ્રસંગો પણ બન્યા છે. હોસ્ટેલના વિદ્યાર્થીઓની જો કોઈ સાચી ફરિયાદ હોય તો તેઓ વિદ્યાર્થીની પડખે પણ ઊભા રહ્યા છે. રસોડાના કોન્ટ્રાક્ટર દાસભાઈને એવી વેળા તે ઊધડો પણ લે. કૉલેજ હોસ્ટેલના કેમ્પસમાં ત્યારે તેમનો પ્રભાવ એવો કે કોઈ મધરાતે પણ બીડી-સિગારેટ પીવાની હિંમત ન કરે. મધરાતે પણ ઠાકરસાહેબ હોસ્ટેલમાં અચાનક રાઉન્ડ લેવા નીકળે ! મારા જેવો મોડી રાત સુધી વાંચતો હોય તો પટાવાળા પાસે એ પુસ્તકો જ લેવડાવીને પોતાના ઘેર મુકાવી દે ! વાંચો, પણ તબિયતના ભોગે નહીં. કઠોરતાની સાથે આવું માર્દવ પણ ઠાકરસાહેબમાં એટલું જ. કોઈ વિદ્યાર્થી ગરીબ હોય, ટી.બી. જેવો રોગ થયો હોય, પાસે દવાદારૂના પૈસા ન હોય તો ઠાકરસાહેબ તેની વહારે ધાય. તેને મદદ કરે - કરાવડાવે. જે કામ હાથમાં લે તે પછી નાનું હોય કે મોટું તંતોતંત તે તેમાં ખૂંપી જાય. પરિણામે કોઈ પણ કાર્ય એમના હાથે દીપી આવે.

આવા સ્વસ્થ, શીલવંત, ભડ અને ભદ્ર શિક્ષકને નવનિર્માણના વર્ષમાં મેં વ્યથિત હૃદયે જોયા છે. પોતાની સાકાર સ્વપ્નભૂમિને વેરવિખેર થતી જોઈને તે દ્રવી ઊઠ્યા હતા. એ પળે મોડાસામાં ગાળેલાં વર્ષો વિશે - 'શું મેં અઢાર અઢાર વર્ષ સુધી રણમાં પાણી રેડ્યા કર્યું ?' - એવો હલબલાવી મૂકે તેવો પ્રશ્ન કરી બેઠા હતા. પેલી સ્વહસ્તે ચીતરેલી, રંગ પૂરેલી છબી હવે બોધરાળી બનતી જતી હતી. એ બધું તેઓ માટે અસહ્ય હતું. એમનું શિક્ષકત્વ એ જીરવી શક્યું નહોતું.

મોડાસા કૉલેજમાંથી નિવૃત્તિ લીધી ત્યારે ૧૯૬૦થી ૧૯૭૮નાં અઢાર વર્ષોનું શિક્ષણજગતનું દોઢ તપ પૂરું થયું હતું. અમે થોડાક વિદ્યાર્થી મિત્રોએ એકઠા થઈ ઠાકરસાહેબનો વિદાય સમારંભ યોજયો. ઉમાશંકરભાઈને અમે રૂબરૂ મળી સમારંભમાં ખાસ હાજર રાખ્યા. હૉલ ચિક્કાર હતો. ઠાકરસાહેબમાંનો

(અનુસંધાન પૃષ્ઠ ૨૬ ઉપર)

# ગુજરાતની સ્કૂલોમાં ફી નક્કી થાય તો શિક્ષણના સ્તરની ચર્ચા થાય



**સિદ્ધાર્થ છાયા**

છેલ્લા લગભગ દોઢેક વર્ષથી ગુજરાતના વાલીઓ અને સુગ્રીવો, સોરી! ગુજરાતી બાળકોના અવિભાવકો અને શાળા સંચાલકો વચ્ચે વાર્ષિક ફી કેટલી રાખવી તે અંગે ગજગ્રાહ ચાલે છે. શરૂઆતમાં ઘરમેળે પતાવી શકાતા આ ઈશ્યૂનો કોઈ ઉકેલ ન આવ્યો તો વાત છેક સુપ્રિમ કોર્ટ સુધી પહોંચી ગઈ અને હવે ત્યાં તારીખ પે તારીખ પડી રહી છે.

સૂપ્રીમ કોર્ટે પણ વાલીઓ તરફી વલણ અપનાવ્યું હોય એવું તો અત્યારે લાગી રહ્યું છે. પરંતુ દોઢ વર્ષથી ચાલી રહેલી આ લડાઈમાં ચર્ચાનો જે મુખ્ય મુદ્દો હોવો જોઈએ કે ગુજરાતના શિક્ષણનું સ્તર જે દેશના બાકીના અથવા તો ટોચના રાજ્યોના શિક્ષણના સ્તર સાથે મેળ ખાવું જોઈએ એ કેમ નથી તે કોરાણે મૂકી દેવામાં આવ્યો છે.

મૂળ લડાઈ શાળાઓએ કેટલી ફી લેવી જોઈએ તે છે. મારા નસીબજોગે મારો સુપુત્ર હાલમાં જે શાળામાં ભણે છે ત્યાં ફી નું સ્તર અત્યંત યોગ્ય કહી શકાય તેટલું છે અને દર વર્ષે તેમાં નહિવત કહી શકાય તેટલો વધારો થાય છે.

પરંતુ ગયા વર્ષે સુરતમાં ગાળેલા દોઢ મહિના દરમિયાન શાળાઓ ઈત્તર પ્રવૃત્તિ તેમજ કન્વેયન્સના નામે કેવી કેવી અને કેટલી કેટલી ગંજાવર ફી ઉઘરાવે છે અથવા તો ઉઘરાવી શકે છે એનો આછો ચિતાર જરૂરથી મળી ગયો હતો અને સાચું કહું તો ફી ના એ આંકડાઓ વાંચીને શરીરમાંથી હળવું લખલખું પસાર થઇ ગયું હતું.

બાળકો માટે ઈત્તર પ્રવૃત્તિઓ જરૂરી છે જ એમાં ના નહીં કારણકે આપણે વાલીઓ ૩ ઈડિયટ્સ જેવી ફિલ્મો જોઇને બળાપો કાઢતા હોય છે કે આપણી શાળામાં બાળકોને માત્ર પુસ્તકિયું જ્ઞાન જ આપવામાં આવે છે. પણ તેનો મતલબ એવો નથી કે શાળાઓ જોર જબરદસ્તીથી એવી ઈત્તર પ્રવૃત્તિ કરાવે જેમાં બાળકને એક ટકો પણ રસ ન હોય.

ગુજરાતમાં હાલમાં મોટાભાગની શાળાઓમાં આ ચાલી રહ્યું છે. સ્કેટિંગ, સ્વિમિંગ કે પછી ઘોડેસવારી બધા બાળકોને એક્સાઈટ કરી શકે છે પરંતુ એમને તેમાં કાયમી રસ જાગશે જ એની ગેરંટી આપી શકાતી નથી. તો પણ આ શાળાઓ આ પ્રકારની ઈત્તર પ્રવૃત્તિ બાળકને રસ પડે કે ન પડે તો પણ માત્ર તેની ફી ઉઘરાવવાના બહાને વાલીઓને તે માથે મારે છે.

શાળા સંચાલકોની એ દલીલ કદાચ સ્વીકાર્ય હોઈ શકે કે જો તમારે શાળામાં બાળકોને AC કે અન્ય મોડર્ન સુવિધાઓ મળે એવી અપેક્ષા હોય તો જરૂરિયાત કરતા સહેજ વધુ ફી આપવામાં તમને વાંધો ન હોવો જોઈએ.

કદાચ વાલીઓને તેનો વાંધો છે પણ નહીં, વાંધો બિનજરૂરી પ્રવૃત્તિઓ માટે લેવાતી ઈત્તર ફી અંગે જ છે. ખરેખર તો જેમ આગળ કહ્યું તેમ ઘરમેળે આ મુદ્દો ઉકેલી શકાયો હોત જો વાત આટલી જ હતી તો, પણ પહેલાં સરકાર અને હવે છેક સર્વોચ્ચ ન્યાયાલય સુધી આ વાત પહોંચી છે અને લંબાઈ રહી છે.

મારા નાનપણથી હું જોતો અને સાંભળતો આવ્યો છું કે રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગુજરાતી બાળકો,

(અનુસંધાન પૃષ્ઠ ૩૨ ઉપર)

# પુસ્તક ભીતર છલાંગ

## 'નઈ તાલીમ : ગઈકાલ, આજ અને આવતીકાલ'

**ડૉ.દિનુ ચુડાસમા**

હિતેષ સરૈયા, મધુવન સોસાયટી, જેસર રોડ,
મુ. સાવરકુંડલા-૩૬૪૫૨૫. જિ. અમરેલી. મો. ૯૯૭૯૧૮૪૫૮૭
Email : dr.dinu.chudasama@gmail.com

**પરિચય**

**પુસ્તક શીર્ષક :**
**'નઈ તાલીમ : ગઈકાલ, આજ અને આવતીકાલ'**
**લેખકઃ ડૉ.મોતીભાઈ મ. પટેલ**
**સંપાદકઃ ડૉ.રમેશભાઈ મો. પટેલ**
**હેતુઃ ગુજરાતમાં નઈ તાલીમના લેખા-જોખા આપવા.**
**પ્રકાશકઃ ડિવાઈન પ્રકાશન, અમદાવાદ-અમૃત ચૌધરી**
**કિંમત : રૂા.૧૫૦ ● પાનાઃ ૧૫૬**

**લેખકનો પરિચય :**

ડૉ.મોતીભાઈ મ. પટેલ એટલે નઈ-તાલીમથી કેળવાયેલ જીવંત શિક્ષક,શિક્ષણના ભેખધારી માણસ, જગતના શિક્ષણ પ્રવાહોનો જાણતલ જણ, જીવનમાં પાયાની કેળવણીમાં કર્મરત રહી વિકસતો રહેલો શિક્ષક એટલે મોતીભાઈ પટેલ, આખા ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં જઈ ખરા શિક્ષણયજ્ઞોને જાણતા, માણતા, મર્યાદાઓ ચિંધતા અને વિશેષતાઓને નવાજતા વડીલ માણસ આજે ૮૧ વર્ષે પણ નિવત્તિમાં પ્રવૃત્તિમય શિક્ષણજગતનો સજાગ પ્રહરી કહો તો ચાલે.. હમણાં જ મોતીભાઈની આત્મકથા 'રેતી, છીપલાં, મોતી' પ્રગટ થઈ એમાં એમની જીવનભરની અનોખી સંઘર્ષસભર-મહેનતકશ,આનંદપ્રદ સફરનો હિસાબ એમણે આપી દીધો છે. એક ઋષિશિક્ષકના ચેતનવંતા પ્રવાહોમાંથી-સર્જનમાંથી ગુજરાતને શિક્ષણ બાબતે ઘણું મળી શકે એમ છે, મબલખ એમણે પ્રદાન કર્યું છે.

મોતીભાઈ સ્વયં નઈ તાલીમની કેળવણીના પરિશ્રમી સારથી અને કૃષક રહ્યા છે. ગાંધી-જીવન દર્શનને જીવનમાં આચરણ કરવા મથતા સભાન શિક્ષક હોવાથી ખાદીના વસ્ત્રો જ ધારણ કરે સાથે કલા અને સંસ્કૃતિના જ્ઞાતા પણ હોઈ તેઓ એક પુસ્તક 'મહાત્મા ગાંધીનું શિક્ષણદર્શન ' આપે તો સાથે સર્જક રવિબાબુ વિશે 'રવીન્દ્રનાથ ટાગોરનું શિક્ષણદર્શન' પણ આપે એટલે આ માણસ શિક્ષણને શ્વસતો બંદો છે. શિક્ષણયજ્ઞમાં નિમગ્ન મોતીભાઈ સર્જક શિક્ષક હોવાથી એમની નજર વૈશ્વિક શૈક્ષણિક વહેણોથી પરિચિત રહે છે. સંજીવની સમું શિક્ષણ બની રહે એની ખેવના રાખતા અભ્યાસુજીવ આખાબોલા અને સાચાબોલા કબીરની પરંપરાના માડુ મોતીભાઈ મ. પટેલ પાસેથી આપણને 'નઈ તાલીમ : ગઈકાલ, આજ અને આવતીકાલ' પુસ્તક તાજેતરમાં મળે છે. ડિવાઈન પબ્લિકેશન અમદાવાદ-અમૃત ચૌધરી પ્રકાશનની દુનિયામાં પોતાની મજબૂત હાજરી નોંધાવી રહ્યા છે એનો એક ઔર પુરાવો એટલે પ્રકાશિત પુસ્તક 'નઈ તાલીમ : ગઈકાલ, આજ અને આવતીકાલ'માં ચાલો આપણે પ્રવેશીએઃ

'નઈ તાલીમ : ગઈકાલ, આજ અને આવતીકાલ'માં ૧૪ લેખો નઈ તાલીમ વિશેની છણાવટ કરતા છે. આ પુસ્તક અર્પણ કર્યુંઃ ગુજરાતમાં નઈ તાલીમની જ્યોત પ્રજ્જ્વલિત રાખવા મથનારા સજાગ શિક્ષકો એવાઃ (૧) ડૉ.અરૂણભાઈ દવે (સણોસરા) (૨) ડૉ. અરવિંદ દેસાઈ (બારડોલી) (૩) જેસંગ ડાભી (અમદાવાદ) (૪) શૈલેષ પટેલ (અમદાવાદ) પુસ્તકમાં સંપાદક ડૉ.રમેશ મો. પટેલની કેફિયત પણ ઘણું કહી જાય છેઃ

'નઈ તાલીમઃ ગઈકાલ,આજ અને આવતીકાલ' પુસ્તકનું સંપાદન કરતાં મારું તો નઈ તાલીમ વિશેનું વિશ્વ

સમૃદ્ધ થયું. વિશ્વ કક્ષાએ નઈ તાલીમને સમજવામાં આ પુસ્તક નઈ તાલીમના કાર્યકરોને માટે અત્યંત ઉપયોગી થશે એવી મારી શ્રદ્ધા છે.

તા. ૨૨-૨૩/૧૦/૧૯૩૭ માં મહાત્મા ગાંધીજીના પ્રમુખપણા હેઠળ મળેલ દેશના દિગ્ગજ શિક્ષણવિદ્‌ના સંમેલનમાં વર્ધા મુકામે ગાંધીજીએ બુનિયાદી શિક્ષણનો શુભ વિચાર નઈ તાલીમ સ્વરૂપે માંજીને મૂકી-સમજાવી આપેલ હતો. બધાએ બાપુના આ શિક્ષણયજ્ઞની સૌરભને જે તે સમયે સહર્ષ વધાવી લીધી હતી, ગાંધીજી તો સ્પષ્ટ કહેતા કેઃ 'બાળક અથવા મનુષ્યના શરીર, મન અને આત્મામાં શ્રેષ્ઠ જે કાંઈ છે તે બધું બહાર આણવું એને હું શિક્ષણ કહું છું.'

મહાત્મા ગાંધીના આ શિક્ષણ વિચારો નઈ તાલીમમાં જોવા મળે, ગાંધીજી શિક્ષણના પાયામાં ઉદ્યોગ, કુદરત અને સમાજને મુખ્ય માનતા હતા.બાપુના રચનાત્મક કાર્યો બધા નઈ તાલીમના એકમેવ અંગો હતા. એ પ્રમાણેની શિક્ષણ પ્રણાલી જો ભારતમાં બધે જ ક્રિયાન્વિત થઈ હોત તો ભારતમાં આજે કેળવણીને જે ખો અપાઈ રહ્યો તે ના થાત. નઈ તાલીમમાં ગાંધીજી પર જેમના જીવનદર્શનની અસર હતી તે જહોન રસ્કિનના કેળવણી વિષયક વિચારો પણ ઝિલાયા હતા, રસ્કિને કહેલું : 'કેળવણીનું કાર્ય જે ન જાણતા હોય તે જણાવવાનું નથી, પણ જે ન આચરતા હોય તે આચરતા કરવાનું છે.'

સર્જન ગુણવંત શાહે પણ શિક્ષણ માટે કહ્યું છે : ''માનવ-પ્રતિભાના સર્વદેશીય વિકાસની પ્રક્રિયાને શિક્ષણ કહેવાય.''

ઉપરોક્ત શિક્ષણનો પાયો એટલે નઈ તાલીમ. જેને આપણે અત્યારે બુનિયાદી શિક્ષણ તરીકે ઓળખીએ છીએ. તે શિક્ષણ ડૉ. ઝાકિરહુસેનના પ્રમુખપદે નિમાયેલ સમિતિનો નિચોડ કહેવાય. કોણ હતા તે સમિતિમાં ? સાત નામ વાંચવાથી જ માથું નમી જાય છે : (૧) ડૉ. ઝાકિર હુસેન (૨) આર્ય નાયકમ (૩) ખ્વાજા ગુલામ સૈયુદી (૪) વિનોબા ભાવે (૫) કાકાસાહેબ કાલેલકર (૬) જે.સી. કુમારપ્પા અને (૭) કિશોરલાલ મશરૂવાલા.

સમિતિએ ૪૦ દિવસ મનોમંથન કરીને નઈ તાલીમ શિક્ષણનો નકશો તૈયાર કરી આપેલ હતો, જેમાં મહાત્મા ગાંધીજીના શૈક્ષણિક વિચારોનો સંગમ થયેલ હતો. ઝાકિર હુસેન સમિતિએ નીચે પ્રમાણે શિક્ષણની રૂપરેખા સર્જેલી. ચાલો આપણે પણ એ સભાનતાથી ધ્યાનમાં લઈએઃ

(૧) બુનિયાદી શિક્ષણનો સમયગાળો સાત વર્ષનો રાખવો. આ પ્રકારનું શિક્ષણ ૭ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને સાર્વત્રિક રીતે આપવું. (૨) શિક્ષણનું માધ્યમ માતૃભાષા રાખવું. (૩) સંપૂર્ણ શિક્ષણ કોઈ એક પાયાના ઉત્પાદક શ્રમના માધ્યમથી આપવું. (૪) શિક્ષણને સ્વાવલંબી બનાવવું. (૫) નાગરિકતાની કેળવણી આપવી. (૬) શિક્ષણ દ્વારા સહકારી સમાજનો આદર્શ સિદ્ધ કરવો. (૭) શિક્ષણમાં અહિંસક વિચારસરણીની કેળવણીને સ્થાન આપવું.

ઉપરોકત સાત સૂત્રોનો આચાર વિચાર કરવા માટે સમિતિએ બુનિયાદી શિક્ષણનો અભ્યાસક્રમ ઘડી આપેલ હતો જેમાં : (૧) માતૃભાષા (૨) ગણિત (૩) સામાજિક અભ્યાસ (૪) (૪) સામાન્ય વિજ્ઞાન (૫) કલા (૬) હિંદી (૭) શારીરિક શિક્ષણ (૮) પાયાના ઉદ્યોગમાં ઉત્પાદક શ્રમ.

સમિતિએ નઈ તાલીમ સેવતા વિદ્યાર્થીને પાયાના ઉદ્યોગો કયાં શીખવવા તેની યાદી જુઓ તો ખરા !

(૧) કૃષિકાર્ય (૨) કાંતણ- વણાટ (૩) સુથારી કે લુહારી કામ (૪) કુંભારી કામ (૫) ચર્મોદ્યોગ (૬) મત્સ્યોદ્યોગ (૭) બાગાયત (૮) દીકરીઓ માટે ગૃહવિજ્ઞાન (૯) વિશેષ સ્થાનિક પરિસ્થિતિ મુજબ.

જો એનો અમલ સટીક થયો હોત તો આજે ભારતમાં કરોડો બેકારો કર્મશીલ હોત.

ગાંધીજી ગામડાંને આર્થિક, સામાજિક અને

સાંસ્કૃતિક એકમ માનતા હતા, ગાંધીજીએ પોતાના વિચારો નઈ તાલીમના શિક્ષણ દ્વારા જગત સમક્ષ મૂકયા છે. ગાંધીજીએ નઈ તાલીમને ચારિત્ર્યનું નિર્માણ કરતી શિક્ષણ પદ્ધતિ કહી એ અર્થમાં 'પાયાની કેળવણી'માં નઈ તાલીમના છ સિદ્ધાંતો ગાંધીબાપુએ આપેલ તે તરફ નજર કરીએ :

(૧) બધી કેળવણી સ્વાશ્રયી હોવી જોઈએ એટલે કે મૂડી બાદ કરતાં બધું ખર્ચ પોતે ઉપાડે.

(૨) એ કેળવણીમાં છેવટ લગી હાથનો પૂરો ઉપયોગ થતો હોય, એટલે કે હાથ વડે કંઈક ઉદ્યમ છેવટ લગી થતો હોય.

(૩) કેળવણી માત્ર પોતાના પ્રાંતની ભાષામાં આપવી જોઈએ.

(૪) એમાં સાંપ્રદાયિક ધર્મને સ્થાન નથી. સાર્વજનિક નીતિને પૂરું સ્થાન હોય.

(૫) આ કેળવણી એવી છે કે જેને બાળક કે બીજા શીખે એટલે તે વિદ્યાર્થીના ઘરમાં ને ગામમાં પ્રવેશ કરે.

(૬) આ કેળવણી લેતા કરોડો વિદ્યાર્થીઓ પોતાને ભારતનું અવિભાજ્ય અંગ ગણશે. તેથી બધા પ્રાંતના છાત્રો સમજી શકે એવી એક ભાષા હોવી જોઈએ. આ ભાષા બંને લિપિ-નાગરી અને ઉર્દૂમાં લખાતી હિન્દુસ્તાની જ હોવી જોઈએ.

ગાંધીજીએ જીવનમાં આચરણ કરેલી નઈ તાલીમ શા માટે લાવવાની થઈ હશે ? કારણમાં અંગ્રેજોએ લાદેલી-લૉર્ડ મેકોલોએ સર્જેલી કારકુનો ઉત્પન્ન કરવાની પદ્ધતિએ આપણને નિર્બળ કર્યા છે. અંગ્રેજી શિક્ષણ પદ્ધતિએ ભારતના સમાજ અને સંસ્કૃતિ ઉપર ગહેરી અસર કરી છે અને કરશે. એમાંથી મુક્ત થવા નઈ તાલીમની કેળવણી આપવામાં આવે, રાષ્ટ્રીયકક્ષાએ એનો ફરજિયાત અમલ કરાવવા સરકાર પ્રતિબદ્ધ બને તો હજી આપણા ફાયદામાં છે એવો ધ્વનિ 'નઈ તાલીમ : ગઈકાલ, આજ અને આવતીકાલ'માં ૧૪ લેખોમાંથી ઊજાગર થાય છે. નઈ તાલીમની શિક્ષણ પદ્ધતિ આપણા માટે મહત્ત્વની બની શકે એ માટેના ચાર આધાર સ્તંભોની ચર્ચા પુસ્તકમાં લેખક મોતીભાઈ વગરે કરે છે જેવા કે : (૧) જાણવા માટેનું શિક્ષણ (Learning to know જ્ઞાન માટે અધ્યયન) (૨) સર્જન કરવા માટેનું શિક્ષણ (Learning to by ક્રિયા માટે અધ્યયન) (૩) બીજાઓ સાથે રહેવાનું શિક્ષણ (Learning to live together સામુદાયિક જીવન માટે અધ્યયન) (૪) જીવન માટેનું શિક્ષણ (Learning to be જીવનવિકાસ માટે અધ્યયન)

ગુણવંત શાહે નઈ તાલીમના ચાર પાયા ગણાવ્યા છે : (૧) સત્ય (૨) અહિંસા (૩) અભય અને (૪) સાધન શુદ્ધિ.

તેમાં પણ ગાંધીજીની જ વિચારધારા વહેતી જોઈ શકાય છે તો લેખક મોતીભાઈ પણ આ નઈ તાલીમના શિક્ષણને જ શિક્ષણ કહી કહે છે કે :

"નૈતિક મનુષ્યનું નિર્માણ એ કેળવણીનો પરિપાક છે. નઈ તાલીમ મારા જીવનમાં પ્રાથમિક શિક્ષક બન્યો ત્યારથી વણાઈ ગઈ છે. નઈ તાલીમ વિદ્યાર્થીકેન્દ્રી છે. અધ્યેતાકેન્દ્રી છે. નઈ તાલીમનો વિદ્યાર્થી આત્મવિશ્વાસુ - નીડર - સ્વાવલંબી અને સ્વાશ્રયી બને છે. તે પોતાની જાત પર ઊભો રહે છે. મહાત્મા ગાંધીજીએ આપેલી પોતાના જીવનની અમૂલ્ય અને અંતિમ ભેટ છે. નઈ તાલીમ આ દેશનો જ નહીં વિશ્વનો ઈતિહાસ રચી શકે તેવી તાકાત ધરાવે છે. નઈ તાલીમનો પ્રયોગ આવનારી પેઢી માટે આજની અને ગઈકાલની પેઢી કરતાંયે વધુ ઉપયોગી સાબિત થશે."

સમગ્ર પુસ્તકમાં નઈ તાલીમની વિગતે વાત સાથે એની વિશેષતાઓ અને કેટલીક મર્યાદાઓની ચર્ચા પણ લેખક તરફથી કરવામાં આવી છે. સાથે નઈ તાલીમ વિશે જાણકારી મેળવવા મથનારા સંવેદનશીલ વાચકોને પણ આ પુસ્તકમાંથી બધુ મળે તેમ છે, કેટલાંક પ્રકરણોના નામ જોઈએ :

(અનુસંધાન પૃષ્ઠ ૨૮ ઉપર)

# ગિજુભાઈ બધેકા : અસ્પૃશ્યતા નિવારણ અને દલિત કેળવણી

**પ્રવીણભાઈ.કે. મકવાણા**

આંગણકા પ્રા.શાળા, તા. મહુવા, જિ. ભાવનગર, ૩૬૪૨૯૫.

ગાંધીજી કહેતા કે ''અસ્પૃશ્યતા જીવે એના કરતાં તો હિન્દુ ધર્મ રસાતળ થઈ જાય એ હું વધારે ઈચ્છું.'' સામે પક્ષે આંબેડકરે એકવાર વિદ્યાર્થીઓને સંબોધતા કહેલું કે ''હું સૌપ્રથમ બેરિસ્ટર થઈને આવ્યો ત્યારે મહારડા બેરિસ્ટર (અપમાનજનક) એવું સંબોધી મને હીન બતાવીને આગળ પડતી જાતિના લોકો મને બેરિસ્ટર કહેતા હતા, પરંતુ મેં મારી યોગ્યતા સાબિત કરીને તેમના મોંઢા બંધ કર્યા હતાં. આમ ડૉ. આંબેડકરે કેટલી બધી અસમાનતાઓનો અનુભવ કર્યો હશેં તેનો ખ્યાલ અહીં આવી જાય છે. આમ વંચિત વર્ગને કેળવણી આપવી એ મહત્ત્વનું કાર્ય ગણાય છે. આથી ગિજુભાઈ પણ આ કાર્યને મહત્ત્વનું માની પ્રવાસે નીકળી પડતાં હતાં. પોરબંદર નજીક છાયા આશ્રમમાં બાલમંદિર ખુલ્લું મૂકવાનું આમંત્રણ મળતા ગિજુભાઈ બોલી ઉઠ્યાઃ ત્યાં તો મારે જવું પડશે ! પોરબંદર રાજ્યના દીવાનપદે ગિજુભાઈના બાલસખા ત્રિભુવન રાજા હતા. તે સમયે રૂઢિચુસ્ત સમાજને કારણે આભડછેટ વધુ હતી. હરિજન આશ્રમમાં જવું તે સમયે કેટલાક લોકોને ગમતું ન હતું. જ્યારે આભડછેટ વિશે ગિજુભાઈને ખબર પડી તરતજ કકળી બોલી ઊઠ્યાઃ કે ''આપણો લબાચો ઉઠાવો અહીંથી, ચાલો આશ્રમમાં,''

બાલમંદિરને જ્યારે ખુલ્લું મૂક્યું ત્યારે તેમણે કહ્યું '' આ બાલમંદિરની શારદા ભલે ચાર – પાંચ ચોપડી ભણેલી રહી, પણ તેણે મારી પાસે તાલીમ લીધી છે. આ બાલમંદિરને સાદાઈથી સમૃદ્ધ અને વધુ સુંદર બનાવ્યું છે. અહીં મોન્ટેસરી પદ્ધતિ લાવો. સાદી મોંન્ટેસરી પદ્ધતિનો મને અહીં અનુભવ થયો છે. અહીં શણિયાનાં આસનોને ચીથરાંની રંગીન કિનારોથી કલામય બનાવ્યાં છે. માટીની ભીંતને વાદળી રંગના પટ્ટાથી સુશોભિત બનાવી છે. હેમુભાઈએ પોતાની પીંછીથી સસલાં, તેમજ ખિસકોલાં દોરી સોનામાં સુગંધ મેળવી છે. આંગણામાં હાથે ઊઝેરેલ બગીચો છે. ખરી મોન્ટેસરી પદ્ધતિ સસ્તી છે. આ અધ્યાપનમંદિરમાંથી બોધપાઠ લીધા જેવો છે. મોન્ટેસરીએ મજૂર વર્ગમાં જીવન જીવતાં બાળકોમાંથી જ કેળવણી શરૂ કરેલી. આપણા જેવા ગરીબ દેશમાં આવા બાલમંદિરો જ રાષ્ટ્રવ્યાપી થઈ શકે. રાતે હરીજનવાસમાં ભજન સાંભળ્યા. બીજે દિવસે બરડાની મહેર સંસ્કૃતિ જોવા જાણવાં અધ્યાપનમંદિર સાથે ગામડાંઓમાં ફર્યા. જાહેર સભામાં, ટાઉનહૉલના ચોગાનમાં મળેલા શહેરીજનોને ગિજુભાઈએ બાલસંદેશો આપ્યો. ગિજુભાઈ ગદ્ ગદ્ બની બોલ્યા : ''તમે મને સાત સાત ઘોડા ગાડીઓમાં ફેરવ્યો, રાજ્યનો મહેમાન બનાવ્યો, મહાજને બહેનોને સાચવી, શિક્ષણપ્રેમીઓએ પ્રેમથી નવાજ્યો, એ બધું કદાચ હું વીસરી જઈશ, પણ કાલે રાતે હરીજનવાસનાં એ ભજનો અને આશ્રમનાં બાળકોએ કરેલી અમારી સેવા અને મહેમાનગતિ ક્યારેય હું નહીં ભૂલું.'' પછીના વરસે આશ્રમની પાંચ બાળાઓ અને પાંચ કુમારોને ભાવનગર દક્ષિણામૂર્તિમાં ગિજુભાઈએ પોતાના નિવાસે ઉતારો આપ્યો. ગિજુભાઈએ જમતી વખતે કહ્યું : 'આજે બાલમંદિરના ચોગાનમાં આપણાં મોંઘા અતિથિઓ સાથે આપણે સમૂહ ભોજન લેશું.' બધા વર્તુળમાં ગોઠવાયા. વચમાં રંગોળી પૂરી ફૂલદાનીઓ મૂકી. કેળના પાનમાં વાનગી પીરસાઈ. ભોજન શરૂ કરતાં પહેલાં ગિજુભાઈ બોલ્યા : ''આટલાં બધા ભાઈ બહેનો, જેમાં કેટલાંક રૂઢિચુસ્ત વાતાવરણમાં ઉછર્યા છો, છતાં હરિજન બાળકો સાથે બેસી ભોજન લો છો, તે આનંદની વાત છે. હું પોતે ધન્યતા અનુભવુ છું.'' બહેનોએ બાળકોને અક્ષતકંકુ કર્યા. ૧૩૧ રૂપિયાનો થાળ તેમને ચરણે ધર્યો.સૌ સાથે જમી, રમીને આનંદ કર્યો. આમ આ પ્રસંગ હરિજન બાળકો પ્રત્યે ગિજુભાઈનો પ્રેમ અને લાગણી સ્પષ્ટ જણાઈ આવે છે.

આમ ગિજુભાઈ માત્ર ભાવનગર દક્ષિણામૂર્તિના જ નહીં પણ સમગ્ર દલિતો, વંચિતોના હિતચિંતક કહી શકાય. રૂઢિચુસ્ત વિચારો ધરાવતા સમાજમાં પણ તેમણે અસ્પૃશ્યતા નિવારણનું ઉચ્ચતમ સમાજમૂલ્ય વિદ્યાર્થીઓ અને તાલીમાર્થીઓ થકી સમાજમાં લાવવા પ્રયાસ કર્યો હતો. ડૉ. આંબેડકરની દલિત ઉત્થાનની ભાવના સાકાર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. એક જંગમ વિદ્યાપીઠ, હરતી, ફરતી વિદ્યાપીઠ એટલે ગિજુભાઈ. સમાજમાં અસ્પૃશ્યતા નિવારણ થકી સમાજમાં નૂતન મૂલ્યો સ્થાપિત કર્યા છે.

ગિજુભાઈની કેળવણીને સમગ્ર રીતે સમજીને ભાવિ ભૂલકાને શિક્ષિત બનાવીએ.

"A child is a complete person, has intellect, emotions, mind and understanding, has strengths and weakness and has likes and dislikes… Let us understand the emotions of the child." આપણે સૌ સાથે મળી દલિત બાળકોને શાળામાં શ્રેષ્ઠ શિક્ષણ આપી સમાજને સમરસ બનાવીએ.

સંદર્ભ સૂચિ. (૧) બાલ શિક્ષણના પ્રણેતા ગિજુભાઈ — લેખક- રામનારાયણ પાઠક. (૨) સામાજિક ક્રાંતિના મહાનાયક ડૉ. બાબા સાહેબ આંબેડકર, લેખક- કિશોર મકવાણા. (૩) THEORY AND PRINCIPLES OF EDUCATION. 13 THE EDITION- J.C.AGGARWAL.

**શિક્ષકોના યે શિક્ષક**

શિક્ષક ત્યારે ગદ્‌ગદિત હતો. મોડાસાને વિદ્યાધામ તરીકે પ્રતિષ્ઠા અપાવનાર તેઓની પાસે ત્યારે શબ્દો ઓછા હતા. ઉમાશંકરભાઈ બધું પારખી ગયા હતા. તેમણે આંખમાં આંસુ સાથે ધીરુભાઈની શૈક્ષણિક સેવાઓને બિરદાવતાં કહ્યું : "મારે મારા વતનમાં જે કામ કરવું જોઈએ એ ન કરી શક્યો તેનો મને આજે અફસોસ છે. પણ ધીરુભાઈએ અહીં વસીને એ કાર્ય કર્યું. એ માટે હું તેમનો ભવોભવનો ઋણી છું."

ધીરુભાઈ આજે પણ, જીવનના સાડા આઠ દાયકા ઉપર પહોંચ્યા પછીય, ગુજરાતી ભાષાના વિશ્વકોશના કાર્યમાં ખૂંપેલા છે. તેઓ રુંવે રુંવે શિક્ષક છે. અનેક શિક્ષકોના તે શિક્ષક રહ્યા છે.

# … અને ભોગવે ભોરિંગ

**હરિત પંડ્યા**

૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૩૮૭૦૦૨.
મો. : ૯૪૨૮૬૯૯૮૫૪

અને મહિનાઓથી મહેનત પછી બંગલો તૈયાર થઈ ગયો. એની દીવાલો પર મજાના રંગોનો હાથ લાગી ગયો. બારીઓ અને બારણાં પર આકર્ષક પડદા ઝૂલતા થઈ ગયા. બધા જ રૂમોમાં પંખા તથા લાઈટનું ફીટિંગ પણ થઈ ગયું. શયનખંડમાં અને બેઠક રૂમમાં તો એ.સી.ય આવી ગયા. બંગલામાં પ્રવેશવાનો ઝાંપો કલાત્મક હતો. કંમ્પાઉન્ડ વોલની બહારની બાજુએ લગાવેલી નેઈમ પ્લેટ બંગલાની શોભામાં અભિવૃદ્ધિ કરતી હતી.

અને બંગલાના માલિકના પરિવાર ભેગો ડોબરમેન પણ કંમ્પાઉન્ડમાં આંટો મારતો થઈ ગયો.

બંગલાના નિર્માણનું કામ પત્યું એટલે કડિયા, સુતાર તથા અન્ય શ્રમિકોને બંગલામાંથી વિદાય કરવામાં આવ્યા.

બંગલાની બાજુમાં એક હવડ મકાન હતું. એનું છાપરું બેસી ગયેલું. એની દીવાલો પરનું પ્લાસ્ટર ઘણી જગાએથી ઊખડી ગયેલું. દીવાલોમાં પડેલી ફાટોમાં ઊગી નીકળેલું ઘાસ બહાર ડોકાઈ રહ્યું હતું. એમાં પડેલ બાકોરાં દ્વારા મકાનની અંદર પ્રવેશીને ઉંદરો, ખીસકોલીઓ હડિયાદડી કરતાં રહેતાં.

ઉંદરોની એક નાનકડી ટોળકીએ એમના નિવાસ માટે એ મકાનમાં એક સરસ મજાનું દર બનાવવાનું શરૂ કર્યું.

નાગે, ઉંદરોએ રચેલાં દરનો કબજો સંભાળી લીધો.

# નારી વિકાસ માટે સ્વામી વિવેકાનંદના વિચારો

**ડૉ. પલ્લવી કે. શાહ**

આચાર્ય, મા આશાપુરા કૉલેજ ઑફ એજ્યુકેશન,
ભૂજ-કચ્છ.
મો. ૯૪૨૯૫૪૭૯૬૫

"શું તમે તમારા દેશની સ્ત્રીઓની ઉન્નતિ કરવા શક્તિમાન છો ? જો ઉન્નતિ કરશો તો જ ભાવિ કલ્યાણની આશા છે નહીં તો તમારો અને તેમનો પશુજન્મ દૂર થશે નહીં" આ શબ્દો છે સ્વામી વિવેકાનંદના. આ શબ્દો ચિતાર આપે છે ભારતીય નારીની પરિસ્થિતિ. એની કથળી ગયેલી હાલતનો એને લીધે થયેલી દેશની પાંગળી દશાનો. એનો માનવ જન્મ પશુ જેવો હતો તેનો. સ્ત્રીઓની આ પરિસ્થિતિ કેવી હતી ? રાષ્ટ્રકવિ મૈથેલીશરણ ગુપ્તના શબ્દોમાં કહું તો...

અબલા જીવન હાય તેરી યહી કહાની
આંચલ મેં દૂધ ઔર આંખો મેં પાની

સ્ત્રી એટલે પુરુષના ભોગોનું સાધન. એને કોઈ જ બાહ્ય પ્રવૃત્તિ નહીં. ચાર દીવાલની વચ્ચે ગોંધાઈ રહેવાનું, પુરુષ વર્ગ તરફથી થતા દરેક જુલ્મો ત્રાસ અબોલ રહીને સહેવાના. આવી પરિસ્થિતિ વચ્ચે વિધવા પુનઃલગ્ન કે એવા બીજી બાબતોનો તો સવાલ જ ઉપસ્થિત થતો નથી. પતિની પસંદગીમાં પણ તે સ્વતંત્ર ન હતી. અરે ! સ્વતંત્રતાની વાત જ ક્યાં કરવી બાળ લગ્નો જ થતા હતા. પુરુષોને ગમે તેટલા લગ્નો કરવા હોય. કોઈ પણ ઉંમરે તેમને કોઈ બાધ જ નહોતો. સાઈઠ વર્ષનો પુરુષ કુમળી કળી જેવી બાર વર્ષની કન્યાને પરણી શકતો. પણ છોકરી જો વધારે મોટી થઈ જાય તો તેટલી વધુ રકમ દહેજમાં આપવી પડતી. નારીના અસ્તિત્વનું કોઈ મહત્ત્વ જ ન હતું. એને માર પણ મારી શકાતો. ઈચ્છા મુજબ તેનું શોષણ થઈ શકતું. એનો ગમે તે ઉપયોગ થઈ શકતો. એમ જ કહેવાતું.

ઢોર ગૈવાર પશુ અરુ નારી
યે સબ તાડન કે અધિકારી

પણ આવી પરિસ્થિતિ સર્જાઈ કેવી રીતે ? એના માટે સ્વામીજીના શબ્દોમાં જોઈએ તો "આપણી રૂઢિઓમાં સ્ત્રી વિષયક જે અસમાનતા દેખાય છે તેનું કારણ દેશકાળની પરિસ્થિતિ યાને સંજોગો છે." એટલે કે અમુક સમય એવો આવી ગયો જેમાં સ્ત્રી જાતિનું સમગ્ર રીતે પતન થયું. એક એવી વિષમ પરિસ્થિતિ આવી ગઈ કે જેણે સ્ત્રીઓની આવી દશા કરી.

આપણી પ્રાચીન આર્ય સંસ્કૃતિ આવી ન હતી. દરેક ધર્મકાર્યમાં સ્ત્રીની ઉપસ્થિતિ અનિવાર્ય લેખાતી. સ્ત્રીની હાજરી વિના ધર્મનું કાર્ય શક્ય ન હતું. આપણી પુરાણ કથાઓના ઉદાહરણો આ વાતના સાક્ષી છે. વરની પસંદગી હોય કે યજ્ઞ હોય કે પછી વિવિધ વિદ્યા શીખવાની હોય સ્ત્રીને સંપૂર્ણ સ્વતંત્રતા હતી. ભારતીય સંસ્કૃતિમાં નારીનું સ્થાન ખૂબ ઊંચે છે. એ તો કહે છે : અત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ. ભારતમાં, આર્ય સંસ્કૃતિમાં સ્ત્રી શક્તિ છે. પૂજનીય છે. એનું સ્થાન માતા તરીકેનું છે એની અવદશા હોઈ શકે નહીં. છતાં પણ નારી બેહાલ બની. અબળા બની. એની આ પરિસ્થિતિએ ભારતના ચિંતકોને, સમાજ સુધારોને હલાવ્યા. ચિંતિત કર્યા. એમાંના એક ભારતના નરવીર અને ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતા એવા સ્વામી વિવેકાનંદ સ્ત્રીઓની પરિસ્થિતિ અંગે એના ભૂત, ભાવિ અને વર્તમાન અંગે ઘણું વિચાર્યુ અને પ્રવચનો દ્વારા એ વાત વહેતી મૂકી. ભારતીય નારીના વિકાસ માટે સ્વામીજીએ આપેલ ઉપદેશના કેટલાક અંશો જોઈએ.

**સ્ત્રી વર્ગને નિરાકણ કરવા જેવા કોઈ પ્રશ્નો છે ખરા ?**

આ પ્રશ્નના જવાબ આપતાં સ્વામીજી કહે છે :

"અલબત છે જ. અને તે પણ અનેક ઘણા ગંભીર હોવા છતાં." સુશિક્ષણના જાદુઈ મંત્રથી જેનું સમાધાન ન થઈ શકે તેવો એક પણ પ્રશ્ન નથી. આ સુશિક્ષણની વ્યાખ્યા આપતા તેઓ કહે છે કે : "શિક્ષણ એટલે સ્ત્રીઓને કેટલાક શબ્દો શીખવવા એમ નથી પણ બુદ્ધિશક્તિનો વિકાસ અને વ્યક્તિઓને પોતાની ઈચ્છાશક્તિ સત્ય માર્ગ સંપૂર્ણ અને પ્રબળ રીતે વાપરતા શીખવવું તે." એવા સત્ય શિક્ષણથી જ મહાન અને નીડર સન્નારીઓની ખોટ ભારતને પૂરી પડશે.

"આપણી માતૃભૂમિના કલ્યાણ માટે તેના કેટલાક બ્રહ્મચારી અને બ્રહ્મચારિણીઓ થવાની ખાસ જરૂર છે."

"શિક્ષણ દ્વારા તેમનામાં ધૈર્ય અને શૌર્યના ગુણો પણ લાવવા જોઈએ જેથી આત્મરક્ષાનો ગુણ પણ તેમનામાં વિકસે."

"નારીભાવના અને સ્ત્રી ભાવનાનો વિકાસ કરવા સ્ત્રી મઠ સ્થાપવાનો ઉદ્યમ પણ કર્યો."

તેમણે દેશની નારીઓને કહ્યું : "જે સંદેશ આ દેશના પુરુષોને આપું છું બરાબર તે જ સંદેશ હું આ દેશની નારીઓને આપું છુ. ભારતમાં અને ભારતીય ધર્મમાં શ્રદ્ધા રાખો. સામર્થ્યવાન બનો. આશાવાદી બનો. અને ખોટી શરમ અને ભીરુતાનો ત્યાગ કરો. સર્વદા યાદ રાખજો કે જગતની બીજી કોઈપણ પ્રજા કરતાં હિંદુને લેવાનું થોડું છે પણ આપવાનું અનંત ઘણું વધારે છે."

સ્વામીજીએ આપેલા આ ઉપદેશને વેગ મળ્યો. એમના વિચારો ફેલાતા ગયા અને ધીરે ધીરે એ આચારમાં પરિણમ્યા. સમાજનો દૃષ્ટિકોણ બદલાયો. સ્ત્રી સ્વતંત્રતા અને સ્ત્રી સમાનતાનો જુવાળ ઊઠ્યો. સ્ત્રી પર થતા જુલ્મોની સામે જેહાદ જાગી. સમાજની ચેતના ખળભળી ઊઠી પરિણામે આજે સ્ત્રીઓની પરિસ્થિતિ સુધરી છે. જાહેર ક્ષેત્રમાં આજ સ્ત્રીઓ મોખરે છે. વિધવા પુર્નલગ્નને આવકાર મળ્યો છે. બાળલગ્નો પર કાયદાનો પ્રતિબંધ છે. સતી થવાની પ્રથા નેસ્તનાબૂદ થઈ ગઈ છે. પડદા પ્રથા ગઈ. પરિણામે આજે સમાજનું એક અંગ જે પક્ષાઘાતથી પીડાતું હતું તેને નવું જીવન મળ્યું છે. પાંખો મળી છે.

હજુ પણ સ્વામીજીના ઉપદેશમાંથી ભારતની નારીએ કેટલીક બાબતો વિશેષ ગ્રહણ કરવા જેવી છે. એમના ઉપદેશ પ્રમાણેની અપેક્ષા તો હજી એનાથી વિશેષ છે. સ્વામીજીએ તો ભારતની નારીને પવિત્ર સીતા જેવી પતિવ્રતા સાવિત્રી જેવી અને હિંમતમાં ઝાંસીની રાણી જેવી કલ્પી છે.

હાલની પરિસ્થિતિમાં સ્ત્રીઓ પર થતા બળાત્કાર, સ્ત્રીઓના આપઘાત, તેમને લલચાવી ફોસલાવી વેંચી દેવાના પ્રસંગો ટાળી શકાય. સ્વામીજીના સંદેશને વધુને વધુ ફેલાવી શકાય તેનું અનુસરણ થાય તો ઘણાં અંશે મુક્તિ મેળવી શકાય.

---

**પુસ્તક ભીતર છલાંગ**

(૧) મહાત્મા ગાંધીજીના શૈક્ષણિક વિચારો આજે અને આવતીકાલના સંદર્ભમાં (૨) નઈ તાલીમ વૈશ્વિક સંદર્ભે (૩) નઈ તાલીમમાં મૂલ્ય શિક્ષણ : નવી શિક્ષણનીતિના સંદર્ભમાં (૪) નઈ તાલીમનો આચાર્ય કેવો હોય ? (૫) ગુજરાતમાં નઈ તાલીમ.

લેખકે જીવનભર નઈ તાલીમની પદ્ધતિનો અભ્યાસ કરતા રહી, ગુજરાતમાં શૈક્ષણિક પ્રવાસો કરતા રહી આ કેળવણીના પ્રચાર-પ્રસારમાં જીવન જીવ્યું છે. આજે તો મોતીભાઈ નઈ તાલીમ સંઘના પ્રમુખ છે. તેથી મોટાભાગે પુસ્તકમાં અનુભવની વાત વહેતી રહે છે. આ પુસ્તક આપીને મોતીભાઈ જાણે કે નઈ તાલીમનું ઋણ સ્વીકારતા હોય એની અનુભૂતિ મને થઈ રહી છે. નઈ તાલીમના મોતીચારા જેવું અને દરેક શિક્ષકે વાંચવું અનિવાર્ય એવું અને યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં રાખવા જેવું પુસ્તક આપવા માટે લેખકને સલામ અને સંપાદક ડૉ. રમેશ પટેલને હાર્દિક અભિનંદન.

# ગિરનો સિંહ : સિંહનું સિંહાવલોકન

તખુભાઈ સાંડસુર

ડૉ. સંદિપકુમાર અને મોઈન પઠાણની કૃતિ 'ગિરનો સિંહ' સિંહની સંપૂર્ણ ઓળખ રસ પ્રચુરતાથી કરાવે છે જ પણ ગિરની વનસંપદા તથા તેના સૌદર્યનો ઘૂંઘટ ખોલી નાખે છે. સિંહનું નામ જ રોમહર્ષણ છે. તેનું દર્શન અને ત્રાડ શરીરમાં ઉત્તેજનાત્મક લખલખું પેદા કરી જાય છે. વન્યપ્રાણી કથાઓ, શિકારકથાઓનો ગુજરાતી સાહિત્યમાં ખાલીપો અનુભવાય છે. લેખક રૂબીન ડેવીડની થોડી કૃતિઓ અંગુલી નિર્દેશ પૂરતી જ છે. ત્યારે ગિર સિંહ માટે જીવી જાણનાર ડૉ. સંદિપ પોંખવા જેવા મહાનુભાવ છે.

૩૧૨ પાનાની આ રચના 'લાયન બાયૉગ્રાફી' ગણી શકાય. ૩૫ વૈવિધ્યપૂર્ણ પ્રકરણો ગાંડી ગર્ય અને સફારીમાં જીપ્સીમાં બેસીને સિંહદર્શનની લેખક સફર કરાવે છે. લેખકો ભાષાના ઓછા પણ ભ્રમણના માણસો વધુ છે. સર્જક ડૉ. સંદિપકુમાર લાંબા સમય સુધી ગિરની કેડીઓમાં રખડપટ્ટી કરતા અનુભવાય છે. તેઓ જંગલના એક એક જીવની વેદના પોતાની જ ગણતા રહ્યાનું સતત કૃતિમાં નિરૂપાતું દ્રશ્ય થાય છે. સમર્પિત રીતે સમગ્ર સૃષ્ટિ સાથે જોડાયેલા આ સર્જકોની કૃતિ સાહિત્યની યશકલગી ગણાવી શકાય.

'પ્રારંભથી પરિણામ' પ્રકરણ કૃતિ બીજ અને તેના હેતુઓની પ્રસ્તુતિ કરે છે. 'માનવીય મૂલ્યોમાં સાવજ, સિંહનો વાલી સમાજ'માં ગિરની પ્રજાનું સિંહ સાથેનું તાદાત્મ્ય, લગાવ બિંબિત થાય છે. એક પ્રવાસી જ્યારે સાવજ વિશે ઘસાતું બોલે છે. ત્યારે ગિરનો એ કિશોર ઉકળીને જડબાતોડ જવાબ આપે છે. કહે છે સાવજથી અમે અને અમારાથી સાવજ છે. છેલ્લે અંગ્રેજીમાં તેને સંભળાવે છે. Do Not Step down when you are in the sanctuary area, આ પ્રજાની ખુમારી છાતી સોંસરવી ઉતારવામાં લેખક સો ટચ સાબિત થયા છે.

ગિર એવમ્ સાવજનો ઈતિહાસ પૃષ્ઠભૂમિ, નવોઢાનું સૌદર્ય સિંહમાં રૂપાંતર, સિંહનું શાસન, ઉઠવુ-પડી જવું. બેસવું, સિંહની અંગત પળો, સિંહનું મેનુ, સિંહની જાળવણી જેવા લેખોમાં થયેલી વાતો કાબિલે તારીફ છે. સિંહના લક્ષણોથી વૈશ્વિક સ્થિતિ, ગિરનાર જંગલમાં સિંહ બચાવવા જુનાગઢના નવાબની ભૂમિકા, બાદશાહ તથા જંગલના રાજાનો સમાનગણ રચાય છે. સ્વતંત્રતા સુધી માત્ર ૫૦નો આંકડો ધરાવતા સિંહોને ૫૦૦ને કેમ પાર કર્યો, વૃદ્ધિ કરવાની આ યોજનાનો ઉલ્લેખ અદ્ભુત છે. સર્જકો સરકારી અધિકારી અને વેપારી જ નથી પણ માનવીય સંવેદનાથી જીવતું કાળજુ લઈને ફરતાં મહામાનવો દેખાય છે. સિંહોની રેસક્યૂ સેન્ટરમાં થતી સારવાર, જંગલના રાજાની રેડિયો કોલરથી થતી દેખભાળની પદ્ધતિ પણ જિજ્ઞાસુ માટે ખૂબ ઉપયોગી છે. બચ્ચાઓનો સાસણમાં થતો ઉછેર, તેના પુનઃસ્થાપનની સમગ્ર પદ્ધતિ 'પાર્થ-પૂજા, પુર્નગઠન,' જેવા પ્રકરણોથી ઘણી જ ઉપયોગી માહિતી પ્રસ્તુત થાય છે.

સમ્રાટોના પડઘા ૫૮ પાનાનું પ્રકરણ સિંહ રામાયણ છે. સિંહનું સમૂહજીવન, તેનો બાળ, યુવાન, વૃદ્ધત્વ વર્તાવ,નર-માદાના સંબંધોનું ભાતિગળ ચિત્ર, અલગ અલગ ઘટનાઓથી નિષ્પન્ન તારણો, બાળ ઉછેરમાં માદાની સાવધાની – માતૃત્વનું અમીઝરણું એક માતા પોતાના સંતાનો માટે પ્રાણી હોવા છતાં કેવો ભોગ આપે છે તે વાત આજની સાપ્રંત સામાજિક વિષમતા માટે બોધવાચક બની રહે છે. એક મા અણમાનીતા નરને પણ સ્વીકારીને બાળને બચાવે, કેવો ત્યાગ..!! દિપડાની ઘેરાબંધીમાં સપડાયેલા સિંહ બાળનો બચાવ, કિડીખાઉનો શિકાર કરવાની બાળ સિંહોની ચેષ્ટા જંગલની અલભ્ય વાર્તાઓના અનુભવ કરાવી જાય છે.

હિરણ નદીના પુલ પરથી સિંહનો બચાવ કુદકો આખરી બની રહે. તેની મરણ ત્રાડ ગિરને ગમગીન બનાવી મૂકે. સિંહણનું પોતાના બચ્ચા માટે કૂવામાં કુદી

પડવાની બીના સૌ કોઈને શોકાગ્ન કરી જાય છે. આઠ સિંહોનો તેની અંગ તસ્કરી માટે શિકાર જંગલ નહીં પરંતુ જમીનને પણ ઝલઝલા કરી જાય છે. તેની પ્રસ્તુતિ 'ધુસણખોરીના આંચકામાં' આવે છે.

ગિરના સૌંદર્ય કમલેશ્વર, જંગલની રાતનો જલસો વાંચકોને પ્રત્યક્ષદર્શી બનાવી જાય છે. અજાણ્યા રખેવાળ વનકર્મી મહમદભાઈનું અદમ્ય સાહસ દિપડા માટે પોતે જીવે તો છે પણ મરવાની તૈયારી પણ એટલી જ તે સાબિત કરી દે છે. ફોટોગ્રાફરની ફોટો લોલુપતા સિંહ-સિંહણની અંગત પળોમાં વિક્ષેપ કેવો પ્રાણઘાતક હોય તે લાયન શૉનો શોર્ટ રૂટ પકડનારા માટે ચેતવણી રૂપ છે. સિંહણ-નીલ ગાયની લડાઈમાં સિંહણનું ઘવાવું, પછી તેના ઉંડા ઘાવમાં ટાંકા લઈ સારવાર થાય અને પછી તે સિંહણ ટાંકાળી તરીકે ઓળખાય આખો ઘટનાક્રમ તમને પકડી રાખે છે.

પ્લેબોય રાજુની રસિકતાથી પ્રાણીઓના પ્રણયરસની વિપુલતાનો ખજાનો ખોલે છે. સિંહ નર-માદાના પસંદગીના ધોરણો સમય ઋતુ વગેરે વિગતો માટે ઉપયોગી બને રહે છે. વાચકને એક વધુ રસમાં ઝબોળવાની તક અહીં, સર્જકોએ ઝડપી છે. જંગલના રાજાનું સાસણની બજાર- સ્ટેશનમાં આગમન રોમાંચક વર્ણન છે. પ્રવાસન ઉદ્યોગના વિકાસની શકયતાઓ ગિરની કૃષિ તથા કૃષિકારનો દષ્ટિકોણ ધારાવાહિક રીતે આવતો રહે છે. ઝરખ, શી ચીતલ, મોરના જીવનની ઘટમાળ તથા શિકારથી બચવાની તરકીબો જાણવા જેવા છે. આફ્રિકાથી આવેલા સીદી સમાજનો ગિરના વસવાટ અને તેના કારણોનો જવાબ અહીં મળે રહે છે. બરડો, શેત્રુંજીના કાંઠાળ વિસ્તારમાં સાવજોના આવાગમનની માહિતી રજૂ કરવામાં આવી છે.

તમામ પ્રકરણો પ્રવાહી રીતે ધસી આવતા દેખાય છતાં સાતત્યની ગેરહાજરી નજરે પડે છે. માહિતી, કથા સંમિશ્રિત થઈ જતાં આયોજન તૂટી જાય છે. ઘટનાઓમાં વર્ણનાત્મકતા ઓછી છે. સિંહની સંખ્યા, વિસ્તાર વગેરે આંકડાઓ સતત પુનરાવર્તિત થતાં જણાય છે. સિંહના શરીર તેની જીવનની લાક્ષણિકતાઓ અલગ પ્રકરણમાં મૂકી શકાયું હોત તો છૂટી ગયેલી વજન ઊંચાઈ, લંબાઈ વગેરે જેવી ઘણી બાબતો સમાવિષ્ટ થઈ હોત. ગિરના સિંહની કથની સમગ્ર રીતે ભારતીય સાહિત્યનું એક મહામૂલુ નજરાણું બની રહ્યું છે. અભ્યાસુઓ માટે આ પુસ્તક આધારસ્તંભ બની શકયું છે. લેખકોએ કરેલી આ પ્રકૃતિસેવા યુગો સુધી સૌને યાદ રહેશે. તે માટે બંને લેખકોને શુભકામનાઓ.

# મહેચ્છા મારી.....

**અમિષાબહેન ભાવસાર 'અમી'**

સ.કુ.-૧

**હે ઈશ્વર મહેચ્છા મારી.....**
**હું પુષ્પ બની ખીલી ઉપવને આ ધરાને મહેકાવું.**
**નથી ગૂંથાવવું હાર કે વેણીમાં,**
**મહેચ્છા મારી કે ઈશ્વર તારા ચરણોમાં નમન કરું.**

**હે ઈશ્વર મહેચ્છા મારી કે**
**નભમાં ચંદ્ર બની ચમકાવું ચાંદની,**
**નથી થાવું પૂર્ણિમા કે અમાસ**
**મહેચ્છા મારી કે બીજનો ચંદ્ર બની તવ મસ્તકને શોભાવું.**

**હે ઈશ્વર મહેચ્છા મારી કે**
**હું માણસ બની આવું પૃથ્વી પર**
**નથી થાવું ઈશ્વર કે નથી થાવું અલ્લાહ**
**મહેચ્છા મારી કે માનવ બની મહેકાવું હું માનવતાને.**

**નથી થાવું મહાવીર કે નથી થાવું ઈસામસીહ**
**નથી થાવું ગુરુનાનક કે નથી થાવું અષો જરથ્રુષ્ટ**
**નથી થાવું રામ કે નથી થાવું ક્રિષ્ણ,**
**હું માનવી 'માનવ' થાઉં તો ઘણું.**

# Digitalization of education

**મિતલ પટેલ " પરિભાષા"**

**૧૪, ઓમ રેસીડેન્સી, ન્યુ વાવોલ, ગાંધીનગર.**

Computer, internet અને calculator ….
છે બાળકના cultivatro
હાથ ઝાલીને હાથ પકડાવો તેમને.
આ જ સાધનો છે ભવિષ્યના Motivator.

સતત પરિવર્તન એ સંસારનો નિયમ છે. પરિવર્તન સામે ટકી રહેવુ હોય તો શિક્ષકે શિક્ષણના ડિઝિટલાઈઝેશનને ખાતરીપૂર્વક અપનાવવું જ પડશે ને તેમાંજ શિક્ષણની સાર્થકતા છે. શિક્ષણનો અર્થ જ જ્ઞાન સંપાદન એવો થાય છે અને તેમાં સાંપ્રત પ્રવાહોવહેવા અપડેશનની જરૂરી છે.

ટેલિકૉન્ફરન્સ ખૂબ જાણીતો શબ્દ છે. ખૂબ જ effective learning method છે. ટેલિકૉન્ફરન્સ બાળકને દુનિયાના કોઈપણ ખૂણામાં બેઠેલા તજજ્ઞ સાથે એકસાથે virtual class ઊભો કરી ચર્ચા કરી શકે, ભણી શકે, પ્રશ્નો પૂછી શકે, તેના જવાબો પણ મેળવી શકે. ૫-૬ શાળા ભેગી થઇ ગ્રૂપ ટેસ્ટ અથવા ગ્રૂપ કૉમ્પિટિશનનું પણ આયોજન થઇ શકે. બાળક માટે education system સાવ boring થઇ જાય તે માટે આ Digital Technology ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. દ્રશ્ય-શ્રાવ્ય સાધનો અને 3D Videos, educational movie જ બાળકો માટે acceleratorનું કામ કરે છે. શિક્ષક NCERTના નવા અભ્યાસક્રમની પ્રકરણ પ્રમાણે પારદર્શકતા બનાવી પ્રોજેક્ટરથી ભણાવી શકે જેથી માત્ર બોલીને ભણાવેલ વિષય કરતાં આ પદ્ધતિ બાળકોને સહેલાઇથી સમજાવી શકાશે ને યાદ રહી જશે. ફક્ત એક જ વાર બનાવેલી પારદર્શકતા કાયમ માટે દર વર્ષે શિક્ષક તેના ઉપયોગથી ભણાવી શકશે. પાવરપોઈન્ટ સ્લાઈડ બનાવીને પ્રેઝન્ટેશન તૈયાર કરી શકાય. આ સ્લાઈડમાં વિજ્ઞાનના વિષયના વિડિયોની લિંક પણ મૂકી શકાય. વિજ્ઞાનના અલગ-અલગ વિષય માટે આવી સ્લાઈડ બાળક માટે live experience બની શકે. ગુજરાતી, અંગ્રેજીમાં પણ આવી સ્લાઈડ બનાવી શકાય. જેમાં કવિતાની lyrics સાથીની લિંક મૂકી શકાય. સમાજમાં જે તે ભૂગોળ, ઇતિહાસના વિવિઘ સ્થળો, ઐતિહાસિક સ્મારકોનો બાળકોને આવી video slide દ્વારા જીવંત અનુભવ કરાવી શકાય અને વિષયના Broedomમાંથી તેને મુક્તિ અપાવી શકાય.

અમુકવાર વિજ્ઞાનના અમુક પ્રયોગો કરવામાં પૂરતા સાધનો, કેમિકલ હોતા નથી અથવા હોય છે તો જોખમી હોય છે. બાળકની સેફ્ટી માટે કોઇ રિસ્ક લઇ શકાય નહિં. માટે આવા પ્રયોગો ઓનલાઈન બતાવી શકાય.

ભણાવવા ઉપરાંત આજના સમયની જરૂરિયાત નેટબેન્કિંગ શીખવી શકાય. Mobile banking, online money transfer, online bill payment શીખવું અનિવાર્ય બની ગયું છે. આજના જમાનામાં માત્ર બેન્કની કે પોસ્ટ ઑફિસની મુલાકાત બાળકને કરાવવી પૂરતું જ્ઞાન બાળક નહીં મેળવી શકે. આજનો સમય છે નેટબેન્કિંગનો, માટે શિક્ષકે પણ તે શીખી, બાળકને તે શીખવી શકે.

**અતિશયોક્તિ સર્વત્રે ત્યજતે**

આ ડિઝિટલ ટેક્નૉલૉજીના વપરાશનો અતિરેક પણ સર્વનાશ નોતરી શકે છે. માટે તેને ધ્યાનમાં રાખી સંયમિત ઉપયોગ કરવો જોઇએ. વર્ગમાં અમુકવાર એવું જોવામાં આવે છે કે અમુક શિક્ષક ઈ-લર્નિંગની એપ્લિકેશન ડાઉનલોડ કરી પાઠ્યપુસ્તક્ના જેતે એકમનો વીડિયો કમ્પ્યૂટરમાં ચાલુ કરી બાળકોને સામે બેસાડી રાખે છે અને શિક્ષક પોતે નિષ્ક્રિય બેસી રહે છે. તેનો માત્ર સંદર્ભ સાહિત્ય તરીકે ઉપયોગ કરી શકાય. શિક્ષકનું સ્થાન ન લઇ શકે. બાળક તો જીવંત છે. તેના મનમાં પ્રશ્નો ઊઠવાના જ. પણ પ્રશ્નો પૂછે કોને ? શિક્ષક આ Teaching Aidનો ઉપયોગ કરે ત્યારે ત્યાં બાળકોની કુતૂહલતા સંતોષવા, તેના પ્રશ્નોના જવાબ આપવા ત્યાં હાજર હોવો હોઇએ. જેથી બાળક પણ નિષ્ક્રિય ન બની જાય. બાળકોની વચ્ચે-

વચ્ચે તેના વિશે ચર્ચા પણ કરવી જોઇએ. પ્રવૃતિ, પ્રયોગો, જો સાધનો ઉપલબ્ધ હોય તો live જ કરવા જોઇએ. જેથી બાળકના આશ્ચર્ય વિચારશક્તિ વધે ને બાળકનો સર્વાંગી વિકાસ સાધી શકાય.

આપણે વિવિધ પ્રકારની Online, Offline Applicationનો પણ લાભ લઇ શકીએ. જેવી કે,Online Weekly Test, Online Essay Competition, જેમાં બાળકોને સ્પર્ધા કરવા માટે રાજ્યકક્ષાનાં Competitors મળી રહે છે.

For example : હમણાં જ કેન્દ્રિય પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રાલય, દિલ્હી દ્વારા અને પ્રા.શિક્ષણ ગુજરાત રાજ્ય નિયમકશ્રીના સહયોગથી ‘સક્ષમ નેશનલ કૉમ્પિટિશન-૨૦૧૮’નું આયોજન કરવામાં આવ્યું છે. પેટ્રોલિયમ ઉત્પાદનોનું સંરક્ષણ અને પર્યાવરણનું રક્ષણ એ રાષ્ટ્ર માટે મહત્ત્વના પાસા છે. શાળા કક્ષાએ બાળકોમાં આ બાબતે જાગૃતતા આવે તે માટે વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેવી કે નિબંધ સ્પર્ધા, ક્વિઝ સ્પર્ધા, ચિત્રસ્પર્ધા, PCRAC (પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ એસોસિએશન) દ્વારા યોજવામાં આવેલી આ નેશનલ લેવલ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ સ્વહસ્તે લખીને **www.PCRACompetitions.org** પર અપલોડ કરવાની છે. આવી સ્પર્ધાઓમાં ભાગ લેવા બાળકે ક્યાંય ભણવાનું બગડીને દૂરના સ્થળે જવાની જરૂર નથી. શાળામાં જ બેસીને આખા દેશના બાળકો સાથે competitionમાં ઊભો રહી શકે છે અને પોતાનામાં રહેલી ક્ષમતાને સિદ્ધ કરવા તેનો આત્મવિશ્વાસ વધારવા એક Platform મળી રહે છે.

આજના સમયમાં સરકારી શાળામાં બાળકોની સંખ્યા જાળવી રાખવી બહુમોટી સમસ્યા છે. તેને દૂર કરવા આ Digital Technology બહુ મોટો ભાગ ભજવી શકે છે. Parent teacher communication આજે દરેક શાળામાં કરવું અનિવાર્ય બની ગયું છે. તેનાથી બાળકની પ્રગતિથી બાળકને અવગત કરી શકીએ. તેની નિયમિતતા પણ સુધારી શકાય. Parentsની ફરિયાદ, સમસ્યાઓ સાંભળીને તેનું નિરાકરણ શોધી શિક્ષક, મા-બાપ મળીને બાળકોનો ઉત્તમ વિકાસ સાંધી શકે. બાળકો વકૃત્વ સ્પર્ધા, ચિત્રસ્પર્ધા, ગીત સ્પર્ધા, કે કોઇ નાટકમાં સારું perform કર્યું હોય તો તેનો videos image, parent-teacherનું Whatsapp group બનાવી તેમાં મૂકી શકાય. કોઇ બાળક ભણવામાં નબળું હોય પણ એક સારો વક્તા હોય, સારો Sportsman હોય, સારો ચિત્રકાર હોય, એવું પણ હોય. આ પદ્ધતિથી બાળકનો અને માતા-પિતાનો આત્મવિશ્વાસ વધારી શકાય છે.

Though all these ingredients of learning are available education must be live not Robotic.

---

## ગુજરાતની સ્કૂલોમાં ફી નક્કી થાય તો શિક્ષણના સ્તરની ચર્ચા થાય

મરાઠી, રાજસ્થાની કે પછી ઉત્તર ભારતના કેટલાક રાજ્યોના બાળકો કરતાં ઘણા પાછળ રહી જાય છે.

હાલમાં ખુદની ટેલેન્ટને લીધે ઘણા ગુજરાતી બાળકોએ આ મુદ્દે પણ કાઠું કાઢ્યું છે પરંતુ એ રાજ્યોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા માટેનું એક ખાસ વાતાવરણ છેક સ્કૂલથી ઊભું કરવામાં આવે છે અને તેના માટે બાળકોને તૈયાર પણ કરવામાં આવે છે, તે ગુજરાતમાં હજી સુધી જોવા મળ્યું નથી.

કદાચ ગુજરાતી વિદ્યાર્થીઓને થોડી પણ તકલીફ ન પડે અને રાજ્યના બોર્ડની પરીક્ષાઓના પરિણામની ટકાવારી સતત ઊંચી રહે તેથી અઘરું પરંતુ સરવાળે ભવિષ્યમાં સફળતાના દ્વાર ખોલી નાખતા ભણતરથી આપણી અત્યાર સુધીની સરકારો ડરી રહી છે.

મૂળ ચર્ચા આના પર થવી જોઈતી હતી પરંતુ આપણે હજી સુધી ફી ના ચક્રવ્યૂહમાં ફસાયેલા છીએ અને ગુજરાતના બાળકોનું ભવિષ્ય ફી ના આ જ ચકરાવામાં બીજા બે વર્ષ મોડું જાગશે એવું અત્યારે તો લાગી રહ્યું છે.

**ઈ-છાપુમાંથી સાભાર**

# તાના રીરી

સોળમી સદીમાં ભકત કવિ નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઇએ પોતાની પુત્રી શર્મિષ્ઠાને વડનગર પરણાવી હતી.

શર્મિષ્ઠાને બે દીકરી હતી જેના નામ તાના અને રીરી હતાં.

તાના-રીરીએ સંગીતની આકરી સાધના કરીને રાગ-રાગિણીઓને આત્મસાત કર્યા હતા.

બંને બહેનો

ભૈરવ, વસંત, દિપક અને મલ્હાર જેવા રાગોને એકદમ ચોક્કસાઇપૂર્વક ગાઇ શકતી હતી.

સોળમી સદીના એ સમયમાં દિલ્હીના બાદશાહ અકબરના દરબારમાં નવ રત્નો હતા.

એ નવ રત્નોમાં એક તાનસેન હતા.

તાનસેન સંગીતના પ્રખર જ્ઞાની હતા, પણ તાના-રીરી જેટલા નહીં.

એક વખત અકબર બાદશાહે તાનસેનને દિપક રાગ ગાઇને દિવડાઓ સળગાવવાનું કહ્યું.

તાનસેન જાણતાં હતા કે દિપક રાગ ગાવાથી દિવડાઓ સળગી ઉઠે પણ એ સાથે એ રાગ ગાનારાના શરીરમાં પણ દાહ ઉપડે છે.

શરીરમાં ઉપડેલો એ દાહને શાંત કરવાનો એક જ ઉપાય હતો, મલ્હાર રાગ ગાઇને વરસાદ વરસાવવો!!!

તાનસેન મલ્હાર રાગ ચોક્કસાઇપૂર્વક ગાઇ શકતા ન હતા એટલે પહેલાં તો તેમણે અકબર બાદશાહને દિપક રાગ ગાવાની સવિનય ના પાડી,

પણ અકબર બાદશાહે જીદ કરી એટલે એમણે દિપક રાગ ગાયો અને દિવડાઓ એ રાગ થકી પ્રગટી ઉઠયા.

એ સાથે જ તાનસેનના શરીરમાં પણ અગન ઉપડ્યો.

તાનસેન પોતાના શરીરમાં ઉપડેલા એ અગનઝાળને શાંત કરવા મલ્હાર રાગ ચોક્કસાઇપૂર્વક ગાઇ શકતી વ્યકિતની શોધમાં નીકળ્યા.

યોગ્ય વ્યકિતની શોધ કરતાં-કરતાં તાનસેન વડનગર પહોંચ્યા અને રાત થઇ હોવાથી શર્મિષ્ઠા તળાવે મુકામ કર્યો.

વહેલી સવારે ગામની બહેનો શર્મિષ્ઠા તળાવમાં પાણી ભરવા માટે આવવા લાગી.

તાના-રીરી પણ આવી.

રીરીએ પાણીનો એક ઘડો ભર્યો જયારે તાના પાણીનો ઘડો ભરતી હતી અને ફરી પાછી ઘડાનું પાણી તળાવમાં પાછું ઠાલવતી હતી.

'તાના બહેન આ તું શું કરે છે?' કુતુહલવશ રીરીએ તાનાને પુછયું.

'રીરી, હું ઘડામાં પાણી ભરૂં છું ત્યારે પાણી ભરવાનો અવાજ આવે છે, એ અવાજ મલ્હાર રાગ જેવો નીકળશે ત્યારે જ હું ઘડો પાણીથી ભરીને ઘરે લઇ જઇશ.' તાનાએ પોતાની બહેનને જવાબ આપ્યો.

તાનાએ અલગ-અલગ રીતે ઘડામાં પાણી ભર્યુ અને જયારે મલ્હાર રાગ જેવો પાણી ભરવાનો અવાજ આવ્યો ત્યારે તે ખુશ થઇ અને ઘડો માથા ઉપર મૂકયો.

શર્મિષ્ઠા તળાવના કિનારે તાનસેન એ બંને બહેનોને નિહાળી રહ્યા હતા.

તાનાની વાત સાંભળીને તેને હાશકારો થયો.

'હું જે વ્યકિતની શોધમાં છું એ તો આ બે બહેનો જ છે.'

જે વ્યકિત પાણી ભરવાના અવાજને મલ્હાર રાગની સાથે સરખામણી કરી શકે તે મલ્હાર રાગ તો ચોક્કસાઇપૂર્વક ગાઇ શકે જ.'

તાનસેન આમ વિચારતો એ બંને બહેનો પાસે ગયો અને પોતે એક બ્રાહ્મણ છે એવી ઓળખાણ આપી

પોતાના શરીરમાં લાગેલી અગનદાહ વિશે વાત કરી.

એ અગનદાહને શાંત કરવા એ બંને બહેનોને મલ્હાર રાગ ગાવાની તાનસેને વાત કરી.

તાના-રીરીએ પોતાના પિતાની સંમતિ લઇને તળાવ પાસે આવેલા હાટકેશ્વર મહાદેવના મંદિરમાં મલ્હાર રાગ

ગાવાની શરૂઆત કરી.

તાનપુરાના તાર ઉપર નાજુક કોમળ આંગળીઓ રમવા લાગી.

તાના-રીરીએ મેઘ મલ્હાર છેડ્યો અને થોડી જ વારમાં મેઘ વરસી પડ્યો.

તાનસેનના તન અને મનનો અગનદાહ શાંત પડ્યો.

તાનસેને એ બંને બહેનોનો આભાર માન્યો.

તાના-રીરીએ આ બાબતની વાત કોઈને ન કરવાનું તાનસેન પાસેથી વચન લીધું.

થોડા સમય બાદ તાનસેન અકબરના દરબારમાં ફરી હાજર થયો ત્યારે તેના અગનદાહને શાંત પડેલો જોઈને અકબરે તેને પૂછયું, 'તાનસેન તમે તો કહેતા હતા ને કે તમારા શરીરનો અગનદાહ શાંત પડી શકે તેમ નથી તો આ ચમત્કાર કેમ થયો?'

વચનથી બંધાયેલા તાનસેને અકબર બાદશાહને ખોટી વાત કરી.

બાદશાહને સંતોષ થયો નહીં એટલે એમણે તાનસેનને મૃત્યુદંડની સજાની બીક બતાવી.

ત્યારે તાનસેને સાચી વાત જણાવી દીધી.

તાનસેનની વાત સાંભળીને અકબરે તાના-રીરીને માનભેર પોતાના દરબારમાં લાવવાનો હુકમ કર્યો.

સેનાપતિઓ તાના-રીરીને દિલ્હી લાવવા માટે વડનગર આવ્યા.

સેનાપતિઓએ બાદશાહની ઇચ્છા જણાવી પણ તાના-રીરીને કશું અઘટિત લાગતાં દિલ્હી આવવાની ના પાડી.

આથી સેનાપતિઓ તાના-રીરીને બળજબરીથી દિલ્હી લઈ જવા દબાણ કરવા લાગ્યા.

બંને બહેનોએ મનોમંથન કરી આત્મબલિદાનનો માર્ગ અપનાવ્યો.

ઈષ્ટદેવની પૂજા કરી બંને બહેનોએ અગ્નિસ્નાન કર્યુ.

તાના-રીરી વિશે તાનસેનને વાત જાણવા મળી ત્યારે તેને ખૂબ જ આઘાત લાગ્યો.

તાનસેને એ બંને મહાન બહેનોના માનમાં 'નોમ... તોમ... ઘરાનામા... તાના-રીરી...' આલાપ જગતભરમાં પ્રસિદ્ધ કર્યો.

આજે પણ સંગીતજ્ઞો કોઈપણ આલાપને ગાવાનું શરૂ કરે એ પહેલાં નોમ... તોમ... ઘરાનામા... તાના-રીરી... આલાપ ગાઈને તાના-રીરીને શ્રદ્ધાંજલિ અર્પિત કરે છે.

વડનગરમાં તાના-રીરીની દેરીઓ આજે પણ હયાત છે.

શર્મિષ્ઠા તળાવ પાસે આવેલા તાના-રીરી બગીચામાં તાના-રીરી શાસ્ત્રીય સંગીતનું આયોજન કરવામાં આવે છે જેને હજારો દર્શકો દર વર્ષે માણે છે.

---

**આમને સામને : સૌંદર્ય અને ઔદાર્ય**

નથી કહેવાયું તે પણ સમજવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરે છે.

(૧૧) બુદ્ધિશાળી માણસ જ્યારે કાંઈક કહેવાનું હોય ત્યારે બોલે છે. શાણો માણસ કહેવાનું કાંઈક હોય ત્યારે જ બોલે છે.

(૧૨) બુદ્ધિશાળી દરેક બાબતને સાપેક્ષ રીતે નિહાળે છે. ડહાપણયુક્ત દરેક બાબતને સંબંધના ત્રાજવે તોલે છે.

(૧૩) બુદ્ધિશાળી પ્રવાહ ઉપર કાબૂ રાખે છે. જ્યારે શાણો પ્રવાહને યોગ્ય રસ્તે વાળે છે.

(૧૪) બુદ્ધિશાળી ઉપદેશ આપે છે. ડાહ્યો અન્યોના હૃદય સુધી પહોંચે છે.

જીવનમાં સુખ, શાંતિ અને પ્રગતિ માટે બુદ્ધિ ઓછી હોય તો ચાલશે. પરંતુ ડહાપણ અને શાણપણ વિના જિંદગી અધૂરી રહેશે. વિદ્વતા હોય તો બુદ્ધિશક્તિ પ્રાપ્ત કરી શકાય પરંતુ બુદ્ધિથી ડહાપણયુક્ત બનાય જ તેવી કોઈ ખાતરી નથી.

**આચમન :**

*''ઊંચી બુદ્ધિને હોશિયારી ગણવામાં અનેક લોકો થાપ ખાય છે,*
*ડાહ્યા અને શાણા માણસોને કારણે દુનિયા પ્રગતિના પંથે જાય છે.''*

# વૃક્ષારોપણ

**રાજેશ બારૈયા 'વનવાસી'**

મુ.પો- બોરડા, તા-તળાજા, જિ. ભાવનગર ૩૬૪૧૩૦

**આવો સાથે મળીને સર્જીએ વન-ઉપવન,**
**ધરતી પર વાવીએ વૃક્ષોના વન.**

પર્યાવરણ પંચ મહાભૂતનું એટલે કે હવા, પાણી, જમીન, આકાશ અને અગ્નિનું બનેલ છે. ગીતાજીમાં ઉલ્લેખ છે તે મુજબ પંચ મહાભૂત એ ઈશ્વરનો જ અંશ છે. એટલે કે (પર્યાવરણ :પંચ મહાભૂત = ઈશ્વર ) પર્યાવરણને નુકસાન કરવું તે ઈશ્વરને દુઃખ લગાડવા જેવું છે અને પર્યાવરણનું જતન કરવું એ ઈશ્વરની ભક્તિ બરાબર છે.અને આજના સમયમાં આ શક્ય નથી પણ આ બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે. પર્યાવરણનો મુખ્ય ભાગ વૃક્ષ પર આભારી છે. વૃક્ષમાં પરમાત્માનો વાસ છે.વૃક્ષ થકી જીવન ઉજિયાળા. આથી પર્યાવરણની જાળવણીમાં વૃક્ષોના જંગલો આવશ્યક અને અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોકસાઈડ શોષી ઓક્સિજન એટલે કે પ્રાણવાયું આપે છે. સાથે આસપાસમાં ઠંડક આપે એટલે વિશાળ પ્રમાણમાં વૃક્ષારોપણની ખાસ જરૂરિયાત છે.આ કાર્યની જવાબદારી દરેક વ્યક્તિની છે. નહીં કે સરકાર એકલાની, વૃક્ષારોપણ માટે થોડી લાંબી દષ્ટિથી વિચારીએ અને કેવા પ્રકારના વૃક્ષો વાવવા ક્યારે અને કાળજી વગેરે બાબતો પણ ખ્યાલ રાખવો જોઈએ.

વૃક્ષો એટલે છાયા અને શીતળતા સૌંદર્ય સમૃદ્ધિ, સંપત્તિ અને રંગબેરંગી પક્ષીઓ, પતંગિયા, અવનવા કીટકો અને પ્રાણીઓથી રચાતું અનુપમ વિશ્વ આપવાને ખ્યાલ છે. વૈદિક કાળથી આપણી સંસ્કૃતિ અને આપણા જીવનના અવિભાજ્ય અંગ છે.એ વૃક્ષોના મહત્ત્વ વિશે ભાગ્યે જ કોઈ સ્પષ્ટતાની જરૂર હોય શકે .

કુદરતની આહાર કડીમાં દરેક જીવ સમૂહ એક મહત્ત્વની કડી છે અને વૃક્ષો આ કડીઓને જોડતો પાયો છે.

એક સમય એવો હતો કે પૃથ્વી પર વૃક્ષોની હરિયાળી છવાયેલ હતી ચારેય તરફ હરિયાળી હરિયાળી લહેરાતી હતી.વૃક્ષોને કારણે વરસાદ હતો અને આવા લીલા લીલોતરી વાળા પ્રદેશમાં પ્રાણીઓ, પક્ષીઓ અને જીવજંતુઓએ પોતાના આવાસસ્થાનો બનાવેલા હતા આથી સમગ્ર સૃષ્ટિ હાલના સમય કરતા સુંદર હતી કુદરતના તમામ ઘટકોથી પૃથ્વીની શોભા અનેરી હતી.

આજે આ મનુષ્ય દ્વારા સઘળું બદલાયું છે.એ પણ ખૂબ ઝડપથી વૃક્ષોના જંગલો નાશ કરવા લાગ્યો આથી વનરાજી વાળા વિસ્તારમાં સતત ઘટાડો થતો ગયો. અહીં એક વાત કહેતા ખૂબ જ દુઃખ થાય કે આપણી અણમોલ ઔષધિય વનસ્પતિની કેટલીક જાતિ પ્રજાતિ નાશ પામી અને ખૂબ મોટા પ્રમાણમાં ભયને આરે છે રેડ લિસ્ટમાં છે તો આપણાથી બનતા પ્રયત્ન કરી આ ચોમાસામાં વૃક્ષારોપણ દરેક કરીએ અને ઉછેરીએ.

વૃક્ષારોપણ માટે ધ્યાનમાં રાખવા જેવી બાબત આબોહવા, ભૌગોલિક વિસ્તાર અને પ્રાપ્ય જગ્યા પાણીની સુલભતા જેવા પરિબળ ધ્યાનમાં રાખી વનસ્પતિની પસંદગી કરવી. દેશી વનસ્પતિ આબોહવાના ફેરફાર સહન કરી શકે તે માટે ઉત્તમ અનુકૂલન ધરાવે છે. સ્થાનિક હોવાથી પક્ષીઓ માટે પણ આદર્શ છે, દેશી વૃક્ષો મોટાભાગના પાનખર હોય છે. તેથી તેમની સાથે આપમેળે ન ફેલાતા હોય અને સદાહરિત હોય તેવા વૃક્ષો પણ વાવી શકાય. વૃક્ષોમાં વિવિધતા ખૂબ જરૂરી છે. લીમડો, ગરમાળો, કદંબ, કરંજ જેવા વિવિધ વૃક્ષો પણ વાવવા જોઈએ. દરેક પક્ષીને અમુક વનસ્પતિ વધુ પસંદ પડે છે. વૃક્ષોમાં વિવિધતાથી પક્ષીઓ, પતંગિયા અને કીટકો આકર્ષાશે. વૃક્ષો એ રીતે પસંદ કરવા કે દરેક ઋતુમાં પક્ષીઓને ખોરાક મળી રહે આસોપાલવ, કાંચનાર, રાયણ, સવન, બોરસલી, પીલુ, જાંબુ, શેતૂર, ઉંબરો, પીપર , પગારો, ગુંદી, સરગવો વગેરે સાથે ખ્યાલ રાખવો

એક સરખી ઊંચાઈ વૃક્ષો સાથે નાના છોડ, વેલ, ક્ષુપ, ફૂલ -ફળ આપતા શક્ય હોય તો એકાદ બે કાંટાળા અને સાથે અશ્વગંધા, કુંવારપાઠું, અરડુસી, કામિની, તુલસી જેવા છોડ શતાવરી, મધુમાલતી, ગળો, જૂઈ, ડોડી જેવી વેલની પણ પસંદગી કરી નૈસર્ગિક વાતાવરણ ઊભું કરવું સાથે અર્જુન સાદડ, સીતા અશોક, કદંબ, શિવજટા, કોદારો, અંબાડો, આમલી, ઘાવડા વગેરે ફૂલ ફળ વાવી શકાય. તો ચાલો સાથે મળી વૃક્ષારોપણ કરીએ. હા એક વાત આપ વૃક્ષ વિશે વધુ પરિચય મેળવવા માંગતા હોવ તો મારી facebook/vanwasi kavi પર 'પ્રકૃતિ પરિચય'માં ૨૦૦થી વધારે પરિચય ફોટો સાથે મેળવી શકો. **ફરી વૃક્ષ વાવવાની અપીલ સાથે વંદે વસુંધરા.**

# સ્વતંત્ર ભારતમાં આજીવિકાની તકો અને સ્ત્રીનું સ્થાન

**ગિરીશકુમાર આઈ. પટેલ**

પરંપરાગત ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન ગૃહકાર્ય પૂરતું મર્યાદિત હતું. સ્ત્રીઓ ઘર બહારની પ્રવૃત્તિઓ કરી શકતી નહોતી. ૧૯મી સદીનાં અંત ભાગમાં સ્ત્રીના આર્થિક સ્વાતંત્ર્યનો પ્રારંભ થયો. સૌ પ્રથમ સ્ત્રીઓ માટે શિક્ષિકાનો વ્યવસાય ખુલ્લો મુકાયો, તેની સાથે જ નર્સ અને ડૉક્ટરી વ્યવસાય પણ ખુલ્લો મુકાયો. શિક્ષણના પ્રસરણ સાથે તાલીમયુક્ત વ્યવસાયોમાં સ્ત્રીઓનો પ્રવેશ વધતો ગયો. ૧૯૨૦ પછી ધંધાકીય ક્ષેત્રોમાં સ્ત્રીઓ પોતાનું સ્થાન લેવા માંડી, આમ ધીમે-ધીમે બ્રિટિશયુગના અંત સુધીમાં સ્ત્રીની ઘરબહારની આર્થિક પ્રવૃત્તિઓનો સ્વીકાર થતો ગયો. સ્વતંત્ર ભારતમાં બંધારણીય દૃષ્ટિએ સ્ત્રીઓ માટે પુરુષોની જેમ જ બધા વ્યવસાયો ખુલ્લા મૂકવામાં આવ્યા છે. ભારતીય નારીના આજીવિકા આપતા વ્યવસાય-પ્રવેશે શ્રમવિભાજન અંગેનો દૃષ્ટિકોણ બદલાયો છે. વર્તમાન ભારતમાં કામ કરતી સ્ત્રીઓ પૈકી ૮૦ટકા થી વધુ સ્ત્રીઓ કૃષિ કે પશુપાલન સાથે સંકળાયેલી છે જ્યારે કેટલીક સ્ત્રીઓ શિક્ષણ સરકારી કે ખાનગી ઑફિસો, વેપાર-વાણિજ્ય, બાંધકામ, વિદ્યુત, ગેસ, મેન્યુફેક્ચરિંગ, તાર-ટપાલ, બેંકો, વાહનવ્યવહાર, આરોગ્ય તેમજ અન્ય બુદ્ધિજીવી વ્યવસાયોમાં કામ કરતી જોવા મળે છે. સ્વતંત્ર ભારતમાં સ્ત્રીશિક્ષણમાં વધારો થતાં ઉદ્યોગીકરણ તથા વધતા જતાં સરકારી અને ખાનગી વ્યવસાયોને કારણે સ્ત્રીઓ માટે આજીવિકા મેળવવાની તકો વધી છે. સ્ત્રીઓ શિક્ષિકા, ક્લાર્ક, ટાઈપિસ્ટ, સ્ટેનોગ્રાફર, ટેલિફોન ઑપરેટર, ગ્રામસેવિકા, નર્સ, મીડવાઈફ, ડૉક્ટર, વકીલ, મેજિસ્ટ્રેટ, કલેક્ટર, પોલીસ, આર્મી તેમજ સંગીત અને કળાઓના વિવિધ ક્ષેત્રોનાં સ્થાનો પર કામ કરતી થઈ છે. ગ્રામીણ સ્ત્રીઓ ખેતીની મજૂરી, પશુપાલન અને હસ્ત ઉદ્યોગો તથા ગૃહઉદ્યોગોમાં કે પૂરક રોજગારીના વ્યવસાયો કરતી હોય છે.

વ્યવસાયમાં પ્રવેશ થતાં સ્ત્રીના સ્થાનમાં સૌથી નોંધપાત્ર પરિવર્તન એ આવ્યું છે, કે સ્ત્રીઓ આર્થિક રીતે પગભર બની છે. તેમને આર્થિક સ્વાતંત્ર્ય મળ્યું છે. સ્ત્રીઓના સામાજિક શોષણનું એક મહત્ત્વનું કારણ તેમની આર્થિક પરાધિનતા હતું. નોકરી કે વ્યવસાયથી સ્ત્રી હવે પોતાની કમાણીથી પોતાનું ભરણપોષણ કરી શકવાને સમર્થ બની છે. પોતાની સ્વતંત્ર કમાણી કરતી સ્ત્રીઓ સ્વમાનભેર પોતાનું જીવન જીવી શકે છે પોતાના વિચારો નિર્ભયતાથી વ્યક્ત કરી શકે છે. કુટુંબની આવકમાં સ્ત્રીઓની કમાણી ભળતાં કુટુંબની આર્થિક પરિસ્થિતિ સુધરે છે. બાળકોની જરૂરિયાતો વધુ સારી રીતે સંતોષી શકાય છે. સ્ત્રીઓના આર્થિક સ્વાતંત્ર્યથી તેમના પરંપરાગત સ્થાનમાં ઘણી સુધારણા થવા પામી છે.

# નાસ્તો

રવિવાર હતો. શહેરનાં પોશ એરિયામાં આવેલ ભવ્ય બંગલામાંની લોનમાં સુકેતુ સવારમાં બેઠો બેઠો મેગેઝિન્સ ઉથલાવતાં ઉથલાવતાં કૉફી પી રહ્યો હતો. પૂજાના રૂમમાં તેની પત્ની નીતા પ્રાર્થના કરી રહી હતી.

આ રોજનો ક્રમ હતો. પોતે આઠેક વાગ્યે ઊઠતો પણ નીતા સવારમાં પાંચેક વાગ્યે ઊઠી જતી.

નીતા શહેરથી થોડે દૂર આવેલ એક ગામમાં પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરતી, અને સુકેતુ શહેરનાં જાણીતા ઉદ્યોગ પતિનો એકનો એક દીકરો અને આ શહેરનો નગરપાલિકામાં પ્રમુખ. અને હવે તો તે અનેક સંસ્થાનો પ્રમુખ, અનેક ચૅરિટેબલ ટ્રસ્ટનો સભ્ય, અનેક સંસ્થામાં ટ્રસ્ટી અને કાંઈક સામાજિક સંસ્થાઓનો મોભી હતો.

સુકેતુ નાહીને બહાર આવ્યો. નીતા કિચનમાં નાસ્તો બનાવતી હતી. શક્કરપારા, સેવ મમરા, મકાઈના પૌવાનો ચેવડો, શીંગ પાક વગેરે. દર રવિવારે નીતાનો આ નિત્યક્રમ આખા અઠવાડિયાનો નાસ્તો એ રવિવારે બનાવે. બંને બાળકોના ટિફિનમાં આ ઘરનો નાસ્તો જ હોય.

સુકેતુને આ ગમતું નહિ, બીજા બાળકો જ્યારે મેગી ખાતા હોય, પફ ખાતા હોય કે પછી પિઝા ખાતા હોય ત્યારે પોતાના બાળકો આવો દેશી નાસ્તો ખાય અને એ પણ ઈન્ટરનેશલ શાળામાં એ કેવું એબ્સર્ડ દેખાય !

પછી એ નાસ્તામાંથી નીતા દરરોજ મોટા મોટા ડબ્બા ભરીને શાળાએ લઇ જાય, બપોરનું ટિફિન તો અલગ જ હોય..

એક દિવસ નીતાને કીધું : 'તું આટલો બધો નાસ્તો લઇ જાય છે તે તમે બધી શિક્ષિકાઓ નિશાળમાં બેસીને ભણાવો છો કે પછી બેઠા બેઠા નાસ્તો જ કરો છો? ત્યાં તમે કરો છો શું' ?

'બસ મજા આવે' !!! નીતાએ સ્મિત કરતાં જવાબ આપેલો...

'તમે આ થોડો નાસ્તો ચાખોને' નીતા કહેતી..

''ના બાબા આદમ ના જમાના વખતનો નાસ્તો મને ના ફાવે, હવે તો ફોરજી નો જમાનો મેડમ અને તમે હજુ ટુજીમાં જ છો, તને કંટાળો નથી આવતો આવી જિંદગી થી''?

'બસ, મજા આવે છે' નીતાનો એ જ જવાબ.. અને બને હસતા !

એક દિવસ સુકેતુ એ કીધેલું : 'હવે શું જરૂર છે આ નોકરીની?? છોડી દે અને ઘરે આરામ કર, આ રોજનું અપડાઉન,અને આપણને ક્યાં કોઈ વાતની ઘટ છે કે તારે નોકરી કરવી પડે?'

'બસ, મજા આવે છે' નીતાનો આ જવાબ સાંભળીને સુકેતુ કશું જ ના બોલ્યો... એ પણ સમજતો હતો ને માનતો હતો કે એના પગલાં થયા પછી જ એનું નામ થયું હતું.. પહેલાં એને બાપના નામે ઓળખતા હતાં અને આજે એના નામથી એના પાપા ઓળખાય છે..

સુકેતુ મોટા સમારંભોમાં જતો, શાળાઓના ઉદ્‌ઘાટનોમાં જતો. પણ, લગભગ એકલો જ જતો સજોડે જતો નહિ.. નીતાની સાદગી તેને સારી લાગતી નહિ.

'એક કામ કર તું બ્યુટીપાર્લરમાં જા થોડીક હેર સ્ટાઇલ બદલાવ, જમાના સાથે વધારે સુંદર દેખાવું જરૂરી છે' જમતાં જમતાં સુકેતુએ કહ્યું :

'તે હું તમને નથી ગમતી' નીતા એ પૂછ્યું.

'ના એમ નથી પણ લોકોને કેવું લાગે કે શહેરની જાણીતી સેલિબ્રિટીની પત્ની આવી ઓર્થોડોક્સ !!!' સુકેતુએ કહ્યું.

'પણ તે ભલે ને લાગે મારે શું, મને તો બસ, આમાં જ મજા આવે છે...

નીતાની દલીલ સામે સુકેતુ ક્યારેય દલીલ કરતો જ નહીં!! પણ મિત્રો આગળ તો સુકેતુ ખૂબ જ લઘુતા ગ્રંથિ

અનુભવતો. સમારંભોમાં સુકેતુ જતો, હાઈ હિલ્સ અને અદ્યતન મેકઅપ કરેલી સ્ત્રીઓ જોતો, એનું મન ખીન્ન થઇ જતું.. વિચારતો કે આ બધી કરતાં મારી પત્ની ખૂબ જ સુંદર..પણ એ આ રીતે તૈયાર થતી જ નથી!! રાત્રિની પાર્ટીઓમાં એ એકલો જતો, બેકલેસ બ્લાઉઝમાં અને પરફ્યુમ્સની સોડમથી મઘમઘી ઊઠેલી સ્ત્રીઓને જોતો.. પોતાને પોતાની પત્ની મીના કુમારી લાગતી..

એક વખત સુકેતુને જયપુર એક કાર્યક્રમમાં જવાનું થયેલું. કાર્યક્રમ પત્યા પછી ટ્રેને અમદાવાદ તરફ પ્રયાણ કર્યું . સાંજના આઠેક વાગી ગયાં હતાં. પોતાની સામેની બર્થ પર એક યુવાન બેઠો હતો. થોડી વાતચીત થઇ. પછી યુવાને એ પુસ્તક કાઢ્યું.પુસ્તકના પાનામાંથી એક ફોટો કાઢ્યો, ફોટાને બંને આંખોએ ભાવપૂર્વક અડાડીને ને એ વાંચવા લાગ્યો.

સુકેતુ એ પૂછ્યું કે ‘તમારા માતા-પિતાનો ફોટો છે ?’

‘ના અમને ભણાવતા એ બહેનનો ફોટો છે’... સુકેતુએ ફોટો જોયો.. એક સામાન્ય શિક્ષિકાનો ફોટો હતો. સાવ સાદો ફોટો હતો..

પછી વાત આગળ ચાલી.. પેલો બોલતો ગયો.. ‘ સાહેબ નહિ માનો પણ જે એ બહેને પ્રાથમિક શાળામાં અમને મદદ કરેલી એવી કોઈએ નથી કરી. અમને કોઈ જરૂરી વસ્તુ એ લાવી આપતાં, હું નહિ મારા જેવા અનેક વિદ્યાર્થીઓ આજે એ બહેનના ફોટા પાકિટમાં કે પુસ્તકમાં રાખે છે. મેં તો સાહેબ મારા ઘરે પણ મારા રૂમમાં પણ એક આવો મોટો ફોટો રાખ્યો છે!! ઊઠીને એના જ દર્શન થાય!!

બહેન જે છોકરા ગરીબ હોય ને તેને ખૂબ જ મદદ કરતા. સાડા ત્રણે એક રિસેસ પડે ત્યારે બહેન અમને નાસ્તો પણ કરાવતા, તમે નહિ માનો કે એણે અમારા પ્રવાસની ફી પણ ભરેલી છે,’ બોલતી વખતે મયૂરના મોઢા પર એક વિશિષ્ટ અહોભાવ છલકાતો હતો.

પછી તો ઘણી વાતો થઇ, બધા જ વિદ્યાર્થીઓ જે અત્યારે સારા હોદ્દા પર છે એણે બહેનને ભેટ આપવાનું નક્કી કરેલ પણ બહેને કીધેલું કે તમે જે રકમ આપવા માંગો છે એ રકમ નજીકની પ્રાથમિક શાળાઓમાં જરૂરિયાતમંદ બાળકોને આપો, અને બધાએ એવું જ કર્યું...!

ઘણી બધી વાતો થઇ... છેલ્લે મયુરે એ પણ કીધું કે એ આવતા અઠવાડિયે સિંગાપોર જઈ રહ્યો છે એક મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી માટે અને આજે તે બહેનને મળવા જઈ રહ્યો છે. બહુ જ આજીજી કરી ત્યારે બહેને માંડ હા પાડી છે અને બહેનને પ્રસિદ્ધિમાં જરા પણ રસ નથી... પછી શાંતિ છવાઈ ગઈ .

સુકેતુને લાગ્યું કે પોતે પોતાને એક મહાન હસ્તી ગણતો હતો પણ આજ એની સામે યુવાને જે વાત કરી એના પરથી એવું ફીલ થાય કે એ સામાન્ય શિક્ષિકા આગળ તો એ સાવ ફિક્કો જ લાગે છે!! પોતે ગમે તેટલું દાન કર્યું હોય પણ કોઈ એનો ફોટો પાકિટમાં રાખતું નથી, કે ઊઠીને એના દર્શન કરતાં નથી... ધીમે ધીમે સુકેતુને લાગ્યું કે એક ભ્રમ જે એના મનમાં હતો.. એ ઓગળી ગયો હતો..

અમદાવાદ આવ્યું.. સુકેતુએ મયૂરને કહ્યું ‘ચાલ, તારે જ્યાં જવું છે ને એ રસ્તામાં જ આવે છે. હું તને ત્યાં ઉતારી દઈશ’

સુકેતુની ઓડી કારમાં બંને ગોઠવાયાં. એક પોશ વિસ્તારમાં કાર એક બંગલાના ગેટ પાસે ઊભી રહી. મયુરનો હાથ પકડીને સુકેતુ તેને બંગલામાં લઇ ગયો અને બુમ પાડી..

‘નીતુ બહાર આવ, જો કોણ આવ્યું છે’ સાંભળીને નીતુને નવાઈ લાગી લગ્ન પછી એકાદ વરસ જ એ સુકેતુની નીતુ હતી.. પછી એ નીતા થઇ ગઈ હતી!! તે આજ ઘણા વરસે પાછું ‘નીતુ’ સાંભળવા મળ્યું..

‘અરે મયુર તું?, આવ બેટા આવ!! મયુરે નીતાના

# વિદ્યાર્થી આલમ

## અટલજીવન

**પ્રજાપતિ નિધિ ગૌતમભાઈ**

**૧૧ (ખ), જે.એન. બાલિકા વિદ્યાલય**

અટલ બિહારી વાજપેયીનો જન્મ ૨૫ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ ગ્વાલિયરમાં થયો હતો. તેમનાં પિતા કૃષ્ણબિહારી શિક્ષક હતા. કાનપુરની ડીએવી કૉલેજમાં અટલ બિહારી વાજપેયીએ રાજનીતિશાસ્ત્રમાં ગ્રેજ્યુએશન કર્યું. ૧૯૩૯માં તેઓ સંસદ સાથે જોડાયા. ૧૯૫૧માં શ્યામાપ્રસાદ મુખર્જીએ જનસંઘની સ્થાપના કરી ત્યારે અટલ સંસ્થાપક સભ્યોમાંથી એક હતા. ૧૯૮૦માં ભાજપનો પાયો નાખ્યો.

૧૯૯૬માં તે પહેલીવાર વડાપ્રધાન બન્યા. ફક્ત ૧૩ દિવસ સરકાર ચાલી. ૧૯ માર્ચ ૧૯૯૮માં ફરી વડાપ્રધાન બન્યા. માર્ચ ૧૯૯૯ના રોજ ત્રીજી વખત વડાપ્રધાન બન્યા. તેઓ નેતા હોવાની સાથે તેઓ એક કવિ પણ હતા.

તેઓ જ્યારે ૧૯૮૪માં ચૂંટણી હાર્યા હતા ત્યારે કહ્યું હતું કે,

- ''ટૂટે હુએ સપનેકી સૂને કોન સિસકી,
  અંતરકી ચીર વ્યથા પલકો પર છીઠકી
  હાર નહીં માનૂંગા, હાર નહીં ઠાનૂંગા
  કાલ કે કપાલ પર લિખતા મિટાતા હૂઁ, ગીત નયા ગાતા હૂઁ...''
- મેરે પ્રભુ, મુઝે ઈતની ઊંચાઈ કભી મત દેના
  ગેંરો કો ગલે ન લગા સકું, ઈતની રુખાઈ કભી મત દેના.
- ''મોત સે ઠન ગઈ !
  ઝૂઝને કા મેરા ઈરાદા ન થા,
  મોડ પર મિલેંગે ઈસકા વાદા ન થા,
  રાસ્તા રોક કર વહ ખડી હો ગઈ,
  યોં લગા જિંદગી સે બડી હો ગઈ. ''
- ''યે દેશ કોઈ જમીન કા ટુકડા નહીં,
  જીતા જાગતા રાષ્ટ્ર પુરુષ હૈ''

વાજપેયીને અટલ બનાવતી વાતો :-

- ૧૯૯૮ માં સરકાર બન્યાના ત્રણ જ મહિના થયા હતા. અને વાજપેયીએ પરમાણુ પરીક્ષણનો નિર્ણય લીધો. અમેરિકા વિરુદ્ધમાં હતું. તેની ગુપ્તચર સંસ્થા સેટેલાઈટથી ભારત પર નજર રાખી રહી હતી. તેને ચકમો આપી ૧૧ અને ૧૩ મે ૧૯૯૮ માં પોખરણમાં સફળ પરીક્ષણ કરાયાં.
- ૧૫ ઑગસ્ટ, ૨૦૦૩ ના રોજ વાજપેયીએ 'ચંદ્રયાન - ૧'ની જાહેરાત કરી. એ દેશનું પ્રથમ ચંદ્રયાન હતું. ૨૨ ઑક્ટોબર ૨૦૦૮ ના રોજ હરિકોટાથી લોન્ચ કરાયું. તેનું કામ ચંદ્રની પરિક્રમા કરી માહિતીઓ મેળવવાનું હતું. આ યાને ચંદ્ર પર પાણીની શોધ કરી. જે ઈસરોની સૌથી મોટી સફળતા માનવામાં આવે છે.
- પાકિસ્તાનની સેના અને આંતકીઓની સંયુક્ત ટુકડીઓ સરહદ ઓળંગીને કાશ્મીરમાં ઘૂસી ત્યારે વાજપેયીએ ફોન કરી પાકિસ્તાનના પ્રધાનમંત્રી શરીફને સમજાવ્યા. પરંતુ તેઓ માન્યા નહિં. પછી કારગીલનું યુદ્ધ શરૂ થયું. ભારતમાં સેનાને પાકિસ્તાનની સરહદમાં ઘૂસીને હુમલાની મંજૂરીની માંગ ઊઠી પરંતુ વાજપેયીએ સંયમ રાખ્યું. ઘૂસણખોરોને ખસેડવાનું શરૂ થયું. અને અંતે પાકિસ્તાનની સેનાને હથિયાર હેઠાં મૂકવા પડ્યાં.
- માર્ચ ૨૦૧૫માં તેમને ''ભારત રત્ન'' આપવામાં આવ્યો.

''મૌત કી ઉંમર ક્યા હૈ ? દો પલ ભી નહીં,
જિંદગી સિલસિલા, આજકાલ કી નહીં
મૈં જી ભર જીયા, મૈં મન સે મરું
લૌટકર આઉંગા, કૂચ સે ક્યો ડરું''

૧૬ ઑગસ્ટ, ગુરુવારના રોજ તેમનું નિધન થયું.

તેમના નિધનની પાછળ પણ એક સુંદર કવિતા છે.

"મોત ખડી થી સર પર,
ઈસી ઈન્તેજાર મેં થી
ના ઝૂકેગા ધ્વજ મેરા,
૧૫ અગસ્ત કે મોંકે પર
લહેરાને દે બુલંદ ઈસે
મૈં એકદીન ઔર લડૂંગા
મોત તેરે સે
મંજૂરી નહીં હે કભી મુઝે
ઝૂકે તિરંગા સ્વતંત્રતા કે મૌકે પર".

## કોણ મનુષ્ય ?

**શેખ રમશા અબ્દુલ રશીદ**

૮-ક, સ.કુ.-૧.

મનુષ્ય એ જે હળી-મળીને રહે.
મનુષ્ય એ જે કોઈનું દિલ ન દુભાવે.
મનુષ્ય એ જેમાં પ્રામાણિકતા હોય.
મનુષ્ય એ જે સ્ત્રીઓનું સમ્માન કરે.
મનુષ્ય એ જે ઘમંડ ન કરે.
મનુષ્ય એ જે પોતાને સર્વોપરી ન સમજે.
મનુષ્ય એ જે લાલચ ન કરે.
મનુષ્ય એ જે દરેક ધર્મને એક સમજે.
મનુષ્ય એ જે સારા કર્મો કરે.
મનુષ્ય એ જે સત્યને માર્ગે ચાલે.
મનુષ્ય એ જે પોતે શીખી બીજાને શીખવે.
મનુષ્ય એ જે આપણાથી મોટાનું આદર રાખે.
મનુષ્ય એ જે આપબળે આગળ વધે.
મનુષ્ય એ જે દરેકને ઉપયોગી હોય.
મનુષ્ય એ જે ગરીબ, અમીરમાં તફાવત ન રાખે.
મનુષ્ય એ જે ગુરુ પ્રત્યે આદર રાખે.
જેમાં આ બધા ગુણો હશે તે ખરો મનુષ્ય.



ચરણ સ્પર્શ કર્યા.

સામેની દીવાલ પર સુકેતુ અને નીતાનો સંયુક્ત ફોટો હતો તે જોઈને કહ્યું...'સાહેબ તમે મને છેક સુધી ના કહ્યું કે અમારાં બહેનના તમે પતિ છો?? ખરા છો સાહેબ તમે અને પૂરા ભાગ્યશાળી પણ છો સાહેબ'!!

'બેટા અમુક સમયે બોલવા કરતાં સંભળવામાં જ આનંદ આવે!! બસ મજા આવે!! ' સુકેતુ ભીની આંખે બોલ્યો.

બધા ફ્રેશ થયા.. બેઠા.. ચા પીધી..

મયૂર જવા રવાના થયો.. નીતા એ પૂછ્યું કે કાંઈ જરૂર તો નથી ને..

'હા બહેન એક મદદની જરૂર છે.. મને એક ડિશ એ નાસ્તો મળશે જે અમને સાડા ત્રણની રિસેસમાં મળતો!!'

'હા જરૂર ' નીતાની આંખ પણ ભીની થઇ ચૂકી હતી.. ડાઈનિંગ ટેબલ પર મયૂર બેઠો એ જૂના અને મોટા મોટા ડબ્બામાંથી નાસ્તો નીકળ્યો, શક્કરપારા, સેવ મમરા, શીગપાક વગરે!! એક મોટી ડિશમાં મયૂરને નાસ્તો અપાયો..

'મને પણ આ નાસ્તો મળી શકે??' સુકેતુ એ કહ્યું અને નીતાને નવાઈ લાગી એ બોલી : 'તમને આ ભાવશે? ફાવશે???'

'હા, અને મજા પણ આવશે ' સુકેતુ બોલ્યો અને નીતાના શરીરમાં ખુશીના દીવડા સળગી ઊઠ્યા!!

તમારા વખાણ બીજા કરે એ તો સારું જ લાગે પણ સાવ અંગત વ્યક્તિ બીજાની હાજરીમાં વખાણ કરે ને ત્યારે રોમ રોમ આનંદિત થઇ ઊઠે!!

નીતા બેયને નાસ્તો પીરસતી ગઈ ને મયૂર અને સુકેતુએ ભરપેટ નાસ્તો કર્યો..

આજે તમે એ સુકેતુનું વોટ્સએપ ચેક કરોને તો ડિસ્પ્લે પિક્ચરમાં એની પત્નીનો સાદો અને સાડીવાળો એક ફોટો છે અને એનું સ્ટેટ્સ આ પ્રમાણે છે : 'માય ડિવાઈન ડ્રીમ, માય સાઉલ્સ ક્રીમ, માય નીતુ'. જિંદગી જીવવા માટે એક સાથ હમસફરનો..

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**ધો. ૧૧ના માઈગ્રેશન માટે ડીઈઓશ્રીને સત્તા આપવામાં આવી.**

ધો. ૧૦, ૧૧ અને ૧૨ પછી ઘણાં વિદ્યાર્થીઓ અન્ય રાજ્યની શાળાઓમાં કે કૉલેજોમાં જતા હોય છે ત્યારે આવા વિદ્યાર્થીઓને માઈગ્રેશન સર્ટી લેવું પડે છે. ધો.૧૧ પછી માઈગ્રેશન માટે એલસી, પરિણામ અને ડીઈઓની કાઉન્ટર સાઈનથી માઈગ્રેશન સર્ટી નીકળી જાય છે. આવા ધોરણ ૧૧ પાસ કરીને ધો.૧૨ માટે અન્ય રાજયમાં જતાં ઘણાં વિદ્યાર્થીઓએ માઈગ્રેશન માટે બોર્ડની કચેરીમાં જવું પડતું હતું અને જે તે જિલ્લાના ડીઈઓની સહી માટે ફરીથી પાછું ડીઈઓની કચેરીમાં જવું પડતું હતું.

જેથી શિક્ષણ બોર્ડ વિદ્યાર્થીઓની સરળતા માટે તમામ ડીઈઓને ધો.૧૧ ના વિદ્યાર્થીઓને પોતાની કચેરીમાંથી માઈગ્રેશન સર્ટિફિકેટ કાઢી આપવાની સત્તા આપી છે. જેથી હવે ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓ ડીઈઓ કચેરીમાંથી માઈગ્રેશન સર્ટિફિકેટ લઈ શકશે. આ માટે કોઈ પ્રકારની તેમની પાસેથી લેવામાં આવશે નહીં. જો કે ધો. ૧૦ કે ૧૨ પછીના માઈગ્રેશન સર્ટિ બોર્ડની કચેરીમાંથી જ નીકળશે.

**બોર્ડમાં માધ્યમ પ્રમાણે સંસ્કૃતનું પેપર લખવું ફરજિયાત રહેશે.**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંસ્કૃતના પેપરને લઈને સ્પષ્ટતા કરવામાં આવી છે કે હવેથી દરેક વિદ્યાર્થીઓ પોતાના માધ્યમ પ્રમાણે જ સંસ્કૃતના પેપરમાં જવાબ લખશે. બોર્ડ પાસે સંસ્કૃતના પેપરમાં જવાબો ગુજરાતી માધ્યમમાં લખવા દેવાની રજૂઆતો આવી હતી. બોર્ડ દ્વારા તેની સ્પષ્ટ ના પાડવામાં આવી છે. બોર્ડના આ નિર્ણયથી સંસ્કૃત પ્રેમીઓ નારાજ હોય એમ જાણવા મળે છે.

**ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા બોર્ડ લેશે.**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં પ્રાયોગિક (પ્રેક્ટિકલ) પરીક્ષા બોર્ડ દ્વારા જ લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૨૦૧૯થી આ પ્રાયોગિક પરીક્ષાનું આયોજન જિલ્લા કક્ષાએ જ કરવામાં આવશે.

બોર્ડ દ્વારા કરવામાં આવેલો આ નિર્ણય ૨૦૧૯ની પરીક્ષાથી લાગુ કરાશે. આ સાથે જ વિદ્યાર્થીઓને જણાવાયું છે કે રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલું જર્નલ પણ પરીક્ષા આપતી વખતે આપવાનું રહેશે. પ્રાયોગિક પરીક્ષામાં ગેરહાજર રહેનારને ફરી પરીક્ષા આપવા દેવાશે નહીં. આ અંગેની જાણ બોર્ડ દ્વારા પરિપત્ર કરીને તમામ શાળાઓને કરાઈ છે.

**જૂના અને નવા કોર્સની સીએ ઈન્ટરનું ૨૮.૯૩ ટકા પરિણામઃ**

આઈસીએઆઈ દ્વારા મે મહિનામાં લેવાયેલી સીએ ઈન્ટર મીડિએટ કોર્સની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં જૂના અને નવાં કોર્સનું એકંદરે પરિણામ ૨૮.૯૩ ટકા રહ્યું છે. ઓલ ઈન્ડિયા ૫૦ રેન્કમાં અમદાવાદ સેન્ટરમાંથી ૧૭ વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યું છે. જૂના કોર્સમાં અમદાવાદ ચેપ્ટર સહિત સમગ્ર દેશનું પરિણામ ગયા નવેમ્બર માસના પરિણામની સરખામણીએ ઘટ્યું છે.

સમગ્ર દેશમાં જૂના કોર્સમાં બોથ ગ્રૂપમાં ૩૨૮૭૮ વિદ્યાર્થીઓમાંથી ૬૬૭૧ વિદ્યાર્થીઓ પાસ થતાં ૨૦.૨૯ ટકા પરિણામ રહ્યું છે. નવા કોર્સમાં બોથ ગ્રૂપમાં ૧૯૧૦૮ વિદ્યાર્થીઓમાંથી ૮૩.૬૯ વિદ્યાર્થી પાસ થતા ૪૩.૮૦ ટકા પરિણામ રહ્યું છે.

**નવા અને જૂના કોર્સના વિદ્યાર્થીઓનું સી.એ. ફાઈનલનું ૨૪.૮૯ ટકા પરિણામઃ**

આઈસીએઆઈ દ્વારા સીએ ફાઈનલની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં સીએ ફાઈનલનું જૂના કોર્સનું અને નવા કોર્સનું મળીને એકંદરે ઓલ ઈન્ડિયાનું પરિણામ ૨૪.૮૯ ટકા છે. બંને કોર્સમાં મળીને ઓલ ઈન્ડિયા રેન્કમાં અમદાવાદ સેન્ટરમાંથી ૧૩ વિદ્યાર્થી છે. જેમાં જૂના કોર્સમાં ટોપ ૫૦માં ૧૦ અને નવા કોર્સમાં ટોપ ૫૦ માં ૩ વિદ્યાર્થી છે.

આ જૂના કોર્સમાં સમગ્ર દેશમાંથી બોથ ગ્રૂપમાં ૨૭૭૨૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૬૮૭૧ વિદ્યાર્થી પાસ થતાં જૂના કોર્સનું ૨૪.૭૮ ટકા પરિણામ રહ્યું છે. જ્યારે નવા કોર્સની પરીક્ષામાં સમગ્ર દેશમાંથી બોથ ગ્રૂપમાં ૯૩૬ વિદ્યાર્થીઓ બેઠા હતા. જેમાંથી ૨૬૬ વિદ્યાર્થીઓ પાસ થતાં તેનું ૨૮.૪૨ ટકા પરિણામ રહ્યું છે.

**નવરાત્રિનું મિની વેકેશનઃ**

રાજ્ય સરકાર દ્વારા શાળાઓ માટે નવરાત્રિના દિવસો દરમિયાન રજાઓ જાહેર કરવામાં આવી છે. અગાઉ નવરાત્રિમાં તા. ૧૫થી ૨૧ ઑક્ટોબર સુધી વેકેશન રહેવાની જાહેરાત કરવામાં આવી હતી. જેને રદ કરીને હવે તમામ શાળા-કૉલેજોમાં નવરાત્રિનું વેકેશન તા. ૧૦ થી ૧૭ સુધીનું રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

**ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા સંશોધન પર ભાર અનિવાર્યઃ**

કેસીજી (નોલેજ કોન્સેર્ટિયમ ઑફ ગુજરાત) ખાતે ઉચ્ચ શિક્ષણ ગુણવત્તા સુધારણાના હેતુ સાથે ''ક્વૉલિટી ઈમ્પ્રૂવમેન્ટ ઈન હાયર એજ્યુકેશન'' વિષય પર સેમિનાર યોજાયો હતો. જેમાં રાજ્યના શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, ''શિક્ષણ સુધારણા માટે સંશોધન અનિવાર્ય છે.''

વિશ્વભરમાં શિક્ષણને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે ત્યારે આપણે શિક્ષણ આપતી વખતે વિવિધ વિષયોમાં રહેલી સંશોધન અંગેની ગંભીરતાને અત્યંત જવાબદારી પૂર્વક નિભાવવી પડશે.

**સ્પોર્ટસ્ માટે શાળાનો સિલેબસ ૫૦ ટકા ઘટાડાશેઃ**

દેશમાં સ્પોર્ટસ્‌ને પ્રોત્સાહન આપવા માટે આગામી વર્ષથી શાળામાં સ્પોર્ટ્સનો એક પિરિયડ દરરોજ ફરજિયાત રખાશે અને અભ્યાસક્રમ ૫૦ ટકા ઘટાડવામાં આવશે તેમ કેન્દ્રિય મંત્રી રાજ્યવર્ધન રાઠોડે જણાવ્યું હતું.

**સ્પોર્ટસ શાળાઓ માટે ૨૦૦ કરોડઃ**

સરકાર પાસે દેશમાં આ વર્ષે ૨૦ સ્પેશિયલ સ્પોર્ટ્સ સ્કૂલો છે. તે પ્રત્યેક સ્કૂલો પાછળ કેન્દ્ર સરકાર ૭ થી ૧૦ કરોડ રૂપિયાનું ભંડોળ ફાળવશે. એટલે કે આ સ્કૂલો પાછળ અંદાજે ૨૦૦ કરોડ સુધીનું ભંડોળ ફાળવવામાં આવશે.

**સિવિલ સર્વિસ પરીક્ષામાં ઉંમરની મર્યાદા ૩૨ વર્ષની કરાઈઃ**

મળતી માહિતી અનુસાર યુપીએસસીએ એક ઑગસ્ટ ૨૦૧૮થી સિવિલ સેવા પરીક્ષા માટે મહત્તમ વયમર્યાદા ૩૨ વર્ષની કરાઈ છે. કેન્દ્રિય મંત્રી ડૉ. જીતેન્દ્રસિંહે આ અંગેની વાત કરતા કહ્યું હતું કે અનામતના વર્ગના ઉમેદવારોને નિયમ ઉંમરમાં છૂટછાટ મળશે.

**ટૂંકાવીને....**

- પાંચ દેશની આઠ યુનિવર્સિટીમાં જી.ટી.યુ. (ગુજરાત ટેક્નૉલૉજિકલ યુનિવર્સિટી) એ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧ થી શરૂ કરેલા ઈન્ટરનેશનલ એક્સપિરિયન્સ પ્રોગ્રામ હેઠળ ૧૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે.
- માધ્યમિક શિક્ષકો માટેની પરીક્ષા TAT ૧.૪૭ લાખ ઉમેદવારોએ આપી.
- સરકારી મેડિકલ ડેન્ટલની ફી ૬ હજારથી વધારી ૨૫ હજાર કરાઈ.

# સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓની ઝાંખી

## સ્વાતંત્ર્ય દિનની ઉજવણી











## શૈક્ષણિક ગુજરાતી ફિલ્મ 'બેક બેન્ચર'નું પ્રમોશનલ









Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા • સપ્ટેમ્બર - ૨૦૧૮ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- • વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-



## શિક્ષણનું ખરું કામ

મનુભાઈ પંચોળી

ભણાવવું એટલે શું ?
ભણાવવું એટલે જ્ઞાન આપવું અને સાથે મરદાનગી આપવી. આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવવાનું છે. આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી, એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને અન્યાય-નિવારણ માટે લડત આપે.
શિક્ષણનું ખરું કામ આ છે : ભણેલો માણસ શૂરવીર હોય.
સેવા પણ એને માટે જ છે : સેવામાંથી મરદાનગી પ્રગટ થવી જોઈએ.
સામાન્ય માણસમાં નૂર પ્રગટવું જોઈએ. શિક્ષણ, સાહિત્ય અને સેવાએ જે કરવાનું છે તે આ છે. શિક્ષણ ખાતર શિક્ષણ નહીં, સાહિત્ય ખાતર સાહિત્ય નહીં, સેવા ખાતર સેવા નહીં. તે ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ. માણસ બેઠો થવો જોઈએ. આવી તાકાત જો ન નીપજતી હોય, તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું.

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.